સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ


વાર્ષિક લવાજમ
રૂા. ૧૨૫/-
નવેમ્બર, ૨૦૨૧

## અમેરિકા ખાતે સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરમાં

# શ્રી નીલકંઠ વર્ણીની

## ભવ્ય અને અપૂર્વ ધાતુ-મૂર્તિની પ્રતિષ્ઠા





# પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ
# મહંત સ્વામી મહારાજના નૂતન વર્ષના આશીર્વાદ

## આશીર્વાદ

સ્વામી શ્રીજી
પ.પૂ. પ્રમુખ સ્વામી
<u>દિવાળી અને નવા વર્ષના</u>
<u>શુભ દિવસો.</u>

સારંગપુર
૨.૧૦.'૨૧
શનિવાર
ગાંધી જયંતી

પ્રતિ, BAPS ના
તમામ ભક્તો

ખરેખર, આપણને મહારાજ સ્વામીની પ્રાપ્તિ થઈ છે તેથી કોઈ મોટી પ્રાપ્તિ આપણા માટે છેજ નહી. કેવી દયા! આપણા ઉપર, એમની. આ બ્રહ્માંડમાં તેઓ પધાર્યા અને બીજુ તો શું. આપણા ભેગા ભળી ગયા. આપણા જેવીજ બધીજ ક્રિયા કરી. આપણને કેવા સજાતી થયા. કયાં કીડી અને કયાં હાથી ત્યારે મેળ પડયો. ગમે તેટલા પ્રયત્ન કરો. આકાશ પાતાલ એક કરો પણ મહારાજ સ્વામી, અનંત કલ્પ વીત્યા, એક બે લાખ કરોડ કલ્પ નહી, પણ અનંત કલ્પ ત્યારે પણ મળ્યા એવા ન હતા પણ તેમનેજ દયા કરી અને મળ્યા. એટલે આ દયાનો પૂરે પૂરો લાભ લઈ લેવો એટલે સત્સંગ કરી લેવોજ એટલા માટે દેહ મળ્યો છે. દેહનો વ્યવહાર તો અનંત જન્મથી ચાલે છે અને ચાલવાનો છેજ. પણ સત્સંગ કરી લેવો.

બેસતા વર્ષ અને દિવાળીના સર્વેને જય શ્રી સ્વામિનારાયણ. બધાજ તને-મને-ધને સુખી થશો. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખ સ્વામી મહારાજના નવા વર્ષે આશીર્વાદ છે.

જય શ્રી સ્વામિનારાયણ.

સાધુ કેશવજીવનદાસ ના નવા વર્ષે
જય શ્રી સ્વામિનારાયણ



શતાબ્દી પ્રકાશમાળા

સંપાદકીય

# શ્રી નીલકંઠ વર્ણીનાં ચરણે એક વિનમ્ર ભાવાંજલિ...

ભારત તપસ્વીઓ, જોગીઓ, જતિઓ, સાધુ-સંતો, સિદ્ધો અને સાધકોની ભૂમિ છે. આ એક એવી આધ્યાત્મિક ભૂમિ છે, જ્યાં ભોગને બદલે ભેખ લઈને યુવાનો પરમ સત્યની ખોજ માટે નીકળી પડ્યા છે, જેમણે ઘર-સંસાર-પરિવારને છોડીને પરમ લક્ષ્ય - પરમાત્મા મેળવવા માટે કઠોર સાધનાઓ કરી છે, તપશ્ચર્યા કરી છે.

હજારો વર્ષોની એ ત્યાગની પરંપરાએ ભારતને અનેક મહાપુરુષોની ભેટ આપી છે, જેઓ વિશ્વને હંમેશાં ત્યાગ, તિતિક્ષા, સેવા, સંયમ, સત્સંગ અને ભક્તિની શાશ્વત પ્રેરણાઓ આપતા રહ્યા છે અને આપતા રહેશે.

એવા હજારો મહાપુરુષોમાં જેઓ કરોડોનાં હૈયે સાક્ષાત્ પરમાત્મા તરીકે સ્થાન ધરાવે છે એ પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમણે આપેલી પ્રેરણાઓ ક્યારેય વીસરાશે નહીં.

એમાંય, અનેક મુમુક્ષુઓનાં કલ્યાણ માટે કિશોરવયે શ્રી નીલકંઠ વર્ણી તરીકે એમણે કરેલી કઠોર ભારત-યાત્રા ઇતિહાસનાં પૃષ્ઠોમાં અમર રહેશે.

અહીં યાદ આવે છે, એમની અજોડ માનસરોવર યાત્રા.

સન ૧૭૯૨ના નવેમ્બર માસના એ દિવસો હતા.

પુરાણકાળથી ભારતીયોનું મસ્તક જ્યાં અહોભાવપૂર્વક નમસ્કાર કરતું રહ્યું છે એ બદરીનાથ ધામ બરફની શ્વેત ચાદર ઓઢીને શાંત થઈ ચૂક્યું હતું. સિદ્ધો, જોગીઓ, જતિઓ હિમાલયની ગોદમાં ગુફાઓમાં ઢબુરાઈને ધ્યાનલીન થઈ ચૂક્યા હતા.

વિશ્રામલીલામાં પોઢેલા ભગવાન શ્રી બદરીવિશાલ, ચલસ્વરૂપે ઉદ્ધવજીની મૂર્તિમાં પ્રાણ મૂકીને પાંચ હજાર ફૂટ નીચે, અલકનંદાના તટે, પાંડુકેશ્વર ગામમાં બિરાજી ગયા હતા.

હિમાલયની ગોદમાં ગુંજતા 'જય બદરીવિશાલ'ના જય ધ્વનિઓ હવે છ મહિના સુધી શાંત જ રહેવાના હતા. છ મહિના સુધી જોશીમઠથી હિમશિખરો વચ્ચે થઈને બદરીનાથ સુધી જતી પગદંડીઓ માનવરહિત સૂની સૂની થઈ રહેવાની હતી.

હિમાલયનાં શિખરો વચ્ચેથી ઊછળતા કૂદતા નાના મોટા જળપ્રપાતો થીજીને સ્થિર થઈ જવા લાગ્યા હતા. એટલું જ નહીં, હિમાલયની પગદંડીઓ પર અજગરની જેમ કાળમુખા બર્ફીલા ગ્લેશિયર બનીને અડ્ડો જમાવવા



“

**અમે કેટલાક માસ સુધી તો વાયુ ભક્ષણ કરીને રહ્યા તથા ત્રણ-ચાર ગાઉના પહોળા પાટવાળી એક નદી હતી તેને વિષે એક વાર શરીર તણાતું મેલ્યું તથા શિયાળો, ઉનાળો અને ચોમાસું તેને વિષે છાયા વિના એક કૌપીનભર રહેતા તથા ઝાડીને વિષે વાઘ, હાથી તથા અરણાપાડા તેની ભેળે ફરતા...**

**– ભગવાન શ્રી સ્વામિનારાયણ**

”

## ક્રમિકા


૩. શતાબ્દી પ્રકાશમાળા - સંપાદકીય

૬. માનસરોવરના અજોડ યાત્રી બાળયોગી નીલકંઠ – સાધુ અક્ષરવત્સલદાસ

૨૦. મહાકાળ શિયાળામાં માનસખંડમાં નીલકંઠની પદયાત્રા – સાધુ અક્ષરવત્સલદાસ

૨૯. બાળયોગી નીલકંઠની અજોડ કેદાર-બદરી યાત્રા અને બદરી-ગંગોત્રી યાત્રા – સાધુ અક્ષરવત્સલદાસ

૩૪. અમેરિકા ખાતે અક્ષરધામમાં શ્રી નીલકંઠ વર્ણી મહારાજની ૪૯ ફૂટ ઊંચી ભવ્ય ધાતુ-મૂર્તિની વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ

૪૪. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૫૨. સારંગપુર ખાતે યોજાયો સત્સંગદીક્ષા આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠી સેમિનાર

૫૫. દુબઈ એક્સ્પો-૨૦૨૦માં સૌને આકર્ષી રહ્યું છે - બી.એ.પી.એસ. હિન્દુ મંદિર, અબુધાબી

૫૭. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગઢડા, સારંગપુર, બોચાસણ મંદિરમાં દર્શનાર્થે

૫૮. અક્ષરવાસ


લાગ્યા હતા.
અલકનંદાનો ઘુઘવાટ મધુરતા છોડીને હવે એકલતાથી પીડાઈ બિહામણો બની રહ્યો હતો.
યુગોથી ભારતીય ભક્તિપરંપરાની પ્રિય રહેલી આ પગદંડી, કાતિલ બરફવર્ષાથી હવે મૃત્યુની મંઝિલ બની ગઈ હતી.
અધૂરામાં પૂરું, આકાશમાંથી વાદળાંઓ ક્રૂર બનીને વરસી રહ્યાં હતાં, પાણી નહીં પણ હિમ!!
બંદૂકમાંથી છૂટતી ગોળીઓની પેઠે બરફના કરાઓ પહાડો પર આક્રમણ કરી રહ્યા હતા.
સૂ....સૂ.... કરતો ઠંડોગાર હેમાળો વાયરો હિમશિખરોને અથડાઈને વધુ કાતિલ બનીને આમતેમ ઘુમરાઈ રહ્યો હતો. અને અચાનક...
ઉત્તરાખંડનાં ઉત્તુંગ હિમશિખરોની જડ કાયામાં જાણે એક ધ્રુજારી પસાર થઈ ગઈ. કડાકા ને ભડાકા સાથે ગર્જનાઓ થવા લાગી. હિમગિરિની કાયામાંથી ભેખડો ધસવા લાગી. એક મહાકાય ભેખડ ધસીને કોઈ અજાણ્યા ૧૧ વર્ષીય બાળયોગીનાં માસૂમ ચરણો પાસે અટકી ગઈ. પ્રતિક્રિયામાં માત્ર ‘હરે... હરે...’નો મંજુલ બાળસ્વર હિમાલયમાં ગુંજી ઊઠ્યો.
આ કાતિલ ઋતુમાં, આ મૃત્યુના પંથ પર ક્યાં જઈ રહ્યો છે આ બાળયોગી? ૧૧ વર્ષના ફૂલ જેવા બાળકને શું સૂઝ્યું? ઉઘાડા પગે! ખુલ્લા શરીરે! ખુલ્લા મસ્તકે! મોતની આ પગદંડી પર, આ બાળયોગી એક અતુલનીય ઇતિહાસ કંડારવા જ આવ્યો હતો કે શું?
એ હતા શ્રી નીલકંઠ વર્ણી.
ફૂલસમી એની આંખોમાં દૃઢ નિશ્ચય ઝગારા મારતો હતો. બર્ફીલી ધરતી પર ચાલી ચાલીને છોલાઈ ગયેલા ઉઘાડા કોમળ પગ જડ થઈ ગયા હતા, પરંતુ એ લોહી નીંગળતા ચરણની અડગતા હિમાલય કરતાં પણ વધુ મક્કમ હતી.
ન કોઈ સાધન, ન કોઈ સહારો, અને ન કોઈ ઉષ્માનો અંગારો!
ન કોઈ વૃક્ષની છાયા, ન કોઈ આસનની માયા!
ન કશું અન્ન, ન કોઈ ફળ, માત્ર વાયુનો આહાર!
છ-છ મહિના સુધી માણસનો જ્યાં અવાજ માત્ર ન સંભળાય એવી બર્ફીલી પહાડીઓ પર એણે સતત ચાલ્યા જ કર્યું...
કયું હતું એનું લક્ષ્ય? શા માટે નીકળ્યો હતો આ બાળયોગી?
લક્ષ્ય હતું કૈલાસ-માનસરોવર.
યાત્રાનો આરંભ કર્યો હતો અયોધ્યાથી. અયોધ્યા પાસેનું નાનકડું પવિત્ર છપિયા ગામ, એ એનું જન્મ સ્થાન. માતા ભક્તિમાતા, પિતા ધર્મદેવને ૧૦ વર્ષ સુધી પોતાના સાંનિધ્યનું દિવ્ય સુખ આપીને, તેમની દિવ્યગતિ બાદ, આ લાડકવાયા પુત્રે આ વનવિચરણનો કઠોર માર્ગ ચોક્કસ હેતુપૂર્વક લીધો હતો.
વિશ્વ-ઇતિહાસનાં પન્નાંઓ પર આ એકમાત્ર યાત્રા એવી છે કે જે કેવળ ૧૧ વર્ષના બાળકે કરી છે અને આવનારા યુગો સુધી અજોડ જ રહેવા સર્જાઈ છે.
ઇતિહાસનાં કેટલાંય પ્રકરણો આજ

સુધી માનવબુદ્ધિ માટે અગમ્ય અને રહસ્યમય રહ્યાં છે. એનાથી પણ સવિશેષ એક રહસ્યમય પ્રકરણ એટલે માત્ર ૧૧ વર્ષના બાળક નીલકંઠની માનસરોવર યાત્રા અને ગંગોત્રી યાત્રા. હિમાલયનો ખોળો ખૂંદવા નીકળેલા કંઈક જોગી-જતિઓ અને સાહસવીરોની સઘળી ગાથાઓમાં બાળક નીલકંઠની ગાથા એક અને અદ્વિતીય છે.

વિશ્વના આજ સુધીના ઇતિહાસમાં નોંધાયેલી તમામ સાહસયાત્રાઓમાં નીલકંઠની માનસરોવર-યાત્રા વિશ્વભર માટે સાહસ, શૌર્ય, અટલ નિશ્ચય અને નિઃસ્વાર્થ કલ્યાણભાવનાની ચિરંતન પ્રેરક ગાથા બની રહેશે.

આજથી ૨૨૮ વર્ષ પહેલાં સન ૧૭૯૩ની સાલમાં જાન્યુઆરી-ફેબ્રુઆરી માસમાં એટલે કે હિમાલયના કાતિલ શિયાળામાં નીલકંઠે ખેડેલી માનસરોવર યાત્રાની સ્મૃતિ કરતાં, સંશોધનાત્મક-રોમાંચક વિગતો સાથે આ અંક પ્રસ્તુત છે.

નીલકંઠની માનસરોવર યાત્રાની સાથે ગંગોત્રી યાત્રા પણ એટલી જ રોમાંચક છે. આ બંને યાત્રાઓ પર આજ સુધી કેટલાંક વણઊઘડ્યાં પ્રકરણો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. પૂર્વે સન ૨૦૦૫માં સ્વામિનારાયણ પ્રકાશમાં આ સામગ્રી પ્રકાશિત કરવામાં આવી હતી. તેને અહીં પુનઃ પ્રકાશિત કરીએ છીએ.

તેનું નિમિત્ત છે - તાજેતરમાં અમેરિકા ખાતે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે, તેઓના અનુગામી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે શ્રી નીલકંઠ વર્ણીની ૪૯ ફૂટ ઊંચી મૂર્તિની કરેલી પ્રતિષ્ઠા.

વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજે બાળયોગી નીલકંઠની અખિલ ભારતયાત્રા પર એક અભૂતપૂર્વ અને અજોડ આઈ-મેક્સ ફિલ્મનું સર્જન કરીને વિશ્વભરમાં નીલકંઠની અદ્વિતીય પ્રતિભાને ઉજાગર કરી હતી. એ જ શૃંખલામાં તેઓના આશીર્વાદથી રચાયેલી શ્રી નીલકંઠ વર્ણીની એનિમેશન વીડિયો શ્રેણી પણ લાખો લોકોને નીલકંઠની અજોડ પ્રતિભાનું દર્શન કરાવે છે. નીલકંઠના અનંત ઉપકારો બદલ તેમનાં ચરણે અપાયેલી એક સૌથી મોટી ભાવાંજલિ છે - અમેરિકાની ધરતી પર રચાયેલા વિરાટ સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરમાં સ્થપાયેલી શ્રી નીલકંઠ વર્ણીની ૪૯ ફૂટ ઊંચી ધાતુમૂર્તિ. આ મૂર્તિ સ્થાપવાનો બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો સંકલ્પ તેઓની શતાબ્દીએ પૂર્ણ કરીને નોર્થ અમેરિકાના બી.એ.પી.એસ. સમાજે પ્રમુખસ્વામી મહારાજને પણ એક વિનમ્ર ભાવાંજલિ અર્પણ કરી છે. આવનારા અનેક સૈકાઓ સુધી તપોમૂર્તિ શ્રી નીલકંઠની એ તપોમય મુદ્રાનાં દર્શને લાખો ભાવિકો વિશ્વભરમાંથી ઊમટતા રહેશે, સૌનાં અંતરમાં પવિત્ર પ્રેરણાઓ ઊભરાશે અને એક જ નાદ સંભળાશેઃ જય નીલકંઠ!

'સ્વામિનારાયણ પ્રકાશ'નો આ અંક પણ શ્રી નીલકંઠ વર્ણીનાં ચરણે એક ભાવાંજલિ અર્પે છે. જય નીલકંઠ!

- સાધુ અક્ષરવત્સલદાસ ◆


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥





गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૩, અંક : ૧૧, નવેમ્બર, ૨૦૨૧**

**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી

**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપકઃ** સાધુ નિખિલેશદાસ

**મૂળ વાર્ષિક લવાજમ** : રૂ. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂ. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**

**Website:**
**www.baps.org, magazines.baps.org**

યુગો જૂના પ્રાકૃતિક તીર્થ કૈલાસ-માનસરોવરના અજોડ યાત્રી

# બાળયોગી

# નીલકંઠ વર્ણી



યુગોથી મુમુક્ષુઓને જેનું નિરંતર આકર્ષણ રહ્યું છે એ હિમાલયની ગોદમાં લપાયેલું તીર્થ કૈલાસ-માનસરોવર એટલે વિશ્વમાં સૌથી ઊંચાઈએ આવેલું તીર્થ.
પુરાણયુગથી પ્રસિદ્ધ આ તીર્થની પદયાત્રા કરવાનું આજના સુવિધા સજ્જ યુગમાં પણ દુર્ગમ અને કઠિન છે ત્યારે, આજથી સવા બસ્સો વર્ષ પહેલાં, કાતિલ શિયાળામાં, ખુલ્લા પગે અને ખુલ્લા શરીરે એ માનસ-યાત્રા કરનાર બાળયોગી શ્રી નીલકંઠ વર્ણીની યાત્રા કેવી અકલ્પનીય હશે!
૧૧ વર્ષની વયે બાળયોગી શ્રી નીલકંઠ વર્ણી તરીકે ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલી માનસ-યાત્રાનાં એ અજોડ ઇતિહાસપૃષ્ઠોનો અહીં આસ્વાદ છે...

■ સાધુ અક્ષરવત્સલદાસ



હિન્દુઓ માટે યુગોથી 'ભૂતલ-સ્વર્ગ' મનાતું કૈલાસ અને માનસરોવરનું પ્રસિદ્ધ તીર્થ હિમાલયમાં મધ્ય-પશ્ચિમ તિબેટમાં(પ્રાચીન નામ ગંગદેશ) રત્નમણિની જેમ શોભી રહ્યું છે. વિશ્વનાં તમામ સરોવરોમાં સૌથી વધુ મનમોહક, સૌથી વધુ સૌંદર્યવંતું અને લાગણીઓને સૌથી વધુ ઝકઝોળતું સરોવર એટલે માનસરોવર. બ્રહ્મસર તરીકે પ્રાચીન ભારતમાં જાણીતું અને ૧૫,૦૦૦ ફૂટ ઊંચાઈએ આવેલું આ મીઠા પાણીનું સરોવર, પૃથ્વી પરનું એક વિશિષ્ટ તીર્થ છે - જેનાં જળ અંતઃસલિલા રૂપે ચાર-ચાર નદીઓનું ઉદ્ભવસ્થાન મનાય છે. હજારો વર્ષ પુરાણા વૈદિક સમયથી ભારતની ધરતી પર વહ્યા કરતી શતદ્રુ(સતલજ), સિંધુ, બ્રહ્મપુત્ર અને સરયૂ(કરનાળી) – આ ચાર મહા-નદીઓની જન્મભૂમિ આ માનસખંડ છે. પુરાણોમાં વર્ણિત ભસ્માસુર જ્યાં ભસ્મ થયો હતો તે તીર્થપુરી, લંકાધીશ રાવણે જ્યાં શિવની તપશ્ચર્યા કરી હતી તે રાવણહ્રદ કે રાક્ષસતાલ, અને જ્યાં ચક્રવર્તી સમ્રાટ માંધાતાએ વિરક્તિનો માર્ગ લઈ, કઠોર તપ કર્યું હતું તે માંધાતા પર્વત, આ માનસખંડના ભાગરૂપે આજેય વિશિષ્ટ પ્રેરણાની ભૂમિ બની રહ્યાં છે.

જ્યાં પ્રકૃતિનું નિરંતર તાંડવ ચાલી રહ્યું છે તે કૈલાસ[૧] અને માનસરોવરનું મહિમાગાન કરતાં સનાતન ધર્મનાં અનેક શાસ્ત્રો-પુરાણો-ઇતિહાસગ્રંથો સેંકડો પૃષ્ઠો રચે છે. શ્રીમદ્ ભગવદ્ગીતા[૨] કૈલાસ પર્વતને ભગવાનના વિભૂતિ સ્વરૂપ તરીકે વર્ણવતાં કહે છેઃ 'मेरुः शिखरिणामहम्' અર્થાત્, પર્વત-શિખરોમાં હું કૈલાસ(મેરુ) છું.

એક વાર દત્તાત્રેય ઋષિ વિંધ્યાચળથી લઈને હિમાલય સુધીનું અવલોકન કરી માનસરોવર પધાર્યા. અહીં સ્નાન કરીને રાજહંસોનાં દર્શન કર્યાં બાદ તેમણે કૈલાસની ગુફામાં શિવ-પાર્વતીને પૂછ્યુંઃ 'સમગ્ર જગતમાં પવિત્રમાં પવિત્ર સ્થાન કયું છે?' શિવજીએ પ્રત્યુત્તરમાં કહ્યું હતુંઃ 'સૌથી પવિત્ર એ હિમાલય છે, જેમાં કૈલાસ અને માનસરોવર આવેલાં છે.' આવી અનેક પૌરાણિક કથાઓ સાથે વાલ્મીકિ રામાયણના કિષ્કિંધાકાંડ અને બાલકાંડમાં[૩], મહાભારતના ભીષ્મપર્વ-વનપર્વ-દ્રોણપર્વ-અનુશાસનપર્વ વગેરેમાં જેનું ભરપેટ વર્ણન કરવામાં આવ્યું છે તે કૈલાસ અને માનસરોવર હજારો વર્ષોથી હિન્દુઓની આસ્થાનું પવિત્ર ધામ રહ્યાં છે. ઉત્તરપુરાણ અનુસાર જૈનોના આદિ તીર્થંકર ઋષભદેવે તપસ્યા કરતાં કરતાં દેહત્યાગ કૈલાસ પર્વત પર જ કર્યો હતો. મેઘદૂત[૪] અને અન્ય અમર મહાકાવ્યોનું સર્જન કરનાર કાલિદાસ જેવા મહાકવિઓ માટે પણ કૈલાસ-માનસરોવરની અદ્ભુત શોભા કવિત્વનો અતિ આહ્લાદક વિષય બની રહ્યો છે.

આ પ્રદેશની યાત્રાએ આવનાર અનેક યુરોપિયન પ્રવાસવીરો તેની શોભા પર ઓવારી ગયા છે. માનસરોવર અને કૈલાસની પ્રાકૃતિક ભવ્યતા કેવી છે? એ વિશે આજથી એક સદી પહેલાં સન ૧૯૦૬માં હિમાલયનો ખોળો ખૂંદનાર સ્વીડનના વિશ્વવિખ્યાત સંશોધક ડૉ. સ્વેન હેડિન લખે છેઃ 'There is no finer ring on earth than which bears the names of Manasarovar, Kailas and Gurla Mandhata; it is a turquoise set between two diamonds. The grand impressive silence which reigns around the inaccessible mountains, and the inexhaustible wealth of crystal-clear water which makes the lake the mother of the holy rivers... Whoever is of a pure and enlightened mind and bathes in the waves of Manasarovar attains thereby to a knowledge of the truth concealed from other mortals.'[૫]

અર્થાત્ સમગ્ર પૃથ્વીમાં એવી કોઈ વીંટી નથી, જેમાં માનસરોવર, કૈલાસ અને માંધાતા પર્વતનું જડતર થયું હોય; કૈલાસ અને માંધાતા પર્વતના બે હીરાઓ વચ્ચે માનસરોવરનું પીરોજ(એક પ્રકારનું વાદળી રત્ન) પરોવાયેલું છે! અહીં અગમ્ય પર્વતોના પ્રદેશમાં ભવ્ય અને પ્રભાવક શાંતિનું સામ્રાજ્ય છવાયેલું છે, સ્ફટિક જેવા સ્વચ્છ જળની અખૂટ સંપત્તિથી માનસરોવર પવિત્ર નદીઓનું ઉદ્ગમ સ્થાન બને છે. કોઈપણ પવિત્ર અને પ્રબુદ્ધ માનવી માનસરોવરના જળમાં સ્નાન કરે છે ત્યારે નશ્વર જગતમાં ધરબાયેલું સત્યજ્ઞાન તેને લાધે છે.

માનસરોવરનાં પ્રથમ દર્શને જ આ સ્વીડીશ તબીબ ડૉ.

---

૧. केलीनाम् समूहः कैलम् तेन आस्यते स्थीयते इति कैलासः, (आस् उपवेशने)। અર્થાત્ જ્યાં આનંદ(શિવ) અને પ્રકૃતિ(હિમાલયપુત્રી પાર્વતી)ની નિરંતર તાંડવક્રીડા ચાલી રહી છે તે કૈલાસ છે.

૨. ભગવદ્ગીતા : ૧૦/૨૩.

૩. સુગ્રીવ વાનરોને કહે છે : 'ભયાનક વનને પાર કરીને તમે આગળ જશો ત્યારે હિમમંડિત શ્વેત કૈલાસ પર્વતને જોઈને તમે અતિ પ્રસન્ન થઈ જશો.' तत्तु शीघ्रमतिक्रम्य कान्तारं रोमहर्षणं- कैलासं पांडुरं प्राप्य हृष्टा यूयं भविष्यथ। (किष्किंधाकांड : ४३-२०) આ ઉપરાંત ૪૩-૨૧માં માનસરોવરનું વિસ્તૃત વર્ણન પણ આપવામાં આવ્યું છે.
कैलासपर्वते राम मनसा निर्मितं परम्।
ब्रह्मणा नरशार्दूल तेनेदं मानसं सरः॥ (बालकांड, २४-८).

૪. પૂર્વાર્ધ, ૬૦.

૫. Sven Hedin, 1910, Vol. 3. p. 189.

હેડિન એટલા બધા અભીભૂત થઈ ગયા હતા કે તેમની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી હતી.[૬]

આથી હેડિન લખે છે: ‘Kailas is the Olympus of the old Hindu world, the scene of action of the heroic figures of mystic poetry.’

બ્રિટિશ ભારતના ‘સર્વે ઑફ ઇન્ડિયા’ના સંશોધક સાહસવીરો એસ. જી. બરાર્ડ અને એચ. એચ. હેડન પોતાના પુસ્તકમાં લખે છે: ‘Manasarovar was the first lake known to geography. Lake Manasarovar is famous in Hindu mythology; it had in fact become famous many centuries before the lake of Geneva had aroused any feeling of admiration in civilized man. Before the dawn of history Manasarovar had become the sacred lake and such it has remained for four millennium.’[૭]



આજથી બે સદી પહેલાં આ વિરલ યાત્રામાં નીલકંઠે જે અસહ્ય કષ્ટોનો સામનો કર્યો હતો, એ સામાન્ય માનવી માટે માત્ર કલ્પનાનો જ વિષય છે. એ માટે નીલકંઠના પથ પર ચાલેલા વિરલ યાત્રિકોના અનુભવોનો સંશોધનાત્મક અભ્યાસ કરવો જ ઘટે. તો જ બાળયોગી નીલકંઠની અનન્ય પ્રતિભાના પ્રદેશની કંઈક ઝાંખી કરી શકાય.

અર્થાત્ ભૂગોળમાં નોંધાયેલું સૌથી પ્રથમ સરોવર માનસરોવર છે. પ્રસિદ્ધ જીનિવા સરોવર કરતાં સદીઓ પહેલાં માનસરોવર આદરણીય બની ચૂક્યું હતું. ઇતિહાસનો ઉદય થયો તે પહેલાં, માનસરોવર પવિત્ર સરોવર તરીકે ખ્યાતિ પામી ચૂક્યું હતું, છેલ્લાં ૪૦૦૦ વર્ષથી એનું મહત્ત્વ એવું જ રહ્યું છે.

સમગ્ર આર્યાવર્ત યુગોથી જે પ્રદેશ માટે અનહદ આસ્થા ધરાવતો રહ્યો છે, જીવના જોખમે પણ ભગવાનને ખોળવા નીકળેલા જોગીઓ, જતિઓ, સંન્યાસીઓ, મુમુક્ષુઓનાં જુગ-જુગ જૂનાં તપ આજેય જ્યાં ભક્તિનાં આંદોલનો પ્રસરાવે છે, એ ઉત્તરાખંડ, વિશ્વની એક અજોડ સાધનાભૂમિ છે. કોઈપણ વ્યક્તિને આ સાધનાભૂમિનાં આંદોલનો અનુભવાય છે. ૩૨ વખત માનસરોવરની યાત્રાએ જઈને ત્યાં મહિનાઓ વિતાવનાર સંશોધક સ્વામી પ્રણવાનંદજી લખે છે: ‘From the spiritual point of view, she has a most enrapturing vibration of the supreme order that can soothe and lull even the most wandering mind into sublime serenity and can transport it into involuntary ecstasies.’[૮]

આધ્યાત્મિક દૃષ્ટિએ, માનસરોવરનાં આંદોલનો અત્યંત દિવ્ય અને ચિત્તને પ્રફુલ્લિતતાથી ભરી દેનારાં છે, જે ગમે તેવા ભમેલા મનને પણ અપાર શાંતિ, ઉન્નત નિર્મળતા અને સહજ પરમાનંદમાં રમમાણ કરી દે છે.

બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી, યમુનોત્રીથી લઈને છેક માનસરોવર સુધીના એ પવિત્રતમ પ્રદેશ પર સન ૧૮૮૨માં ગેઝેટિયર તૈયાર કરનાર પ્રસિદ્ધ સંશોધક એડવિન ટી. એટકિન્સન લખે છે: ‘‘Nature in her wildest and most rugged forms bears witness to the correctness of the belief that here is the home of ‘the great god’... All the aids to worship in the shape of striking scenery, temples, mystic and gorgeous ceremonial and skilled celebrants are present, and he must indeed be dull who returns from his pilgrimage unsatisfied.’’[૯]

પ્રકૃતિની વિલક્ષણતા હિમાલયનાં આ તીર્થોમાં ભગવાનનું નિવાસસ્થાન હોવાની માણસને પ્રતીતિ કરાવે છે. આ પવિત્ર યાત્રાધામમાંથી જે માણસ અસંતુષ્ટ પાછો ફરે, તે નક્કી બુદ્ધિહીન જ હોઈ શકે!

કૈલાસ અને માનસરોવરની આ જુગજુગ જૂની પવિત્ર તીર્થભૂમિની યાત્રાએ આવનારા તપસ્વીઓ, મુમુક્ષુઓ, સાહસિકો અને સૌંદર્યપ્રેમીઓની હારમાળામાં, એક વિરલ યાત્રી હતા – નીલકંઠ.


આજથી બે સદી પહેલાં સન ૧૭૯૨-૯૩માં માત્ર ૧૧ વર્ષની ઉંમરે ‘નીલકંઠ’ નામ ધારીને ભગવાન સ્વામિનારાયણે માનસરોવરની એ દુર્ગમ યાત્રા ખેડી હતી. આ વિરલ યાત્રામાં નીલકંઠે જે અસહ્ય કષ્ટોનો સામનો કર્યો હતો, એ

૬. એજન, p. 190-191; Sven Hedin, 1910, Vol. 2. p. 111.

૭. S.G. Burrard and H.H. Hayden, *A Sketch of the Geography and Geology of the Himalaya Mountain and Tibet*, Delhi, Survey of India (1934), Part 3, p. 228.

૮. Swami Pranavananda. 1st ed. p. 7.

૯. E.T. Atkinson. *Religion in the Himalayas,* (1974), p. 23.



શંકરમઠ અથવા જ્યોતિર્મઠ, જોશીમઠ. બદરીનાથના પૂજારી રાવલનું નિવાસસ્થાન,
અહીંથી નીલકંઠે માનસરોવરની યાત્રાનો આરંભ કર્યો હતો...

સામાન્ય માનવી માટે માત્ર કલ્પનાનો જ વિષય છે, પરંતુ આ કલ્પનાને ચોક્કસાઈભર્યો આધાર આપવો હોય તો નીલકંઠના પથ પર ચાલેલા વિરલ યાત્રિકોના અનુભવોનો સંશોધનાત્મક અભ્યાસ કરવો જ ઘટે. તો જ બાળયોગી નીલકંઠની અનન્ય પ્રતિભાના પ્રદેશની કંઈક ઝાંખી કરી શકાય.

સન ૧૭૧૫માં માનસરોવર વિશે કંઈક અંશે નોંધપાત્ર અહેવાલ પ્રગટ કરનાર સર્વપ્રથમ યુરોપિયન પ્રવાસી હતા - ફાધર ડેસીડેરી(Desideri).[૧૦] નીલકંઠે માનસરોવરની યાત્રા આરંભી એ જ વર્ષે એટલે કે સન ૧૭૯૨ના મે મહિનામાં કાશીના પુરાણપુરી[૧૧] નામના એક સાધુએ પોતાની સાહસભરી માનસરોવર-યાત્રાના અનુભવો અંગ્રેજ અધિકારી શ્રી જોનેથન ડંકન(Duncan) પાસે વર્ણવ્યા હતા. Asiatic Researches નામના સામયિકમાં[૧૨] *An Account of Two Fakirs* લેખમાં જોનાથન ડંકને પ્રકાશિત કરેલા પુરાણપુરીના અનુભવો ભલભલાને અચંબો પમાડે તેવા હતા. જો કે પુરાણપુરી અને ડેસીડેરીએ લીધેલો કાઠમંડુથી માનસરોવર જવાનો માર્ગ, નીલકંઠ વર્ણીએ લીધેલા માર્ગની સરખામણીએ ઘણો જ સરળ હતો અને ઋતુ પણ ખૂબ જ અનુકૂળ હતી.

એ જ અરસામાં સન ૧૭૯૨માં ઑગસ્ટ માસમાં 'પૂર્ણ સ્વતંત્ર બ્રહ્મચારી પ્રકાશાનંદ' નામના એક સંન્યાસીએ પણ જોનાથન ડંકન સમક્ષ માનસરોવર-યાત્રાના સ્વાનુભવો વર્ણવ્યા હતા.[૧૩] સન ૧૭૯૬માં સ્વામી હરવલ્લભ નામના સાધુએ પણ માનસરોવર-યાત્રા કરી હતી. ઈંગ્લેન્ડના પ્રવાસવીર ડૉ. વિલિયમ મૂરક્રોફ્ટ અને કેપ્ટન હર્સીને આ સ્વામી હરવલ્લભે ભોમિયા તરીકે નીતિ ઘાટીથી માનસરોવરની યાત્રા કરાવી હતી.[૧૪] કલકત્તાના અંગ્રેજ ગવર્નર લોર્ડ વોરન હેસ્ટીંગ્સે દુભાષિયા તરીકે રાખેલા પુરાણગિર નામના વિખ્યાત પંડિતે પણ સન ૧૭૭૩માં કૈલાસ-માનસરોવરની યાત્રા કરી હતી. સન ૧૮૦૮માં અંગ્રેજ અધિકારી કેપ્ટન એફ. વિલ્ફર્ડે પુરાણગિર પાસેથી સાંભળેલી માનસરોવરની દુર્ગમ યાત્રાનો અહેવાલ *'Essay on the Sacred Isles in the West'* નામના લેખમાં પ્રકાશિત કર્યો હતો.[૧૫] આ ઉપરાંત ૧૮મી, ૧૯મી અને

૧૦. Sven Hedin, 1910, Vol. 3. p. 196.
૧૧. તેઓ કનોજના ક્ષત્રિય રાજપૂત હતા. તેઓ 'ઊર્ધ્વબાહુ' સાધુ હતા.
૧૨. Asiatic Researches. (1808), Vol. 5, p. 37–52.
૧૩. એજન, 1808, Vol. 5, p. 49.
૧૪. Sven Hedin, 1910, Vol. 3. p. 212-216.
૧૫. *Asiatic Researches.* (1808), Vol. 5, p. 37-52.

૨૦મી સદીના આરંભે પણ કેટલાક યુરોપિયન તથા ભારતીય પ્રવાસવીરોએ સંશોધનવૃત્તિથી માનસરોવરની યાત્રા કરીને તેનાં ઐતિહાસિક વર્ણનો પ્રકાશિત કર્યાં હતાં. અહીં એવાં કેટલાંક ઐતિહાસિક વર્ણનો અને માહિતીઓનાં પ્રમાણભૂત સંશોધનો સાથે નીલકંઠની માનસરોવરની યાત્રાને સમજવાનો એક નમ્ર પ્રયાસ છે.

જો કે પૂર્વોક્ત સાહસવીર યાત્રીઓ અને નીલકંઠની તુલના બિલકુલ અસ્થાને છે. ગળામાં દૂરબીન લબડાવીને અનેક સાધન-સુવિધાઓથી સજ્જ થઈને નીકળી પડતા હિમાલયના આધુનિક પ્રવાસીઓ અને નીલકંઠ વચ્ચે આસમાન-જમીનનું અંતર છે. છેલ્લાં ૨૦૦ વર્ષના પ્રકાશિત થયેલા રેકોર્ડ્સ રાષ્ટ્રીય ગ્રંથાગારો અને આર્કાઈવ્ઝમાં ઉપલબ્ધ છે. યાત્રિકો કેવી રીતે આ પ્રદેશની યાત્રાએ નીકળ્યા છે? કાતિલ ઠંડીથી રક્ષણ આપે તેવાં પગથી શિખા સુધીનાં વસ્ત્રો, બર્ફીલી પહાડીઓ પર પગને સ્થિર કરી શકે એવાં પગરખાં, ખાવા-પીવાની પૂરતી સામગ્રી, ભોમિયાઓ, નકશાઓ, જરૂરી દવાઓ, તંબુઓ અને રાવટીઓ, ઓઢવા-પાથરવાની પૂરતી વ્યવસ્થા અને આ બધા સામાનને ઊંચકવા માટે અશ્વો, ખચ્ચરો, યાક કે ભોટિયા મજૂરો – આ બધું એમને માટે અનિવાર્ય હતું. અને નીલકંઠ? શું હતું એમની પાસે? હાથમાં માળા અને કમંડલ, શરીર પર કૌપીન અને આચ્છાદનનું એક ટૂંકું વસ્ત્ર, જટા સાથે ખુલ્લું મસ્તક, ખુલ્લા પગ, સાથે ભોજનની-આવાસની-ઓઢવા-પાથરવાની કોઈ જ સામગ્રી નહીં, સાથે કોઈ સંગાથી નહીં કે કોઈ ભોમિયો નહીં. કુદરતના આ સૌથી વિલક્ષણ પ્રદેશની યાત્રા ખેડનાર અસંખ્ય યાત્રિકોના ઇતિહાસમાં, ૧૧ વર્ષની ઉંમરના બાળયોગી નીલકંઠ એકમાત્ર યાત્રી એવા છે કે જેમણે હિમાલયના કાતિલ શિયાળામાં, જીવન-જરૂરિયાતની કશી સાધન-સામગ્રી વિના, ખુલ્લા શરીરે અને ઉઘાડા પગે આ અતિ ઠંડા પ્રદેશની યાત્રા ખેડી છે. વળી, માનસરોવરના અધિકાંશ યાત્રીઓ નીલકંઠની સરખામણીએ ખૂબ સરળ માર્ગે અને સાનુકૂળ ઋતુમાં ત્યાં ગયા હતા. ડૉ. સ્વેન હેડિન સહિત લગભગ બધા જ યુરોપિયન સાહસિક પર્વત-પ્રવાસીઓએ મહદંશે એવો જ માર્ગ પસંદ કર્યો હતો કે જે માર્ગે અશ્વો(pony) દ્વારા છેક સુધી જઈ શકાય તેવી સરળતા હોય, યાક કે તિબેટી ઘેટાંઓ પર જરૂરી સામાનનો ભાર સાથે લઈ જઈ શકાય.

એટલે જ, બાળયોગી નીલકંઠની એ યાત્રા વિશ્વની એક અજોડ ઐતિહાસિક ઘટના બની રહી છે.

સાનુકૂળ ઋતુમાં પૂરી સજ્જતા સાથે અને માર્ગમાં ઠેર ઠેર આશ્રયસ્થાનોની સાધન-સંપન્ન વ્યવસ્થા હોવા છતાં, આજના જમાનામાં પણ માનસરોવરની યાત્રાનાં પ્રાકૃતિક કષ્ટો સહેવાનું સામાન્ય માણસ માટે અઘરું બની રહે છે. તેનાથી બિલકુલ વિપરીત, બાળક નીલકંઠ સૌથી પ્રતિકૂળ ઋતુમાં, આશ્રયસ્થાનો કે સાધન-સગવડ વિના એકલા કઈ રીતે આ પ્રદેશમાં વિચર્યા હશે?

## નીલકંઠની માનસરોવર-યાત્રાનો પ્રારંભ

છેલ્લાં ૨૦૦ વર્ષોથી માનસરોવર વિશે પ્રકાશિત થયેલાં ગૅઝેટિયરો અને અહેવાલો જણાવે છે કે માનસરોવરની યાત્રાએ જવાનો સમય જુલાઈથી સપ્ટેમ્બર દરમ્યાન છે. જ્યારે નીલકંઠે માનસરોવર-યાત્રાનો આરંભ જ કર્યો હતો - નવેમ્બરમાં! સન ૧૭૯૨માં નીલકંઠે જોશીમઠથી માનસરોવર તરફની યાત્રાનો પ્રારંભ ૧૭ નવેમ્બરના રોજ કર્યો હતો.[૧૬] એ પૂર્વે તા. ૨૪-૯-૧૭૯૨ના રોજ તેઓ બદરીનાથ(સમુદ્રતલથી ઊંચાઈ ૧૦,૨૦૦) આવ્યા હતા. અહીં ૨૦ દિવસ સુધી રોકાઈને કાર્તિક સુદ ૧ના દિવસે તેમને બદરીનાથથી સીધા જ માનસરોવર જવું હતું. પરંતુ આ દિવસથી સતત છ માસ માટે ભારે બરફવર્ષા અને ઠંડીને કારણે બદરીનાથનાં દ્વાર બંધ થતાં હતાં. બદરીનાથ અને તેથી ઉપરનો સમગ્ર હિમાલયનો પ્રદેશ બરફની વર્ષામાં ઢબુરાઈ જાય છે. પરિણામે તમામ બદરીનાથવાસીઓ આ જીવલેણ ઠંડીથી બચવા માટે ૬ મહિના સુધી ૫,૦૦૦ ફૂટ નીચે જોશીમઠ કે પાંડુકેશ્વર પહોંચી જાય છે. એટલે જ અહીંથી વિદાય લેતાં પહેલાં બદરીનાથના મુખ્ય પૂજારી રાવળ ભક્તિભાવપૂર્વક બાળ નીલકંઠને સમજાવીને પોતાની સાથે નીચે જોશીમઠ લઈ આવ્યા હતા.[૧૭] પરંતુ નીલકંઠ તો માનસરોવર સુધી જવા માટે કૃતનિશ્ચયી હતા. એટલે રાવલના ભક્તિભાવને લીધે થોડો સમય રોકાઈને તેમણે જોશીમઠથી માનસરોવર તરફ પ્રયાણ કર્યું.

ભારતથી માનસરોવર જવાના જુદા જુદા ૧૨ માર્ગો છે.[૧૮] એ પૈકી કયા માર્ગે નીલકંઠ વર્ણીએ માનસરોવરની યાત્રા ખેડી હશે તે વિશે સંપ્રદાયના ઐતિહાસિક ગ્રંથો મૌન સેવે છે. નીલકંઠની આ યાત્રા વિશેનું પ્રમાણભૂત વર્ણન આપતાં હરિચરિત્રામૃતસાગર ગ્રંથ માત્ર એટલું જ નિર્દેશે છે કે જોશીમઠથી નીકળીને માનસરોવર જતાં પહેલાં નીલકંઠ વર્ણી બદરીવનમાં નર-નારાયણ ઋષિના આશ્રમમાં એટલે કે બદરિકાશ્રમમાં આવ્યા હતા અને ત્યાંથી નીલકંઠ

૧૬. હર્ષદરાય ત્રિ. દવે, (સન ૧૯૮૭), ભાગ-૫, પૃ. ૫૬૭.
૧૭. સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિ. वाराणसी : (૧૯૭૨) પૃ. ૩૬૪.
૧૮. Swami Pranavananda. 1st ed. p. 111-145.

માનસરોવર પહોંચ્યા હતા.[૧૯]

આ બદરીવન ક્યાં આવ્યું?

## બદરીવનનો ભૌગોલિક નિર્દેશ

બદરીવન કે બદરિકાશ્રમ એટલે પૌરાણિક કથાઓ મુજબ નર-નારાયણ દેવની દિવ્ય તપોભૂમિ. બદરીવનના અધિપતિ નર-નારાયણ ઋષિ અને તેના તપસ્વીઓ દિવ્ય-આત્મિક ભૂમિકાએ હોવાથી તેઓ અને તેમની તપોભૂમિ બદરિકાશ્રમ સામાન્ય માનવી માટે અગોચર છે. આમ છતાં, પૌરાણિક વર્ણનોના આધારે સંશોધકોએ ભૌગોલિક દૃષ્ટિએ બદરીવનનો પ્રદેશ નિશ્ચિત કર્યો છે. આ ભૌગોલિક પ્રદેશ હિમાલયમાં જ આવેલો છે. તેના કેટલાક સંદર્ભો અભ્યસનીય છે.

'ધ હિમાલયન હેરીટેજ'માં વર્ણવ્યા મુજબ, નંદપ્રયાગથી ઉપર આવેલા કણ્વ આશ્રમથી લઈને છેક સતોપંથ પર્વત (બદરીનાથથી ઉત્તર-પશ્ચિમમાં ૨૩ કિ.મી. દૂર) સુધીનો પ્રદેશ એ જ બદરીવન, એ જ બદરિકાશ્રમ.[૨૦]

નર-નારાયણ ઋષિના આશ્રમની ભૌગોલિક સ્થિતિ વિશે પ્રસિદ્ધ સામયિક 'કલ્યાણ'નો તીર્થાંક પણ કેટલીક સ્પષ્ટતા કરે છે. તીર્થાંક મુજબ, બદરીનાથના મંદિરની બરાબર પાછળ ઊંચા પર્વત પર ઊર્વશીકુંડ છે. ત્યાં પહોંચવાનું અતિ કઠિન છે. તેનાથી પણ ઉપર જઈને કૂર્મતીર્થ પહોંચાય છે. તેથી પણ ઉપર નર-નારાયણ આશ્રમની ભૂમિ આવેલી છે. સ્કંદપુરાણમાં શિવજી કહે છે કે 'તેને હું જ જાણું છું, બીજું કોઈ જાણતું નથી. એટલે જ જીવ પ્રાર્થે છે કે 'जन्मान्तरार्जित महादुरितान्तरायो... त्वाऽमागतोऽस्मि शरणं बदरीवनेऽस्मिन्।' જન્મોના અંતરાયો ઓળંગી ભૌતિક શરીર છોડી હે બદરીપતે! તમારા શરણમાં આવ્યો છું.'

શું આ નર-નારાયણ આશ્રમની ભૂમિ એ જ પુરાણ સાહિત્યમાં વર્ણવેલી બદરીપતિ નર અને નારાયણ ઋષિની દિવ્ય તપોભૂમિ હશે? તીર્થાંક વર્ણવે છે કે આ માર્ગ સામાન્ય માનવી માટે અતિ દુર્ગમ છે.[૨૧] હરિચરિત્રામૃતસાગર પણ એમ જ વર્ણવે છે કે નર-નારાયણના આશ્રમ સુધી સામાન્ય મનુષ્ય પહોંચી જ શકતો નથી.[૨૨]

બદરીવન વિશેની બીજી વિભાવના પણ લક્ષમાં લેવા યોગ્ય છે. બદરીનાથ અને કેદારનાથ વચ્ચેની પર્વતમાળાનો અભ્યાસ કરતાં(જુઓ નકશો: પૃ. ૩૦) જણાય છે કે હાલના બદરીનાથ મંદિરની ઉત્તર-પશ્ચિમ દિશામાં સતોપંથ પર્વત પાસે નર અને નારાયણ નામના પર્વતો આવેલા છે. આ બંને પર્વતોની પાછળ પશ્ચિમમાં કેદારનાથ પર્વત (ઊંચાઈ: ૨૨,૭૭૦ ફૂટ) આવેલો છે. નર-નારાયણ પર્વતના આ પ્રદેશમાં જવા માટેનો બહુ જ ઓછો જાણીતો અને અતિ દુર્ગમ માર્ગ કેદારનાથ પર્વત પાસેથી પસાર થાય છે, જ્યાંથી આરવા નદી થઈને છેક બદરીનાથ ધામ સુધી પહોંચાય છે.[૨૩] આ ભૌગોલિક સ્થિતિને લક્ષમાં રાખીને હવે નીલકંઠની આ યાત્રાનું વર્ણન કરતાં હરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં આપેલું વર્ણન ચકાસીએ. હરિચરિત્રામૃતસાગરની[૨૪] નોંધ પ્રમાણે, નીલકંઠ વર્ણી બદરીવન પધાર્યા ત્યારે દિવ્ય ભૂમિકાએ રહેલા નર-નારાયણ ઋષિ નીલકંઠને કહે છે: 'અહીં સુધી કોઈ જ મનુષ્ય આવી શકતો નથી. કેદારનાથ લઈ આવે તો જ મનુષ્ય અહીં સુધી પહોંચી શકે છે.'[૨૫]

આનો એક ગર્ભિતાર્થ એમ પણ લઈ શકાય કે નર-નારાયણ પર્વતના પ્રદેશમાં આવેલ નરનારાયણ ઋષિના આશ્રમ ને કેદારનાથ પર્વત વચ્ચે કોઈક ભૌગોલિક નિકટતા છે.

એક વધુ સંદર્ભ મુજબ, હિમાલયમાં સતોપંથ પર્વતની પશ્ચિમે ૧૦ માઈલના અંતરે પશ્ચિમ દિશામાં 'ભરતખંડ'

---

૧૯. સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિ. वाराणसी : (१९७२) पृ. ३६६-३७७.

૨૦. Jagdish Kaur. (1987) 1st ed., p. 224
બદરીવનની અન્ય એક કથા પુરાણ સાહિત્યમાં આ રીતે પણ વર્ણવવામાં આવી છે. હિમાલયમાં હાલના બદરીનાથથી ઉત્તરમાં ઉપર આવેલ સતલજ નદીના કિનારે આદિ બદરી સ્થાન હતું. આજે તે સ્થાન થુલીંગમઠ તરીકે જાણીતું છે. યુગો પૂર્વે અહીં તપ કરતા નારાયણના પ્રદેશમાં કેટલાક જંગલી ભ્રષ્ટ લોકોએ માંસાહાર કર્યો, એટલે નારાયણ ત્યાંથી નીકળીને અલકનંદાના તટે માના પાસે આવી તપ કરવા લાગ્યા. હિમાલયની હિમવર્ષા વચ્ચે ખુલ્લામાં તપ કરતા પોતાના ઈષ્ટદેવ નારાયણની સેવા માટે લક્ષ્મીજીએ બદરી(બોરડી)ના વૃક્ષનું સ્વરૂપ ધારણ કર્યું અને નારાયણને માથે છત્ર થઈને વ્યાપી ગયા. આથી આ સ્થાનને નારાયણે 'બદરિકાશ્રમ' નામ આપ્યું. ધીમે ધીમે અહીં બદરીનાં વૃક્ષો ફેલાઈ ગયાં. સન ૧૮૮૨માં એડવીન ટી. એટકિન્સન નામના પ્રસિદ્ધ બ્રિટિશ ઈતિહાસ લેખક 'હિમાલયન ગૅઝેટિયર'(૨૩)માં લખે છે કે અહીં પહેલાં બદરીનાં એટલે કે બોરડીનાં ખૂબ વૃક્ષો થતાં હશે, પરંતુ હાલમાં તે જોવા મળતાં નથી.

૨૧. हनुमानप्रसाद पोद्दार, तीर्थांक, गोरखपुर, १९५७, पृ. ६०.

૨૨. સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિ. वाराणसी : (१९७२) पृ. ३७०, २-१८-१८.

૨૩. 'Both the Satopanth and Kedar peaks were scaled from the Gaumukh side and the shortcut to Badrinath via Arva valley and Ghastoli was also negotiated.'
– Swami Pranavananda, 1949, First Edition, p. 158


૨૪. નીલકંઠ વર્ણીએ મુક્તાનંદ સ્વામીને સ્વમુખે પોતાનું વૃત્તાંત કહ્યું હતું. મુક્તાનંદ સ્વામીની એ નોંધ પરથી આ હિન્દી કાવ્યગ્રંથ રચાયો છે.

૨૫. સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિ. वाराणसी : (१९७२) पृ. ३७०, २-१८-१८.

નામનો ભૌગોલિક પ્રદેશ પણ વર્ણવવામાં આવ્યો છે.[૨૬] બદરીપતિ નર-નારાયણ ઋષિને સંપ્રદાયનાં શાસ્ત્રો અને પૌરાણિક સાહિત્યમાં 'ભરતખંડના રાજા' તરીકે પણ સંબોધવામાં આવ્યા છે.[૨૭] બદરીવનમાં નીલકંઠ વર્ણી પધાર્યા ત્યારે નર-નારાયણ ઋષિના આશ્રમનું વર્ણન કરતાં સિદ્ધાનંદ મુનિ લખે છે[૨૮]: ભરતખંડમાં[૨૯] આ આશ્રમ જેવું કોઈ સ્થાન નથી.

આવા સંદર્ભોનો સરવાળો કરતાં એટલું ચોક્કસ લાગે છે કે નીલકંઠ વર્ણી બદરીવનમાં નર-નારાયણના આશ્રમમાં પધાર્યા, તે બદરીવન એટલે બદરીનાથની ઉત્તર-પશ્ચિમમાં ૨૩ કિ.મી. દૂર સતોપંથ પર્વત પાસે આવેલો નર અને નારાયણ પર્વતોનો જ પ્રદેશ. આ જ પ્રદેશમાં કોઈક દિવ્ય અને અગોચર ભૂમિકાએ બિરાજીને નર-નારાયણ ઋષિ તપશ્ચર્યા કરે છે. આધુનિક બદરીનાથ ધામ આ જ અગમ્ય પ્રદેશનો એક ભૂભાગ છે.

જોશીમઠથી નીકળેલા નીલકંઠ બદરીવનમાં નર-નારાયણ ઋષિના આ આશ્રમમાં પહોંચ્યા ત્યારે કાર્તિક વદ ૮ ને તા. ૭-૧૧-૧૭૯૨નો દિવસ હતો.[30] હરિચરિત્રામૃતસાગર નોંધે છે કે બાળક નીલકંઠે આ બદરીવનની ભૂમિમાં ત્રણ માસ[31] તપશ્ચર્યામાં વિતાવ્યા! ત્યારબાદ ફેબ્રુઆરીના પ્રથમ અઠવાડિયા દરમ્યાન તેમણે અહીંથી માનસરોવર તરફ પ્રયાણ કર્યું. ભગવાન સ્વામિનારાયણની હયાતીમાં જ હિમાલયમાં માનસરોવર સુધી પ્રવાસ કરનાર લેખક જેમ્સ બેઈલી ફ્રેઝર (James Baillie Fraser, Esq.) સન ૧૮૨૦માં ઈંગ્લેન્ડથી પ્રકાશિત થયેલ પુસ્તક *'The Himala Mountains'*માં આ બર્ફીલા પ્રદેશના માર્ગોનું વર્ણન કરતાં લખે છે: 'These are all so dangerous and toilsome that few but the wildest inhabitants of the most inhospitable regions choose to invade their deserts of eternal rock and snow, where no living thing is seen, and no means are to be obtained for preserving life.'[૩૨]



સન ૧૯૪૬માં ઉત્તરકાશીના વિદ્વાન સંન્યાસી સ્વામી પ્રબોધાનંદજી અને અન્ય પાંચ સંન્યાસીઓએ ભોમિયા સાથે ગૌમુખથી બદરીનાથ વચ્ચે આવી ઊંચાઈએ હિમનદો ઓળંગ્યા હતા. આ પૂર્વે પણ નીલકંઠે એ જ માર્ગે ગ્લેશિયરો ઓળંગ્યા હતા. એ કેવા કષ્ટદાયક હોય છે!

આ એટલા બધા ખતરનાક અને જોખમી માર્ગો છે કે આ દુર્ગમ પ્રદેશમાં રહેતા જૂજ જંગલવાસીઓ બરફ અને પથ્થરોના રણને ઘેરી લે છે. કારણ કે ત્યાં કોઈ જીવંત વસ્તુ જોવા મળતી નથી અને જીવન ટકાવી રાખવા માટે કોઈ સામગ્રી પણ ઉપલબ્ધ નથી.

બ્રિટિશ અધિકારી ટ્રેઈલ (Trail) લખે છે: 'An interval of four months without a fall of snow is rare. Snow begins to fall about the end of September and continues to accumulate to the beginning of April. It is intensely cold during this period... In open and level situtaions, unaffected by drifts or avalanches, the bed of snow reaches at its maximum depth from 6 to 12 feet...'[33]

અર્થાત્ અહીં બરફવર્ષા વિનાનો ચાર મહિનાનો ગાળો ભાગ્યે જ સંભવે છે. સપ્ટેમ્બરના અંતમાં અથવા શરૂ થતી બરફવર્ષા છેક એપ્રિલ સુધી વધતી જ રહે છે. આ સમયગાળામાં ઠંડી કાતિલ હોય છે. સામાન્ય સાનુકૂળ સંજોગોમાં હિમપ્રપાત અને જળપ્રવાહથી અલિપ્ત બરફના ગંજ બાર-બાર ફૂટની મહત્તમ ઊંચાઈએ પહોંચી જાય છે. જાણીતા લેખક રાયપતિરામ બહાદુર સન ૧૯૦૦માં પોતાના પુસ્તક *'Garhwal, Ancient and Modern'*માં નોંધે છે કે ડિસેમ્બરથી એપ્રિલના અંત સુધી આ પ્રદેશ ભેંકાર, શ્વેત બરફની ચાદરથી આચ્છાદિત અને બિલકુલ માનવવસ્તી વિનાનો હોય છે.[૩૪]

બારે માસ બરફથી ઢંકાયેલા રહેતા હિમાલયને ઓળંગીને સન ૧૯૨૯ના જુલાઈમાં સ્વામી તપોવનજી અને સ્વામી કૃષ્ણાશ્રમજીએ માનસરોવરની યાત્રા કરી હતી. આ વિદ્વાન

૨૬. Rai Pati Ram Bahadur. (1992), p. 17.
૨૭. હર્ષદરાય ત્રિ. દવે, (સન ૧૯૮૭), ભાગ-૪, પૃ. ૩૨૩.
૨૮. स्वामी श्रीसिद्धानंदमुनि. वाराणसी : (१९७२) पृ. ३६९, २-१७-४०.
૨૯. ભારતવર્ષના નવ ખંડ માંહેનો એક ભાગ, ભગવદ્ગોમંડલ, પૃ. ૬૬૦૩.
૩૦. હર્ષદરાય ત્રિ. દવે, (સન ૧૯૮૭), ભાગ-૫, પૃ. ૫૬૭
૩૧. स्वामी श्रीसिद्धानंदमुनि. वाराणसी : (१९७२) पृ. ३७३, २-१९-१५.
૩૨. James Baillie Fraser, 1820, Reprint 1982, p. 284.
૩૩. Rai Pati Ram Bahadur. (1992), p. 37.
૩૪. Rai Pati Ram Bahadur. (1992), p. 37.

સંન્યાસીઓએ કરેલાં પથ-વર્ણન પરથી નીલકંઠે વેઠેલી મુશ્કેલીઓનો કંઈક અંદાજ આવી શકે છે. જો કે ફરીથી યાદ કરવું ઘટે કે માત્ર ૧૧ વર્ષની ઉંમર, કૌપીનભર વસ્ત્ર અને કોઈ જ સાધન-સામગ્રી કે સાથી વિના નીલકંઠે ફેબ્રુઆરીના કાતિલ શિયાળામાં માનસરોવરની યાત્રા ખેડી હતી, તેથી તેની તો માત્ર કલ્પના કરવી રહી.

સન ૧૯૪૬માં ઉત્તરકાશીના વિદ્વાન સંન્યાસી સ્વામી પ્રબોધાનંદજી[૩૫] અને અન્ય પાંચ સંન્યાસીઓએ ભોમિયા સાથે ગૌમુખથી બદરીનાથ વચ્ચે આવી ઊંચાઈએ હિમનદો ઓળંગ્યા હતા. આ પૂર્વે પણ નીલકંઠે એ જ માર્ગે ગ્લેશિયરો ઓળંગ્યા હતા. એ કેવા કષ્ટદાયક હોય છે? ગ્લેશિયરો ઓળંગીને બહાર આવેલા પ્રબોધાનંદજી કહે છે : ‘અમારા સૌના પગ બરફ, માટી અને પાણીમાં ચાલી ચાલીને અને પથરાઓ પર કૂદી કૂદીને એવી તે બૂરી રીતે તળવાઈ ગયા હતા કે લાંબા થઈને સૂઈ જ જવાનું દરેકને મન થતું હતું.

બધે શિયાળાના વખતનો બરફ જેમનો તેમ જામેલો હતો. તે ઉપર ચાલતાં અમારાં ઉઘાડાં ને તળવાઈ-ઉઝરડાઈ ગયેલાં પગતળિયાંને જીવલેણ વેદના થતી હતી.

અમારા બધાના પગ બહારથી સાવ બહેરા થઈ ગયા; ને અંદરથી ભયાનક સણકા મારતા હતા.’

વળી, એવા સંજોગોમાં ત્યાં રાત વિતાવવાની હોય તો? પ્રબોધાનંદજી કહે છે : ‘હાડેહાડ થીજવીને બહેરાંબૂઠ કરી મૂકે એવા ટાઢા ગ્લેશિયરના કાચ જેવા સખત પારદર્શક હિમ ઉપર મટકુંય ઊંઘ આવે એ અશક્ય હતું. અને છતાં અમારે અહીં જ ગ્લેશિયરની આ જીવલેણ ટાઢીબોળ છાતી ઉપર રાત કાઢ્યા વિના આરો નહોતો. રાત વીતે તે પહેલાં અમે બધા ઠરી-થીજીને શિંગડું થઈ જઈએ, ને સવારે કોઈ આંખ જ ઉઘાડવા ન પામે એવી શક્યતા પૂરેપૂરી હતી.’

વળી, આ ગ્લેશિયરો પર ઉપરથી કઠણ બરફ જણાય, પરંતુ અંદર ભારે કળણ પણ હોય છે. એમાં એક વખત ખૂંચ્યા એટલે જીવથી ગયા જ સમજવું રહ્યું. અને એમાં અધૂરું હોય તેમ, એ ઋતુમાં ગાઢ ધુમ્મસ પણ હોય. દોરડાં બાંધી-બાંધીને એકબીજાના આધારે માંડ બચેલા સ્વામી પ્રબોધાનંદજી યાદ કરતાં કહે છેઃ ‘થોડું આગળ વધ્યા - ન વધ્યા ને ધડામ્ દેતોકને અમારો ભોમિયો દલીપસિંઘ કમ્મરપૂર કળણમાં ઝિંકાયો! અમે ઝટઝટ એને બહાર ખેંચી કાઢ્યો. આગળ વધ્યો ને ફરી પાછો બીજામાં ઝિંકાયો! આખું ગ્લેશિયર શિયાળાના જામેલા ઘૂંટણપૂર બરફથી ભર્યું હતું, ને તળિયે ઠેર ઠેર દગાબાજ કળણો છૂપાયાં હતાં! ક્યાં કળણ હશે ને કઈ જગા સલામત, એ કહેવું સાવ અશક્ય હતું.

આંગળી ખૂંચે ને બાચકો ભરાય એવા ગાઢ ધુમ્મસમાં એ ક્યાં છે તે કેમે કર્યાં કળાય નહીં. એ ભારે મુશ્કેલીમાં ને ઉશ્કેરાટમાં હતો, એ તો દેખીતું હતું.

વળી, પાછો એનો સાદ સંભળાયોઃ ‘એક ડગલુંય ખસજો મા, છો ન્યાંથી. એકોએક. આપણે બધા ઊભી કરાડની કોરે છયેં! એનું તળિયું જ દેખાતું નથી!’

અમે બધા સાચે જ વસમી સંકડામણમાં ઝલાયા હતા. કોઈ ઈયળ એકાદ ઝાડની ટીશી કે ડાંખળાને છેડે પહોંચી, પાછલી પૂંઠેથી ડાળને પકડી રાખીને પોતાના શરીરનો આગલો ભાગ લંબાવી ખુલ્લા અંતરીક્ષમાં આંબવા કરે, તેના જેવી જ બરાબર અમારી હાલત થઈ હતી!

હવે ત્રીજો બરફદરિયો પાર કરવાનો હતો.

વળી, પાછાં કળણો આવ્યાં! ડગલે-ડગલે આફતનાં પોટલાં. નહીં નહીં તોયે ૧૦-૧૫ ઓળંગવા પડ્યાં!

પણ અમે ધીરજ ખોયા વગર સાવચેતીથી ઓળંગ્યાં.

દલીપસિંઘે પછવાડેથી બૂમ પાડીઃ

‘હવે જમણી કોર્ય વળો. દોરડાં છોડી નાંખો. છૂટા હાલો. સાંકળ કરીને હાલવાની હવે જરૂર નથી.’

અમે તેમ કર્યું. દલીપ દોરડાંનું ફીંડલું કરીને પાછો મોખરે થયો. હવે પાછાં રોડાં-પથરાથી છવાયેલાં ગ્લેશિયરો આવ્યાં.

સાંજ વળવા લાગી ને ધુમ્મસ જે હજુ ઘેરાયેલું હતું તે એકાએક કાળાં ભમ્મર વાદળાંમાં ફેરવાઈ ગયું. આગલો ભેરુ દેખાય નહીં. બરફના મોટા મોટા પૉલ પડવા લાગ્યા. ગર્જના ને વીજ-કડાકા!

બરફ, ગ્લેશિયરો, કળણો, બરફતોફાન અને વીજકડાકા સાથે જદોઝદ ખેડી હતી.’[૩૬]

નીલકંઠે આ કરતાંય અનેકગણી વિકટ મુશ્કેલીઓ કેવી રીતે પાર કરી હશે? કારણ કે તેઓ તો ફેબ્રુઆરીમાં નીકળ્યા હતા! વળી, આ ઉપરાંત નીલકંઠે એક સૌથી ભયાનક મુશ્કેલીનો સામનો કર્યો હોય, તો તે હતી હિમપ્રપાતની. હિમપ્રપાત અને ભૂપ્રપાત – આ પ્રદેશની ખાસિયત છે. અહીં ભૂસ્ખલન એટલે કે લૅન્ડ-સ્લાઇડીંગનો સતત ભય રહે છે. પહાડોની કેડીઓ પરથી પસાર થતા યાત્રિકને કલ્પના પણ ન હોય એટલી ઝડપથી ઉપરથી પથ્થરોની મહાકાય શિલાઓ માટીના મોટા ઢગલા સાથે પ્રચંડ અવાજ કરતી નીચે ગબડી પડે છે. આ ભૂસ્ખલનમાં કેટલાય યાત્રિકો દટાઈ

૩૫. પ્રબોધાનંદજી ૧૯૨૯માં સિયાલકોટમાં ફિલોસોફીમાં સ્નાતક થયા હતા.

૩૬. સ્વામી આનંદ, પૃ. ૫૮, ૬૪, ૭૪-૭૮.

મર્યા છે.

આ હિમપ્રપાત અને ભૂપ્રપાતના અનુભવો કેવા હોય છે? ભોમિયા દલીપસિંઘ અને સ્વામી પ્રબોધાનંદજીના અનુભવોને સાંભળો:[37] 'હવે અમે કદી ન પીગળનારા અનંતકાળના બરફાનોવાળા પ્રદેશમાં પ્રવેશી ચૂક્યા હતા. અમારા ચતુરંગી ગ્લેશિયરના બેઉ કાંઠા ઊંચી બરફમાળોના ચરણસ્પર્શ કરતા હતા.

...એકાએક શિખરો તરફ અમે મોટો ગડગડાટ સાંભળ્યો.

'એ શું? વરસાદ ગાજે છે? વાદળાં તો નથી!'

પણ જવાબની જરૂર જ ન રહી. પેલાં બરફનાં ઊંચાં શિખરોવાળા ઢોળાવો પરથી મસમોટાં બરફાનાં ડગળાં ને ચટ્ટાનો ધડાધડ નીચે ગબડતાં અમે જોયાં! અને તેનાં બરફ રોડાંથી પર્વતમાળનો ઢોળાવ જોતજોતાંમાં છવાઈ ગયો! જે તળેટીની કોરાણે થોડીક જ મિનિટો પહેલાં અમે ચાલી રહ્યા હતા તેની ઠેઠ કોર સુધી એ બધું આવીને ત્રાટક્યું એ અમે સગી આંખે જોયું!

'જોયું? ઈનું નામ ડાંડાઢળણ (ગિરિપ્રપાત). ગોરા લોક ઈ ને 'આવલાંશ' કે. આવાં ડાંડાઢળણ આંયકણે રોજ થ્યાં કરે. આ જગ્યા જ ઈની રોજની. અટલે ન્યાં થઈને કોય દિ' નૉ હલાય. મને ખબર, અટલેં જ તો હું તમને પટ વચાળે થઈને લાવ્યો.'

પણ ગ્લેશિયરના પટ વચ્ચોવચ આ આશ્ચર્યમાંથી અમે જાગીએ, ન જાગીએ ત્યાં તો આંખ મીંચી ઉઘાડીએ એટલી વારમાં શિખરો પાછળથી કાળાં ભમ્મર વાદળાં અચાનક અમારા પર ધસી આવ્યાં! વરસાદ ને બરફના સખત મારાએ અમને એકેએક જણને આંધળાભીંત કરી મેલ્યા! પેલી પડાવવાળી જગા અમારાથી માંડ બે ખેતરવા જેટલે હતી. ત્યાં પહોંચવા અમે મરણિયા પ્રયાસો કર્યા. પણ કોઈ વાતે પહોંચવા પામ્યા નહીં!

અમારા મૌની અવધૂત દિગંબર અને બીજા પણ બધા સાથીઓ ટાઢિયા તાવમાં સપડાયા હોય તેમ થથરતા હતા. અમારાં નાક-આંખ ભયાનક રીતે ચૂવા લાગ્યાં. દાઢી-મૂછો બરફથી ધોળી થઈ ગઈ. શ્વાસની વરાળોના સફેદ ગોટા મોંમાંથી નીકળતાંવેંત બરફકણ બની જતા હતા!

ન છૂટકે, જ્યાં હતા ત્યાં ને ત્યાં, ગ્લેશિયરના જ પટ ઉપર, એક મોટા ચટ્ટાનની ઑથે અમે આશરો લીધો, ને અમારી છોલદારી(તંબુ) તાબડતોબ ઊભી કરી તેમાં ટાઢે થથરતા સાથીઓને સુવાડી ધાબળાઓથી ઢબૂરી દીધા!

અમને સખત તરસ લાગી હતી. પણ પાણી ક્યાંથી લાવવું? ચોમેર જ્યાં જુઓ ત્યાં નકરો બરફ. તાજા બરફનાયે ઝીણા ઝીણા પૉલ પડ્યે જતા હતા. હું પાણીનું ખાબોચિયું શોધવા નીકળ્યો.

એક જડ્યું. પવાલું ભરીને પીવા લાગ્યો. પણ સખત તરસ લાગી હોવા છતાં એક ચાંગળું પાણી પણ મારાથી પીવાયું નહીં! ટીપું-ટીપું કરીને માંડ લગીરેક પીધું. બીજું ભરી લઈને મુકામે આવ્યો.

ટાઢ તો કરડકણા કૂતરાની જેમ કૂદી-કૂદીને અમને બચકાં ભરતી હતી. મારા ઉઘાડા સાથીઓનો ખ્યાલ મને પજવવા લાગ્યો. મારા ઉઘાડા માથા પર તાજા બરફની ટોપી થઈ ગઈ.'[38]

બાળયોગી નીલકંઠ પણ આવા હિમપ્રપાત અને ગિરિપ્રપાત વચ્ચેથી પસાર થવું પડ્યું હશે! કેવી રીતે પાર ઊતર્યા હશે નીલકંઠ?

માત્ર જુલાઈથી સપ્ટેમ્બર દરમ્યાન જ ઓળંગી શકાતા આ માર્ગેથી પસાર થતાં સ્વામી પ્રબોધાનંદજી કહે છે : 'વચ્ચે વચ્ચે જરા આપસમાં બોલીએ, વાત કરીએ તેટલાથી પણ અમને થાક વરતાતો; અને જો કે અમે ચાલતા નહોતા, સૂતેલા હતા, છતાં એ અઢાર હજારની કે વધુ ઊંચાઈએ હવા એટલી પાતળી કે શ્વાસોશ્વાસ માટે અમે વલખાં મારતા હતા.

ધમતી ધમણો જેવા શ્વાસ લેતાં અમે ચડતા હતા. દર ત્રીજે ડગલે થોભીને નવ વખત શ્વાસ લેવાનો. શરીર, જીવ ને પ્રાણ બધું નિચોવાઈ જતું હતું. અકેક ડગલું જહેમત ને જદોઝદ થઈ પડ્યું!

અમારી અક્કલ હવે ખરેખર બહેર મારી ગઈ! બરફાનોના આ અગમ-અગોચર દરિયામાં હોકાયંત્ર વગર અમારે ક્યાં જવું? કઈ બાજુ વળવું?

અમે મરણિયા પ્રયાસ આદર્યા. બપોરના સૂર્યના તેજમાં ઝગારા મારતા બરફથી અમારી આંખો અંજાઈને બૂરી રીતે ગળવા લાગી!

ચમકતા બરફાનોમાં ડાબલા-ચશ્માં વગર ત્રણ દિવસ સુધી ચાલી-ચાલીને અમારી આંખો ભયાનક દુખવા ને ચૂવા લાગી હતી. રસ્તો કળાય એટલી પણ ઊઘડતી નહોતી. અધૂરામાં પૂરું પાછા ગાઢ ધુમ્મસે અમને વીંટ્યા. અમે એકબીજાને પણ ભાળી શકતા નહોતા!

અમે નીચે ઊતર્યા તો પણ આંખોની કીકી ઉપર હજુ

૩૭. એજન, પૃ. ૫૯-૬૪.

૩૮. એજન, પૃ. ૫૯-૬૪.

કશુંક ધુમાડાના પડ જેવું રહ્યું હતું. તેથી દરેક વસ્તુ અમને બેવડી-ત્રેવડી દેખાવા લાગી! જરાક જેટલે દૂરથી સામે ઊભેલું માણસ છે કે જાનવર એટલુંયે ન ઓળખાય!

બરફથી અંજાયા પછી આંખોને આવું નુકસાન થાય છે, જે ઘણી વાર બબ્બે-ત્રણ-ત્રણ અઠવાડિયાં ચાલે છે; જો કે કાયમનું નુકસાન ભાગ્યે થાય છે.'[૩૯]

આવા અનેક પ્રાકૃતિક સંઘર્ષોનો સામનો કરતા નીલકંઠ માના ઘાટ ઊતરીને આશરે ૧૨,૫૦૦ ફૂટની ઊંચાઈએ ૨૦ માઇલ ચાલે છે, ત્યાં ફરીથી ૧૬,૪૦૦ ફુટ ઊંચો 'ચરંગ ઘાટ' ઓળંગવાનું આવે છે.[૪૦] ફરીથી એ જ મુશ્કેલીઓનો લલકાર!




૧૪,૦૦૦ ફૂટની ઊંચાઈએ તિબેટના મેદાનોમાં પ્રવાસ દરમ્યાન અનુભવાતી મૃત્યુકારક મુશ્કેલીઓનાં યુરોપિયન ચિત્રકારોએ કરેલાં ચિત્રો...

## તિબેટી મેદાનોમાં નીલકંઠ

નીતિ ઘાટ પાર કર્યા પછીની યાત્રામાં સરેરાશ ૧૨ થી ૧૪ હજાર ફૂટની ઊંચાઈએ આવેલા તિબેટી મેદાનોનો પ્રદેશ શરૂ થાય છે.

એ સમયે આ તિબેટી પ્રદેશમાંથી પસાર થતાં એક સમસ્યા સ્થાનિક જંગલી લોકોની હતી. પર્વતોમાંથી માટી કાઢી, ગુફાઓ બનાવીને કે પર્વતની તળેટીમાં ઝૂંપડાંઓ બનાવીને રહેતા ખૂબ મોટા કદના એ લોકો અહીંથી પસાર થતા માણસને લૂંટી લે અથવા મારી પણ નાંખે. સન ૧૮૧૨માં માનસરોવરની યાત્રા કરનાર વિખ્યાત બ્રિટિશ સંશોધક ડૉ. વિલિયમ મૂરક્રોફ્ટને આવા જંગલી લોકોએ જ મારી નાખ્યા હતા.[૪૧] એ માંસાહારી લોકો વિશે લખતાં સ્વામી તપોવનજી કહે છે: 'તિબેટમાં ઘેટાં અને ચમરી ગાયોની કતલ નિર્બંધ રીતે થયા કરે છે. આથી સ્વાભાવિક છે કે પશુઓનાં હાડકાંઓ, ખરીઓ, શિંગડાંઓના ઢગલાઓ જ્યાં-ત્યાં પડેલા હોવાથી આપણને ઘૃણાજનક લાગે. તેઓ કાચું માંસ ખાય છે. (તેથી જ આપણાં પુરાણોમાં તેમને પિશાચો કહ્યા હશે.)'[૪૨]

માનસરોવર તરફ આગળ વધતાં, સખત ઠંડો પવન, અને પુલો વગરનાં નદી-નાળાંઓ ઘણાં આવતાં હોવાથી તે પાર કરવામાં યાત્રીઓને ઘણી જ મુશ્કેલી પડે છે. વચ્ચે ઘણી નદીઓના પ્રવાહો ખૂબ વેગથી વહે છે અને તે છાતીસમાણાં ઠંડાગાર પાણીમાંથી પાર કરવું પડે છે. તેથી જાન જોખમાય છે. એક સદી પહેલાં માનસરોવર યાત્રાએ આવેલા બ્રિટિશ દિલ્હીના જાણીતા ઍડવોકેટ અને લેખક શ્રી રામશરણ વિદ્યાર્થીએ સન ૧૯૦૦માં આ તિબેટી પ્રદેશમાંથી પસાર થતાં લખ્યું છે: 'न कोई जीवजन्तु और न हरे-भरे वृक्ष ही यहाँ देख पड़ते हैं। सर्वत्र महाशीत वायु मृत्यु सम सर पर मँडराती रहती है और प्रत्येक क्षण डाकुओं का भय हृदय में बना रहता है। इस प्रकार शीत और डाकु मृत्यु के समान सदैव भयभीत किये रहते हैं। जल और वायु का प्रवाह बड़ा तीव्र और वेगशाली है और बिना रोकटोक निर्द्वन्द्व और उद्दंड रूप से बहता है। इस प्रकार निर्जीव और निरुत्साह इस भयानक बियाबान जंगल में हम लोग अपने मन्दगामी टट्टुओं पर बैठे हुए प्रातः से सायं तक निस्तब्ध शांत तथा मूक बन, पूर्ण मौन धारण किये हुए, आत्मचिंतन और आन्तरिक मनन में निरन्तर संलग्न, अर्ध निद्रित अवस्था में चलते रहे। इस ईश्वर



૩૯. એજન, પૃ. ૬૬, ૮૬.

૪૦. Swami Pranavananda, 1949, p. 155-157.

૪૧. Sven Hedin, 1910, Vol. 3, p. 216.

૪૨. મગનલાલ જ. ભૂતા. (૧૯૭૭), પૃ. ૨૧૯.

की सृष्टि में कहीं भी मानवी कृति का लेशमात्र भी सम्मिश्रण दिखाई नहीं पड़ता। सर्वत्र एक रंग और नीरस मार्ग अपरिवर्तित रूप से निर्धारित और निश्चित सा चला जाता है। इस अर्धजाग्रत अवस्था में मानसिक विचार चक्षु के सम्मुख इन असंख्य प्रस्तरों में जो रात्रि को आकाश के तारों के समान प्रकाशित होते हैं, ईश्वर की ज्योति झलकती है।'[૪૩]

તિબેટમાં પ્રવેશ્યા પછી સામાન્ય રીતે પથરીલાં મેદાનો જ વિશેષ આવે છે. પરંતુ લગભગ ૧૨ થી ૧૪ હજાર ફૂટની ઊંચાઈએ આ ભેંકાર પ્રદેશમાં વાતાવરણમાં અચાનક જ તાંડવ ઊઠે ત્યારે ભલભલાનાં હાજાં ગગડી જાય છે. શ્રી રામશરણ વિદ્યાર્થી લખે છેઃ 'जब हम रात्रि-विश्राम का प्रबन्ध कर ही रहे थे कि सहसा वहां की शांति महाशांति का रूप धारण करने लगी। वास्तव में यह शांति भावि प्रलयकारी आँधी की परिचायक थी। हम सब लोग स्तब्ध तथा विस्मित हो अपने अपने डेरों में बैठ गये। देखते देखते नील वर्ण आकाश धवल रूप में परिणत हो गया और बड़े ही शांत भाव से हिमवर्षा होने लगी। सारी भूमि पर श्वेत हिम की चादर सी बिछ गयी। हरी-भरी घाटी श्वेत वस्त्र धारण कर सर्वप्रकार श्वेत ही श्वेत दृष्टिगत होने लगी। सारे मैदान के झाड़ और पौधे हिममय दीख पड़ने लगे। भेड़, बकरी, गाय आदि सब ही इस श्वेत बर्फ़ के वस्त्रों से आच्छादित हो गईं।'[૪૪]

હિમ સાથે આક્રમક બનીને તૂટી પડતી આવી આંધી મૃત્યુકારક બની રહે છે. સન ૧૯૦૬ અને ૧૯૦૮માં માનસરોવર યાત્રાએ આવેલા સ્વીડનના સંશોધક સ્વેન હેડિને આવી અનેક મુશ્કેલીઓનો સામનો કર્યો હતો. પોતાના પુસ્તક 'ટ્રાન્સ હિમાલય'માં[૪૫] તેઓ આ પ્રલયકારી આંધીનું રુંવાડાં ખડાં થઈ જાય તેવું વર્ણન કરે છે. (જુઓઃ બાજુનાં ચિત્રો) સ્વેન હેડિને પોતાના બાર ઘોડા અને સાથીઓને ગુમાવ્યા હતા. વળી, તિબેટનાં જંગલી પશુ યાક પણ ક્યારેક આક્રમણકારી બની જાય છે ત્યારે કોઈકે કુરબાની વહોરવી જ પડે છે. સ્વેન હેડિને યાકના આ આક્રમણને લીધે જ પોતાનો ભોમિયો ગુમાવ્યો હતો. મોટા કાફલા સાથે, પૂરી સજ્જતા સાથે અહીં આવેલા સ્વેન હેડિન જેવા પ્રવાસવીર પણ આવી અનેક મુશ્કેલીઓ સામે માંડ માંડ પાર ઊતર્યા હતા. (જુઓઃ બાજુનાં ચિત્રો) ત્યારે માત્ર ૧૧ વર્ષની ઉંમરના કોમળ શરીરે નીલકંઠ આ આક્રમક અને

૪૩. रामशरण विद्यार्थी. (१९०२), पृ. ७९.

૪૪. એજન, પૃ. ૮૪.

૪૫. Sven Hedin, 1910, Vol. 1, 2.



કઠોર શિયાળા સામે, આક્રમક પશુઓ સામે કઈ રીતે ટક્કર ઝીલી શક્યા હશે?

માનસરોવર સુધીનો માર્ગ સરેરાશ ૧૪,૦૦૦ ફૂટની ઊંચાઈએ છે. સાનુકૂળ ઋતુમાં આ માર્ગે વચ્ચે નાની-નાની મંડીઓ આવે છે. મંડી એટલે પાંચ-પચીસ તંબુઓનું નાનું બજાર. કાતિલ શિયાળામાં વણઝારાની જેમ આ મંડીઓ સંકેલાઈ જાય છે અને સલામત સ્થળે પહોંચી જાય છે. નીલકંઠે સતલજ નદીના પ્રવાહની સાથે સાથે ચાલીને કૈલાસ સુધી તારચેન(૧૫,૧૦૦ ફૂટ ઊંચાઈ) આવવું જ પડે.[૪૬]

વધુ શક્યતા એવી લાગે છે કે નીલકંઠ સતલજ નદીના કિનારે-કિનારે ચાલીને, અધવચ્ચે સતલજ નદીના પ્રવાહને ઓળંગી તેના સામા કાંઠે તીર્થપુરી સુધી પહોંચ્યા હશે. તીર્થપુરી ખૂબ જ પૌરાણિક માહાત્મ્ય ધરાવે છે. અહીં પહોંચતાં પહેલાં જ પવિત્ર કૈલાસ શિખરનાં મનોહર દર્શન થવા લાગે છે. ગમે તેવો નાસ્તિક પણ સહજતાથી નતમસ્તક થઈ જાય એવી અદ્‌ભુત દૈવી શોભાથી કૈલાસ પર્વત

૪૬. Ibid, p. 157.

માણસના મનમંદિરમાં છવાઈ જાય છે. હવે પૂર્વ દિશામાં સીધા જ આગળ ધપીને પ્રચંડ હિમપાત વચ્ચે થીજી ગયેલાં અનેક ઝરણાંઓ ઓળંગીને નીલકંઠ કૈલાસ પર્વતના થડમાં પહોંચ્યા હશે. અહીંથી નીલકંઠે કૈલાસની પરિક્રમાનો આરંભ કર્યો હશે.



કૈલાસ-માનસરોવરના બે અભ્યાસુ યાત્રીઓ : સ્વીડનના ડૉ. સ્વેન હેડીન અને સ્વામી પ્રણવાનંદજી

કૈલાસ-માનસરોવર પ્રદેશનું હવામાન અત્યંત ઠંડું અને ઠંડા વાયરાઓથી ઘેરાયલું રહે છે. નવેમ્બરથી મે મહિના દરમ્યાન અહીં બરફવર્ષા સાથે કાતિલ તોફાની વાયરા વહે છે. ક્ષણે-ક્ષણે હવામાન પલટાતું રહે છે. અચાનક આકાશમાં ઘનઘોર વાદળાં છવાઈ જાય છે અને બરફની વર્ષા આક્રમક બની ધરતી પર તૂટી પડે છે. આ અનુભવો વર્ણવતાં શ્રી રામશરણ વિદ્યાર્થી લખે છે: 'कतिपय स्थानों पर एक डेढ़ फीट बर्फ़ में पैर सरलता से धंस जाता है। बर्फ़ का प्रसार और विस्तार इतना अधिक है कि दो तीन फ़लाँग तक कई बार बर्फ़ पर पैदल ही चलना पड़ता है। अन्त को सामने एक श्वेतवर्ण की चादर सी देख पड़ती है। इसका दृश्य परम मनोरम है। यही स्थान सिन्धु नदी का उद्गम है। यहाँ एकत्रित हिमराशि से सिन्धु नदी प्रकट होती है। कैलास-स्पर्श के प्रयत्न में इस अनन्त हिम शिला पर अब एक-एक पग गिन-गिन कर रखते हैं। कुछ थोड़े समय इस प्रकार व्यायाम कर लेने पर ये प्रतीत होने लगा कि अब अधिक आगे बढ़ना जीवन से ही हाथ धोना है। अब स्पष्ट ही ज्ञात होता था कि आगे चलना हिम में समा जाना ही है।

इस प्रकार चार मील चढ़ाई कर गौरी कुंड पर पहुँचे। मार्ग में कतिपय स्थानों पर बर्फ़ पर चलना पड़ता है। इस मार्ग की चढ़ाई चढ़ते समय सांस लेने में भी कठिनाई प्रतीत होती है। और सिरदर्द से हृदय व्याकुल हो जाता है। यह चढ़ाई १८,६०० फ़ीट पर समाप्त होती है...।

इस उच्च शिखर से दाईं ओर लगभग एक फ़लाँग चौड़ा और तीन फ़लाँग लंबा दर्पणवत् चमकता हुआ हिमाच्छादित कुँड है। दो तीन फ़ीट मोटे बर्फ़ के ढकने के नीचे जलाशय है। केवल एक और हिमरहित जल दिखाई पड़ता है। इस कुँड में गोता लगाना असीम साहस अथवा दु:साहस का कार्य है। इस जल में हाथ डालकर निकालना भी दुष्कर है। फिर शरीर को डालकर कौन शून्य करने का साहस कर सकता है! इस जल से शरीर का बाहर निकालना वास्तव में मृतवत् शरीर का हिलाना था। हम में से एक वृद्ध पंडित तो बेसुध हो गये। वो तो जल से बाहर निकलते ही पथ प्रदर्शकों की चेतावनी के विरुद्ध उच्च स्वर से उमापति की जयघोष करते ही मृतवत् हो गये। शीत के कारण उनका शरीर निर्जीव सा प्रतीत होने लगा।'[૪૭]

પરંતુ આવી અનેક કપરી કસોટીઓને પાર કરીને યાત્રિક બહાર આવે છે ત્યારે માનસરોવરનું રમણીય દૃશ્ય તેને દુઃખ-દર્દથી મુક્ત કરી દે છે, રોમેરોમ પ્રફુલ્લિતતાથી છલકાઈ જાય છે. કૈલાસ પર્વતથી માનસરોવર અગ્નિકોણમાં કેવળ ૨૦ કિ.મી. દૂર છે. સ્વામી તપોવનજી લખે છે : 'માનસરોવર ૧૫,૦૦૦ ફૂટની ઊંચાઈએ સ્થિત છે, ચોતરફ વનસ્પતિ વિહોણા, કાળા પર્વતોના પણ હિમાચ્છાદિત શિખરોવાળા પર્વતોથી ઘેરાયેલું છે. જ્યારે સખત પવન વાય છે ત્યારે તેનાં જળમાં ઊઠતા મોટા-મોટા તરંગોથી સરોવર ખળભળી ઊઠે છે, પણ જ્યારે પવન પડી જાય છે ત્યારે તેનાં ઊંડાં નીલરંગી જલ પ્રશાંત હોય છે. હું નથી માનતો કે, આ સરોવરની સુંદરતા જેવી સુંદરતા પૃથ્વી ઉપર બીજી કોઈ જગ્યાએ હોય! સંધ્યાને સમયે તેનું સૌંદર્ય એવું અનેરું છે કે તત્ત્વજ્ઞાનીઓને સમાધિ લાગી જાય છે.'[૪૮]

જો કે માનસરોવર સુધી પહોંચેલા નીલકંઠ વર્ણીનો અનુભવ સ્વામી તપોવનજી કરતાં બિલકુલ જુદો જ હતો. કારણ કે અહીં તત્ત્વજ્ઞાનીઓ નહીં, ૫૧૮ ચો.કિ.મી.ના વિરાટ વિસ્તારમાં વ્યાપેલું ખુદ માનસરોવર સમાધિસ્થ થઈ ગયું હતું. કારણ કે સમગ્ર માનસખંડને થિજાવી દેતો એ સમય, મહાકાળ સમા કઠોર શિયાળાનો હતો.

કેવી હશે તેની રમણીયતા? કે કેવી હશે તેની કઠોરતા?

ચાલો, હવે પછીનાં પૃષ્ઠોમાં પ્રવેશ કરીએ, નીલકંઠના વ્યક્તિત્વના એક વધુ પ્રકરણને ઉજાગર કરીએ. ◆


૪૭. रामशरण विद्यार्थी. (१९०२), पृ. १०६-१०८.
૪૮. મગનલાલ જ. ભૂતા. (૧૯૭૭), પૃ. ૨૧૭-૨૧૮.

## કૈલાસ-માનસરોવરની યાત્રા માટે યાત્રિકે આટલી વસ્તુઓ સાથે રાખવી આવશ્યક છે.

# શ્રી નીલકંઠ વર્ણી આ વસ્તુઓથી કેટલા સજ્જ હતા ?

*સમુદ્ર સપાટી કરતાં ૧૫,૦૦૦ ફૂટ ઊંચાઈએ આવેલા કૈલાસ-માનસરોવરની યાત્રા, સામાન્ય યાત્રાઓ કરતાં ઘણી કઠિન છે. એટલે જ આ યાત્રામાં યાત્રિકે સામાન્ય યાત્રાઓ કરતાં વિશેષ સજ્જતા પણ રાખવી પડે છે. સને ૧૯૩૬-૩૭માં કૈલાસ-માનસરોવરની યાત્રા કરનાર સ્વામી પ્રણવાનંદજીએ, પ્રત્યેક યાત્રિકે કેવી સજ્જતા સાથે આ યાત્રા કરવી જોઈએ તેનું જાત-અનુભવોના આધારે સુંદર માર્ગદર્શન આપ્યું છે. 'હવામાનની કઠોરતા, અસહ્ય કઠિનાઈ અને મુસીબતોને સહન કરવાની શક્તિ હોય તેવી કોઈપણ વ્યક્તિ કે જેનાં ફેફસાં મજબૂત હોય, હૃદય કાર્યક્ષમ હોય અને બ્લડપ્રેશરનો રોગ ન હોય તે આ યાત્રા કરી શકે છે.' - આમ લખીને પ્રણવાનંદજીએ આવા યાત્રિકો માટે વસ્ત્રો અને પગરખાં સુધીની ૨૧ અનિવાર્ય જરૂરિયાતો વર્ણવી છે. ત્રીસેક જેટલી જરૂરી દવાઓ સાથે રાખવાનું અનિવાર્ય દર્શાવ્યું છે અને તે ઉપરાંત ૪૧ જેટલી જરૂરિયાતની ચીજ-વસ્તુઓની વિગતપૂર્વક યાદી આપી છે. સાનુકૂળ ઋતુમાં જનારા સરેરાશ યાત્રી માટે તેમણે આટલી સામગ્રી હોવી જરૂરી ગણાવી છે.*

*તેની સરખામણીએ શિયાળામાં શિયાળામાં કૈલાસ-માનસરોવરની યાત્રા ખેડનાર બાળયોગી નીલકંઠ વર્ણી કેટલી સામગ્રી લઈને આ યાત્રાએ નીકળ્યા હતા ? તે તુલના નીલકંઠ માટે વધુ અહોભાવ છલકાવે છે. અભ્યાસુ અને જિજ્ઞાસુઓ માટે આ તુલનાત્મક યાદી પ્રસ્તુત છે.*



***કૈલાસ યાત્રાએ ખુલ્લા શરીરે નીલકંઠ વર્ણી***

**નીલકંઠે લીધેલી સામગ્રી :**

**વસ્ત્ર :** કૌપીન અને તે પર ઢાંકવાનું ગોઠણ સુધીનું એક આચ્છાદન વસ્ત્ર, જળ ગાળવાનું ગરણું **અન્ય સામગ્રી :** હાથમાં તુંબડી-કમંડળ અને માળા, ગળામાં શાલિગ્રામનો બટવો(નેતરની સાવ નાની ટોપલી), મૃગચર્મ અને દંડ

**અન્ય યાત્રિકો માટે જરૂરી સૂચિત સામગ્રી :**

**જરૂરી વસ્ત્રો :** **૧.** બે થી ત્રણ સારા ઊનના ધાબળા **૨.** ચુટકા (જાડો તિબેટિયન ધાબળો, તકલાકોટથી ભાડેથી અથવા ખરીદેલો ધાબળો) **૩.** જરૂરિયાત મુજબનો બિસ્તરો **૪.** ઊનનું શર્ટ **૫.** ઊનના બે પેન્ટ અથવા પાયજામા **૬.** ૧ ઊનનું સ્વેટર **૭.** ઊનનાં બે લાંબાં મોજાં **૮.** ઊનનું મફલર **૯.** એક જોડી ઊનનાં હાથ-મોજાં **૧૦.** એક જોડી પગે વીંટવા માટે પાટી **૧૧.** ઊનની વાંદરા ટોપી **૧૨.** ઊનનો લાંબો ઓવરકોટ (ડગલો) **૧૩.** એક હળવો વોટરપ્રૂફ કોટ **૧૪.** ટોપી માટે એક વોટરપ્રૂફ કવર કે જે ટોપીને ઢાંકી શકે. **૧૫.** બિસ્તરા અને સામાનને ઢાંકવા માટે મીણિયા કાપડ અથવા વોટરપ્રૂફ કપડાના બે થી ત્રણ ટુકડા **૧૬.** ચાર સુતરાઉ શર્ટ **૧૭.** એક જોડી સુતરાઉ પેન્ટ **૧૮.** એક જોડી ધોતી **૧૯.** એક જોડી ટુવાલ **૨૦.** ત્રણ થી ચાર વાર વધારાના કાપડના ટુકડા **૨૧.** બને ત્યાં સુધી કેનવાસના હોલ બૂટ અને એક જોડ સામાન્ય બૂટ.

**ચીજવસ્તુઓ :** **૧.** છત્રી **૨.** વધારાના પાવરસેલ સાથે એક ટોર્ચ **૩.** મીણબત્તીઓ **૪.** ફાનસ **૫.** કાશ્મીરી કાંગરી(અગ્નિને રાખવા માટે માટીનો કાશ્મીરી ઘડો, જેને ઊંચકવા માટે ખાસ પ્રકારની નેતરની ટોપલી હોય છે.) **૬.** સાધનસામગ્રી સાથે સ્ટવ. **૭.** કેરોસીન **૮.** બાક્સ **૯.** રસોઈની સામગ્રી. સહેલાઈથી ઊંચકી શકાય તેવું પાત્ર, કડછો, ડિશો, ચાની કીટલી, કપ, ચમચીઓ, ટિફિન વગેરે **૧૦.** પ્રેશર કૂકર(૧૦,૦૦૦ ફૂટ કરતાં વધુ ઊંચાઈએ ભાત સામાન્ય વાસણમાં રાંધી શકાતા નથી.) **૧૧.** થરમોસ **૧૨.** રસ્તામાં ગરમ પાણી લાવવા ૨ નંગ ડોલ અથવા ખાલી ટીન **૧૩.** રસોઈનાં સાધનો ભરવા માટે એક કે બે બોક્સ **૧૪.** મીઠાઈ કે ચગળવાની પીપરમીંટ રાખવા માટે ધાતુનો ડબ્બો **૧૫.** કુલીઓ ઉપાડી શકે અથવા ખચ્ચરો પર લઈ જઈ શકાય તેવા બે કોથળા (ગુણિયાં) સામાન ભરવા માટે **૧૬.** કોથળા સાંધવા માટે સોયો અને સૂતળી **૧૭.** કૈલાસ-માનસરોવરથી સ્મૃતિ માટે લાવેલી વસ્તુઓ ભરવાની કોથળી **૧૮.** ૨૦ ફૂટ લાંબાં બે દોરડાં **૧૯.** ચપ્પુ **૨૦.** કાતરની જોડ **૨૧.** કુહાડો **૨૨.** ૨ નંગ તાળાં **૨૩.** નહાવા-ધોવા માટે સાબુ **૨૪.** લોખંડની કેપ સાથેની બે લાકડીઓ **૨૫.** દૂરબીન **૨૬.** ફોટોગ્રાફીના શોખીન હો તો કેમેરો **૨૭.** થર્મોમીટર **૨૮.** સૂકાં શાકભાજી **૨૯.** ચા, દૂધનો પાવડર, મકાઈના પૌંઆ, લીંબુનો રસ, સાકર, બાલ(એક પ્રકારની ચોકલેટ), સુગરકેન્ડી, **૩૦.** પર્વતારોહણ માટે શક્તિ મેળવવા ખજૂર, કિસમીસ, અખરોટ વગેરે સૂકોમેવો **૩૧.** અથાણાં, ચટણી વગેરે **૩૨.** તીર્થોનાં જળ લાવવા માટે નાની લોટીઓ **૩૩.** માર્ગે ચાલતાં ખાવા માટેની સામગ્રી ભરવા નાની કોથળીઓ **૩૪.** પૂજાસામગ્રીઓ **૩૫.** ધર્મગ્રંથ અને અન્ય વાંચન-સામગ્રી, નકશાઓ, ડાયરી-પેન વગેરે સાધનો **૩૬.** આ બધો સામાન ઊંચકવા માટે કુલીઓ કે ખચ્ચરોની વ્યવસ્થા. કુલીઓ, મજૂરો કે ઘોડાવાળાઓ માટે ભેટમાં આપવાલાયક વસ્તુઓ **૩૭.** યાત્રા માટે જરૂરી વ્યવસ્થા માટે પૂરતાં નાણાં.

**જરૂરી દવાઓ :** **૧.** ઝાડા, ઊલટી, મરડો, અપચો, કબજિયાત, શરદી, તાવ, શ્વાસની તકલીફ, મેલેરિયા વગેરે દર્દો માટેની પૂરતી દવાઓ; સાંધાના દુખાવા માટે બેન્ડેજ, વાગ્યા પર ડ્રેસિંગ કરવા માટે જરૂરી ફર્સ્ટ-એઈડ કીટ; અને પોતાની શારીરિક તકલીફ અનુસાર જરૂરી દવાઓ. ◆



***કૈલાસયાત્રા દરમ્યાન તિબેટી વેશમાં સજ્જ સ્વામી પ્રણવાનંદજી***



# મહાકાળ શિયાળામાં માનસખંડમાં નીલકંઠની પદયાત્રા

■ સાધુ અક્ષરવત્સલદાસ

માનસરોવર પૃથ્વી પરનું સૌથી વધુ સૌંદર્યવંતું અને અધ્યાત્મનાં દિવ્ય આંદોલનોથી સ્પંદિત થતું અદ્‌ભુત સરોવર છે. પરંતુ ઋતુ ઋતુમાં કલેવર બદલતા માનસરોવરે નીલકંઠ પધાર્યા ત્યારે ફેબ્રુઆરી, ૧૭૯૩નો કાતિલ શિયાળો ચાલી રહ્યો હતો. આ સમયે સમગ્ર માનસખંડ કઈ સ્થિતિમાં હોય છે?

નીલકંઠ માનસરોવર પધાર્યા તે જ ઋતુમાં સન ૧૯૩૬-૩૭માં સ્વામી પ્રણવાનંદજી નામના વિદ્વાન સંન્યાસી પણ માનસરોવર પર રોકાયા હતા. માનસરોવરના તીરે એક બૌદ્ધ મઠ - CHU GUO TEMPLEમાં સતત એક વર્ષ અને સન ૧૯૪૩-૪૪માં ૧૬ મહિના રોકાઈને સ્વામી પ્રણવાનંદજીએ[૪૯] એક આખો શિયાળો વિતાવ્યો હતો. આ તેજસ્વી અને વિદ્વાન સંન્યાસીએ વૈજ્ઞાનિક અભિગમથી કરેલો માનસખંડનો અભ્યાસ, બાળયોગી નીલકંઠના સંજોગોને સમજવા માટે અત્યંત ઉપયોગી છે. શરીરને હૂંફ આપનારાં પૂરતાં વસ્ત્રો, જરૂરી ખોરાક, તાપણાંઓ અને જરૂરી દવાઓ સાથે શિયાળામાં અહીં રોકાઈને તેમણે માનસખંડના રોમાંચક દિલધડક અનુભવો વર્ણવ્યા છે.

કાતિલ શિયાળાનો વાયરો વહેવા લાગે એટલે માનસરોવરને કાંઠે આવેલા આઠેક બૌદ્ધ મઠોમાં રહેતા ભિક્ષુઓ મઠ છોડીને નીચેની સપાટીઓમાં જીવ બચાવવા ચાલી નીકળવા લાગે છે. માનસરોવરનો આસપાસનો સમગ્ર માનસ ખંડ કાતિલ બરફવર્ષાથી ભેંકાર થઈ જાય છે.

પ્રણવાનંદજી લખે છેઃ ‘જ્યારે સન ૧૯૩૬-૩૭માં માનસરોવર પર હું રહ્યો ત્યારે અર્ધો સપ્ટેમ્બર માસ વીત્યા

---

૪૯. સ્વામી પ્રણવાનંદજીએ કૈલાસ-માનસ ખંડનું વૈજ્ઞાનિક અભિગમથી કરેલું સર્વેક્ષણ તથા તેમણે તૈયાર કરેલા નકશાઓ ‘રોયલ જ્યોગ્રાફિકલ સોસાયટી’, લંડન અને ‘સર્વે ઑફ ઇન્ડિયા ઑફિસ’ દ્વારા સન ૧૯૪૧ તથા ૧૯૪૫માં સન્માનપૂર્વક પ્રમાણિત કરીને પ્રકાશિત કરવામાં આવ્યા હતા. માનસરોવર વિશેનાં વિશ્વભરમાં તેમનાં અનેક સંસાધનો વૈજ્ઞાનિક સંશોધનપત્રોમાં પ્રકાશિત થયાં છે. તેમને લંડનના વિખ્યાત ‘Daily Telegraph’ વર્તમાન પત્રે ‘The Distinguished Indian Sannyasi – Explorer and Scientist’ તરીકે બિરદાવ્યા હતા. વિખ્યાત બ્રિટિશ લેખક પોલ બ્રન્ટને પોતાના પુસ્તક ‘A Hermit in the Himalayas’માં તેમનો આદરપૂર્વક વિસ્તૃત ઉલ્લેખ કર્યો છે.
- *Kailas-Mansarovar*, S.P. League, Ltd., Calcutta, 1949, First Edition, p. 238–239.

પછી શિયાળો તેનો પ્રભાવ જણાવવા લાગ્યો હતો. ૧ ઑક્ટોબર, ૧૯૩૬થી લઈને ૧૪ મે, ૧૯૩૭ દરમ્યાન તાપમાન સતત શૂન્યની નીચે જ રહેતું હતું. આ વર્ષે ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં વરંડા અને રૂમની અંદરનું તાપમાન -૨૮° સેલ્સિયસ જેટલું થિજાવી દેતું ઠંડુંગાર હતું. ૧૮મી ફેબ્રુઆરીના દિવસે વાતાવરણ એટલું બધું ઠંડું હતું કે એકવાર હું થૂંક્યો તો જમીનને અડતાં પહેલાં જ થૂંક બરફનો ટુકડો થઈ ગયું! સતત સાડા ત્રણ મહિના સુધી તો ભરબપોરે સૌથી વધુ તાપમાન પણ શૂન્યની નીચે જ રહ્યું હતું.

સપ્ટેમ્બરના બીજા અઠવાડિયા પછી માનસરોવરના કિનારા પર બરફવર્ષા ચાલુ થઈ ગઈ હતી. નવેમ્બરની પહેલી તારીખથી વાવાઝોડા સાથે સતત તોફાની બનતો જતો વાયરો સુસવાટા મારતો હતો. અર્ધો ડિસેમ્બર વીત્યો ત્યારે માનસરોવરના કિનારા પર બે-બે ફૂટની બરફની શિલા બની પાણી જામી ગયું હતું. ૨૧મી ડિસેમ્બરે સરોવરના મધ્યભાગમાં પાણી થીજી જવા લાગ્યું હતું. ૫૦ થી ૧૦૦ વારના પહોળા પટમાં અહીં-તહીં બરફની શિલાઓ દેખાવા લાગી હતી. છતાં માંધાતા પર્વતની ટોચ પરથી સુસવાટા મારતો ઠંડોગાર વાયુ સરોવર પર અથડાતો અને સમુદ્ર જેટલાં મોજાં ઉછાળતો હતો. તેની ગર્જના બિહામણી લાગતી હતી.'[૫૦]

૩૦ ડિસેમ્બર, ૧૯૩૬ના રોજ ૩૦૦ ફૂટ ઊંડું અને ૫૧૮ ચોરસ કિ.મી.માં વ્યાપેલું આ સંપૂર્ણ માનસરોવર થીજી ગયું હતું.[૫૧] સ્વેન હેડિન પોતાના પુસ્તક 'ટ્રાન્સ હિમાલય'માં નોંધે છે કે 'એ સમયે ક્યારેક અહીં વાતાવરણ એટલું બધું ઠંડું થઈ જાય છે કે આટલું મોટું માનસરોવર માત્ર એક જ કલાકમાં થીજી જાય છે!'[૫૨]

પ્રણવાનંદજી નોંધે છે કે સન ૧૯૪૪માં શિયાળા દરમ્યાન અહીં રોકાયા ત્યારે જાન્યુઆરી ૯ થી ૧૨ દરમ્યાન સંપૂર્ણ સરોવર થીજી ગયું હતું. થીજેલા સરોવરના બરફનો પોપડો છ-છ ફૂટ જેટલો જાડો હોય છે. માનસરોવરની બાજુમાં જ આવેલું અને ૩૬૨.૫ ચોરસ કિ.મી.માં વ્યાપેલું સરોવર રાક્ષસતાલ પણ સંપૂર્ણ થીજી જાય છે.[૫૩]

એક દિવસ સ્વામી પ્રણવાનંદજીએ પોતાના ધ્યાનખંડની બહાર આવીને જોયું તો સ્તબ્ધ બની ગયા. દૃશ્ય એટલું અદ્‌ભુત હતું કે તેના રોમાંચથી તેઓ ભાન ગુમાવી બેઠા અને કેટલાય સમય સુધી મૂર્છાવશ થઈ ગયા... સરોવરનું જળ બરફ બનીને ચમકી રહ્યું હતું... માનસરોવર અને રાક્ષસતાલ – બંને સરોવરો થીજે છે ત્યારે શરૂઆતમાં અપારદર્શક શ્વેત બરફનું સ્વરૂપ ધારણ કરે છે. લગભગ મહિના પછી આ બરફ પારદર્શક થઈ જાય છે, અને લીલાશ પડતા વાદળી રંગની વિશિષ્ટ શોભા ધારણ કરે છે. થીજેલા આ સરોવરની પારલૌકિક શોભાનું વર્ણન કરતાં પ્રણવાનંદજી નોંધે છે : 'One such sight is a hundred times more effective, impressive, and sufficient to put one into a meditative mood than a series of artificial sermons, meditation classes, or got-up speeches from a pulpit. So it is that our ancestors and rishis used to keep themselves in touch with Mother Nature to have a glimpse of the Grand Architect.'[૫૪]

અર્થાત્ 'કોઈપણ વ્યક્તિને ભાવસમાધિમાં લઈ જવા માટે પારાયણોની શ્રેણીઓ, ધ્યાનના વર્ગો કે વ્યાસપીઠ પરથી અપાતાં અનેક વ્યાખ્યાનો કરતાં સર્જનહાર પરમાત્માએ રચેલું આવું એક અદભુત દૃશ્ય, સેંકડોગણું વધુ અસરકારક, વધુ પ્રભાવક અને પર્યાપ્ત છે.'

## સમાધિસ્થ માનસરોવરમાં પ્રકૃતિનું વિલક્ષણ તાંડવ


તિબેટના હાડ ગાળી નાખે એવા ઠંડા વાયરા વચ્ચે, આવી અનન્ય અને વિલક્ષણ પ્રાકૃતિક શોભા ધારણ કરતા સરોવર પર નીલકંઠ પધાર્યા ત્યારે સરોવરનો થીજી જવાનો પ્રાકૃતિક ખેલ ચાલુ હતો. પરંતુ હવે બીજા હોનહાર ખેલના તેમણે સાક્ષી બનવાનું હતું. કયું હતું એ તાંડવ?

જાન્યુઆરી-ફેબ્રુઆરી દરમ્યાન એક મહિના સુધી થીજી ગયેલા માનસરોવરની સપાટી પર થોડા દિવસો પછી એક આશ્ચર્યકારક ઉપક્રમ શરૂ થાય છે. બિહામણા કડાકા-ભડાકા સાથે માનસરોવરની બર્ફીલી સપાટી પર તિરાડો પડવાનું શરૂ થાય છે. ફેબ્રુઆરીમાં નીલકંઠ જ્યારે માનસરોવર પહોંચ્યા ત્યારે, સ્વામી પ્રણવાનંદજીના અભ્યાસ મુજબ, થીજી ચૂકેલા માનસરોવરમાં તિરાડો પડવાની શરૂઆત થઈ ચૂકી હતી. આ પ્રાકૃતિક ઘટના કેવી ભયપ્રેરક હોય છે તેનું વર્ણન કરતાં પ્રણવાનંદજી લખે છે:

'સવારે ૬ થી ૧૦ દરમ્યાન સરોવરમાં આંતરિક ખળભળાટ મચી જાય છે. તેમાંથી પ્રચંડ અવાજો ઉદ્‌ભવે છે. જાણે ખૂંખાર વાઘ-સિંહની ડણકો કે હાથીની બિહામણી

૫૦. Swami Pranavananda, 1949, p. 27-28.
૫૧. Ibid.
૫૨. Sven Hedin, 1910, Vol. 2, p.180.
૫૩. Swami Pranavananda, 1949, p. 30.

૫૪. Ibid, p. 35.

નીલકંઠ માનસરોવર પધાર્યા તે કાતિલ શિયાળાની ઋતુમાં સંપૂર્ણ થીજી ગયેલા માનસરોવરમાં ભયાનક ગર્જનાઓ સાથે આમ તિરાડો પડવા માંડે છે અને ગણતરીની ક્ષણોમાં કિનારા પર બરફની પાટોના ગંજ ખડકાઈ જાય છે.
સન ૧૯૩૬-૩૭માં સ્વામી પ્રણવાનંદજીએ લીધેલી એ પ્રાકૃતિક લીલાની તસ્વીરો

ગર્જનાઓ થતી હોય તેવા હૈયું ધ્રુજાવનારા ધ્વનિઓ, સુરંગ(ડાયનેમાઇટ)થી જાણે પહાડોના ફૂરચેફૂરચા ઊડતા હોય તેવા ભયંકર કડાકાઓ, તોપોના ભડાકાઓ, એવા જાત જાતના ભયાનક અને પ્રચંડ અવાજો સતત સંભળાતા રહે છે. એટલું જ નહીં, તમામ પ્રકારનાં વાદ્યોના સ્વરો કે તમામ પ્રકારનાં પ્રાણીઓના પોકારોનો ધ્વનિ પણ અનુભવાય છે! સરોવરના આ ભયાનક ખળભળાટ અને વિચિત્ર ધ્વનિઓનું કારણ, થીજી ગયેલા સરોવરમાં પડતી તિરાડો છે. આ તિરાડો ક્યારેક ૫૦ થી ૮૦ ફૂટ પહોળી પણ હોય છે!'[૫૫]

લેખક લખે છે કે આ તિરાડો અને તેના અવાજ એટલા ભયાનક હોય છે કે થીજેલા માનસરોવર પાસે પગે ચાલીને જવાની કોઈ હિમ્મત કરી શકતું નથી. સ્વામી પ્રણવાનંદજીએ એક વખત થીજેલા માનસરોવર પર ચાલવાની હિંમત કરી ત્યારે અચાનક કડાકા ને ભડાકા સાથે બરફની તિરાડો એવી પડી કે, પળભરમાં પાંચ ફૂટના બરફનો ગંજ તેમની આગળ ખડકાઈ ગયો અને તેઓ તેની નીચે ગરકાવ થઈ ગયા. જો કે પ્રભુકૃપાથી તેમણે પોતાની જાતને બચાવી લીધી હતી.[૫૬]

આ તિરાડો પડવાની સાથે અંદરથી ઠંડું હિમજળ પણ ઊછળીને બહાર આવે છે. અને તેની સાથે બરફની ઊછળતી મહાકાય શિલાઓ કિનારા તરફ ધકેલાય છે. આ બર્ફીલી શિલાઓ કિનારે આવે છે ત્યારે ધડાકા સાથે વીજળીની ઝડપે બહાર ખડકાવા લાગે છે. ક્યારેક ગણતરીની ક્ષણોમાં જ છ-છ ફૂટનાં બરફનાં ગંજ કિનારે છવાઈ જાય છે. આ બરફની પાટો એવી મહાકાય હોય છે કે અડધો ડઝન ખડતલ માણસોથી પણ તે ખસેડવાનું શક્ય નથી. મહિના સુધી આ બરફની પાટો એમ ને એમ કિનારા પર અડ્ડો જમાવીને પડી રહે છે.[૫૭]

ભલભલા શૂરવીરોનું હૈયું પણ ધબકાર ચૂકી જાય એવી ગર્જનાઓ વચ્ચે, પ્રકૃતિના ભીષણ ખેલ વચ્ચે, માંધાતા અને કૈલાસ પર્વત વચ્ચેના આ ભેંકાર બર્ફીલા પ્રદેશમાં, બર્ફીલા ગંજ વચ્ચે સહજતાથી વિહરતા એકાકી બાળ નીલકંઠનું ચિત્ર મનના પર્દા પર કલ્પી શકાય છે? વિચારમાત્ર રૂંવાડાં ખડાં કરી દે છે.

આ પ્રાકૃતિક લીલા દરમ્યાન સરોવરના કિનારે પીગળેલા બરફનું સ્વચ્છ-નિર્મળ પાણી ધીમે ધીમે છવાઈ જાય છે. જાણે શ્વેત પછેડીને વાદળી કિનાર ઓટી હોય તેવું દૃશ્ય રચાય છે!

માનવ-જીવનને પડકારતી જગતની આ સૌથી વધુ દુષ્કર અને કઠોર પરિસ્થિતિમાં પહોંચીને માનસરોવરના કિનારે બાળયોગી નીલકંઠે પહોંચીને શું કર્યું હતું?

હરિચરિત્રામૃતસાગર નોંધે છેઃ નીલકંઠે સરોવરના કિનારે એ મહાશીત જળમાં સ્નાન કર્યું હતું![૫૮] યુગોથી તપશ્ચર્યા કરતા કૈલાસ-અધિપતિ શિવજી અને પાર્વતીજીને એ એમનું ભાવ-અર્ઘ્ય હતું. અહીં પૂર્વે આવી ગયેલા અને ભવિષ્યમાં યુગો સુધી આવનારા અસંખ્ય મુમુક્ષુ યાત્રિકોને તેમની ભક્તિનું ફળ આપવા જ નીલકંઠે એ મહાશીત જળમાં

૫૫. Ibid, 35.
૫૬. Ibid, 35.
૫૭. Ibid, 35-36.
૫૮. स्वामी श्रीसिद्धानंदमुनि. वाराणसी : (१९७२), २-२०-२०.

જાતને ઝબકોળી હતી. પ્રભુ-દર્શનના તલસાટમાં તપસ્યા કરીને અહીં પોતાના જીવનની કુરબાની આપનારા અસંખ્ય જોગીઓ, જતિઓ, સિદ્ધોનાં તપને નીલકંઠે જાણે સાર્થક કર્યું હતું.

માનસરોવર પર કેટલા દિવસો વિતાવ્યા? નીલકંઠની માનસરોવર યાત્રાનું વર્ણન કરતાં સિદ્ધાનંદમુનિ હરિચરિત્રામૃતસાગરમાં વર્ણવે છે નીલકંઠ વર્ણીએ માનસરોવર ખાતે પાંચ દિવસ વિતાવ્યા હતા.

આ પાંચ દિવસ દરમ્યાન નીલકંઠે અહીં શું કર્યું હશે?

એ સમયમાં માનસરોવર અને કૈલાસની પરિક્રમા હિન્દુઓ અને બૌદ્ધો – બંને માટે ખૂબ મહિમાવંતી બની ચૂકી હતી. કૈલાસની પરિક્રમા વિશે વર્ણન કરતાં સન ૧૮૨૦માં જેમ્સ ફ્રેઝર[૫૯] લખે છે : 'To journey round the Kailash mountain is reputed to be of as much efficacy as a pilgrimage to Loreto, or to Mecca, was to a Roman Catholic of former days, or to a Mussulman of the present.' એ સમયમાં હિંદુઓ માટે કૈલાસની પરિક્રમા અતિ મહિમાવંતી હતી. તો માનસરોવરની પરિક્રમા પણ પરમ મહિમાવંતી મનાતી હતી. ફ્રેઝર નોંધે છે : 'A journey round it which is reckoned a very necessary religious exercise...'

નીલકંઠે યાત્રા કરી તે જ અરસામાં સન ૧૭૯૨માં પુરાણગિરિ અને પુરાણપુરી નામના સંન્યાસીઓએ વર્ણવેલા સ્વાનુભવોમાં જણાવ્યું હતું કે તેમણે માનસરોવરની પરિક્રમા છ દિવસમાં કરી હતી.[૬૦] અન્ય યાત્રિકોએ પાંચ દિવસમાં પણ તે પૂરી કરી છે. નીલકંઠ પણ પાંચ દિવસ સુધી માનસરોવર પર રોકાયા હતા. દિવસોનો તાળો મેળવતાં એવું લાગે છે કે તીર્થ-મહિમાથી સભર નીલકંઠે પણ આ પાંચ દિવસ માનસરોવરની પરિક્રમા કરવામાં જ વિતાવ્યા હશે. સરોવરની પરિક્રમા કુલ ૮૭ કિ.મી. લાંબી છે.

જો કે અહીં આ વાત પાંચ દિવસની જ નથી.

હરિચરિત્રામૃતસાગર નોંધે છે કે અખાત્રીજે તા. ૧૩-૫-૧૭૯૩ના રોજ બદરીનાથનાં દ્વાર ખૂલ્યા છેક ત્યારે નીલકંઠ માનસરોવરની યાત્રા પૂરી કરીને ત્યાં પધાર્યા.[૬૧] બદરીનાથથી નીકળેલા નીલકંઠ જોશીમઠ, બદરીવન, માનસરોવર થઈને પુનઃ બદરીનાથ આવ્યા તે દરમ્યાન છ માસ વીત્યા હતા. આ પૈકી શરૂઆતના ત્રણ મહિના તેમણે, પૂર્વે કહ્યા મુજબ, બદરીવનમાં વિતાવ્યા હતા. બાકીના ત્રણ મહિના માનસખંડમાં વિતાવ્યા હતા.

વળી, નીલકંઠની યાત્રાના વર્ષે જ સન ૧૭૯૨માં પુરાણપુરીએ કરેલા વર્ણન મુજબ, બદરીનાથથી કૈલાસ - માનસરોવરનું અંતર કાપતાં આશરે ૧૦ દિવસ જેટલો સમય થાય છે.[૬૨] સ્વામી તપોવનજીએ પણ એટલો જ સમય વર્ણવ્યો છે. અર્થાત્ આવવા-જવાના ૨૦ દિવસો સહિત નીલકંઠે ત્રણ મહિના માનસખંડમાં વિતાવ્યા હતા.

આ ત્રણ માસ દરમ્યાન માનસખંડના કાતિલ શિયાળામાં તેઓ જીવિત કઈ રીતે રહી શક્યા હશે?

આ ત્રણ માસ દરમ્યાન માનસખંડમાં નીલકંઠે શું કર્યું હશે? માનસખંડમાં તેઓ કોઈ સ્થાનમાં રોકાયા હશે?

આ ત્રણ માસ તેમણે શું ખાધું હશે?

તેમણે વર્ણવેલાં માનસરોવરના હંસો, માનસરોવરની અન્ય ભૌગોલિક વિશેષતાઓ તેમજ માનસખંડનાં તેમનાં અન્ય વર્ણનો, વાસ્તવિકતા સાથે શું સામ્ય ધરાવે છે?

આવા કંઈક સવાલો આ જ સુધી અનુત્તર રહ્યા છે. હવે પછી પ્રસ્તુત કરેલાં કેટલાંક સંશોધનો આ વણઉકલ્યા સવાલોને ઉકેલવામાં મદદરૂપ થઈ શકે છે.

## નીલકંઠ કઈ રીતે જીવિત રહી શક્યા હશે?

યોગ્ય ખોરાક, યોગ્ય સાધનસામગ્રી કે જરૂરિયાતો સિવાય માણસ જ્યાં જીવી જ ન શકે, તેવા હિમાલયના અતિ ઠંડા પ્રદેશમાં, અતિ ઠંડી ઋતુમાં, -૨૮° સેલ્સિયસ વાતાવરણમાં, ૧૫,૦૦૦ ફૂટ ઊંચાઈએ નીલકંઠ કઈ રીતે જીવિત રહી શક્યા હશે? તે વાત એક રહસ્ય જ રહી જવા પામી છે. આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં બે ઘટનાઓ અભ્યસનીય છે.

અમેરિકાની વિશ્વવિખ્યાત હાર્વર્ડ યુનિવર્સિટી(બોસ્ટન) દ્વારા પ્રકાશિત થતા વિજ્ઞાન અને સંશોધનના પ્રતિષ્ઠિત સામયિક 'હાર્વર્ડ યુનિવર્સિટી ગેઝેટ'ના એપ્રિલ ૧૮, ૨૦૦૨ના અંકમાં, એક વિશિષ્ટ સંશોધન પ્રકાશિત કરવામાં આવ્યું છે. હાર્વર્ડ મૅડિકલ કૉલેજના વિજ્ઞાની અને 'માઇન્ડ-બોડી મૅડિકલ ઇન્સ્ટિટ્યૂટ(બેથ ઇઝરાયલ ડિકનેસ મૅડિકલ સેન્ટર, બૉસ્ટન)ના અધ્યક્ષ ડૉ. હર્બર્ટ બેન્સને એક પ્રયોગ કરીને જાહેર કર્યું હતું કે માણસ જીવી જ ન શકે તેવા અતિ ઠંડીના અસામાન્ય સંજોગોમાં પણ યોગી ધ્યાન-યોગ અને પ્રાણાયામથી પોતાનું અસ્તિત્વ ટકાવી શકે છે.

સન ૧૯૮૫માં ફેબ્રુઆરીના શિયાળામાં તેમની મૅડિટેશન ટીમે બૌદ્ધ સાધુઓને હિમાલયમાં ૧૫,૦૦૦ ફૂટ

૫૯. James Baillie Fraser, 1820, Reprint 1982, p. 290.

૬૦. *Asiatic Researches.* (1808), Vol. 5, p. 44.

૬૧. स्वामी श्रीसिद्धानंदमुनि. वाराणसी : (१९७२), पृ. ३७३.

૬૨. *Asiatic Researches.* (1808), Vol. 5, p. 45

ઊંચાઈએ ખુલ્લા આકાશ નીચે પથ્થરની ચટ્ટાન પર, આખી રાત સુવડાવીને ધ્યાનના વિશિષ્ટ પ્રયોગો કર્યા હતા. હાર્વર્ડ ગેઝેટ નોંધે છે કે એ રાત્રે તાપમાન -૧૭.૭° સેલ્સિયસ જેટલું નીચે ગયું હતું. છતાં સૌના આશ્ચર્ય વચ્ચે, આવી અસહ્ય ઠંડીમાં ખુલ્લામાં પથ્થરની ચટ્ટાન પર, સૂતરની સાદી ચાદર ઓઢીને બૌદ્ધ સાધુઓએ આખી રાત ગાઢ ઊંઘ લીધી હતી! માત્ર ધ્યાન-યોગની પ્રક્રિયાના આધારે જ તેમણે શરીરને એવું કેળવી લીધું હતું કે, આખી રાત દરમ્યાન -૧૭.૭° સેલ્સિયસ નીચું તાપમાન તેમના શરીરમાં નાની સરખી ધ્રુજારી પણ પેદા કરી શક્યું નહોતું![૬૩] (છબિઃ પૃ. ૨૫ ઉપર)


૨૦ વર્ષ સુધી યોગ-ધ્યાનની પ્રક્રિયાઓનો ઊંડો અભ્યાસ કરનાર ડૉ. હર્બર્ટ બેન્સનના શબ્દોમાં જોઈએ તો "It is characterised by decreases in metabolism, breathing rate, heart rate, and blood pressure." ધ્યાનથી શરીરની ચયાપચયની પ્રક્રિયા, શ્વાસની પ્રક્રિયા, હૃદયની ધડકન અને બ્લડપ્રેશર પર પણ નિયંત્રણ લાવી શકાય છે.[૬૪]

ડૉ. હર્બર્ટ બેન્સને આ પ્રયોગ દ્વારા જે કંઈ પુરવાર કર્યું છે તે, -૨૮° તાપમાનમાં નીલકંઠે કેવી રીતે જીવન ટકાવી રાખ્યું હશે તેને નક્કર વૈજ્ઞાનિક આધાર આપે છે. યોગ દ્વારા આવી પરિસ્થિતિમાં પણ જીવન શક્ય બને છે, તે નિર્વિવાદ છે.

જો કે નીલકંઠે નેપાળમાં હિમાલયના જંગલમાં અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યો તે પહેલાં એક વર્ષ પહેલાંની આ વાત છે. આમ છતાં ઉપરોક્ત વાતાવરણમાં પણ નીલકંઠ જીવિત રહી શક્યા, તે સૂચવે છે કે તેઓ જન્મસિદ્ધ યોગી જ હતા.

બીજો અભ્યસનીય કિસ્સો હિન્દી સાહિત્ય જગતના જાણીતા લેખક શ્રી તરુણ વિજયનો છે.

ભારત સરકારના કેન્દ્રીય ગૃહ મંત્રાલયની સલાહકાર સમિતિના પૂર્વ સભ્ય અને 'પાંચજન્ય'ના સંપાદક શ્રી તરુણ વિજયે સન ૧૯૯૨માં માનસરોવર યાત્રામાં એ વિશિષ્ટ અનુભવ કર્યો હતો. માનસરોવરની પરિક્રમા કરતાં તેમને તારચેન પાસે ૨૬-૨૭ વર્ષના સ્વામી વિકાસાનંદગિરિ નામના સંન્યાસીનો યોગ થયો હતો. ૧૫,૦૦૦ ફૂટની ઊંચાઈએ, કાતિલ ઠંડીમાં આ સંન્યાસી ખુલ્લા પગે સામાન્ય સૂતરનાં વસ્ત્ર પહેરીને ફરી રહ્યા હતા. ઠંડીથી કાંપતા શ્રી તરુણ વિજય અને સાથીઓએ તેમને પૂછ્યું કે આપને ઠંડી




લાગતી નથી? પ્રત્યુત્તરમાં સ્વામી વિકાસાનંદગિરિએ કહ્યું હતું કે અભ્યાસ હોય તો ઠંડી ન લાગે. કૈલાસ ક્ષેત્રમાં એવી અનેક જડીબુટ્ટીઓ પણ ઊગે છે કે જે ખાઓ તો હાડ ગાળી નાંખે એવા શિયાળામાં પણ તમને પરસેવો વળી જાય.[૬૫]

શ્રી તરુણ વિજય અને સાથીઓએ જિજ્ઞાસાપૂર્વક એ જડીબુટ્ટી માંગી લીધી. ત્યારબાદ તેઓ કૈલાસ પરિક્રમામાં આગળ વધ્યા. અહીં તેમને ૧૮,૬૦૦ ફૂટ ઊંચાઈએ આવેલો દોલમા ઘાટ ઓળંગવાનો આવ્યો. અહીં વાતાવરણ અત્યંત ઠંડું હતું. ઠંડી હવા શરીરને વીંધવા લાગી. થાક અને ઠંડીથી હિંમત તૂટવા લાગી હતી. અસહ્ય ઠંડીમાં બે-ત્રણ પગલાં ભરીને તેમને અટકી જવું પડતું હતું. ત્યારે તેમને સ્વામી વિકાસાનંદગિરિએ આપેલાં જડીબુટ્ટીનાં ઝીણાં ઝીણાં સફેદ ફૂલ યાદ આવ્યાં. પરંતુ એ અજાણ્યા સંન્યાસીની આ અજાણી જડીબુટ્ટી પર કેટલો વિશ્વાસ કરવો? છતાં અસહ્ય ઠંડીથી મજબૂર થઈને તેમણે ખિસ્સામાંથી ૧૦-૧૫ ગ્રામ જેટલાં ફૂલ કાઢીને ખાઈ લીધાં. પોતાના આ અનુભવને વર્ણવતાં શ્રી તરુણ વિજય લખે છે કે ફૂલ ખાધાં પછી તાત્કાલિક તો કંઈ થયું નહીં, પરંતુ અડધા કલાકમાં તેમના રોમેરોમમાંથી ગરમી છૂટવા લાગી. જાણે ભઠ્ઠી તાપતા હોય એવી ગરમી![૬૬]

નીલકંઠે એવી કોઈ જડીબુટ્ટીનો પ્રયોગ કર્યો હશે કે કેમ? તેનો કોઈ જ ઉલ્લેખ તેમના સમકાલીન ગ્રંથોમાંથી ઉપલબ્ધ નથી. પરંતુ આવી જડીબુટ્ટીઓ માણસના અસ્તિત્વને ટકાવી રાખે છે એ બાબત નિશ્ચિત છે.

---

૬૩. Harvard Uni. Gazette, April 18, 2002, Boston, USA.

૬૪. Ibid.

૬૫. तरुण विजय. (१९९४), पृष्ठ ६४.

૬૬. तरुण विजय. (१९९४), पृष्ठ ७९.





અમેરિકાની વિશ્વવિખ્યાત હાર્વર્ડ યુનિવર્સિટીના વિજ્ઞાની ડૉ. હર્બર્ટ બેન્સને યોગ અને ધ્યાન પર વિશિષ્ટ પ્રયોગો કરીને સિદ્ધ કર્યું કે, શરીર ટકી જ ન શકે તેવા અતિ ઠંડા વાતાવરણમાં પણ યોગ અને ધ્યાન દ્વારા માણસ પોતાનું અસ્તિત્વ ટકાવી શકે છે.

## માનસખંડમાં નીલકંઠનો આહાર

નીલકંઠની જન્મસિદ્ધ યોગ-સિદ્ધિઓનું બીજું પ્રમાણ છે - તેમનો આહાર. માનસખંડના ત્રણ મહિના દરમ્યાન નીલકંઠે શાનો આહાર કર્યો હશે તે વિષે, એકવાર 'હિમાલયે તેમને ફળો આપ્યાં હતાં'[૬૭] તેટલા ઉલ્લેખ સિવાય ગ્રંથો મૌન સેવે છે. એવું પણ સંભવી શકે છે કે નીલકંઠે માર્ગમાં આવતી વનસ્પતિનાં ફળ, પર્ણો કે મૂળિયાંઓનો આહાર કરીને ગુજરાન કર્યું હશે. પરંતુ એવી ખાદ્ય વનસ્પતિઓ આ માનસખંડમાં ખરેખર ઊગે છે? કેટલી ઊગે છે?

માનસખંડમાં ઊગતી વનસ્પતિઓનો બોટોનિકલ અભ્યાસ કરનાર સ્વામી પ્રણવાનંદજીનાં સંશોધનો મુજબ અહીં ખાસ ખાદ્ય વનસ્પતિ કે ફળાઉ વૃક્ષ-છોડ ઉદ્‌ભવતાં નથી. માનસરોવર-કૈલાસથી દક્ષિણ ભાગમાં થુલિંગ મઠ તરફ 'જિંબુ' નામનો જંગલી છોડ ઊગે છે. સ્થાનિક તિબેટીઓ ડુંગળી તરીકે તેનો ખાવામાં ઉપયોગ કરે છે. 'તરુઆ' નામના જંગલી કાંટાળા છોડ પર ઊગતા 'તરચેમા' નામના તીખા ફળનો ચટણી તરીકે ખાવામાં ઉપયોગ કરે છે. આ ઉપરાંત 'બથુઆ' તરીકે જાણીતું તિબેટી લસણ પણ ગમે ત્યાં ઊગી નીકળે છે. માનસરોવરની આસપાસ મશરૂમ (બિલાડીનો ટોપ) પણ જુદી જુદી વેરાઇટીમાં ઊગી નીકળે છે. જો કે આમાંથી ઘણાં બધાં મશરૂમ અખાદ્ય એટલે કે ઝેરી હોય છે. ક્યાંક ક્યાંક 'જીરા' નામનો જંગલી છોડ ઊગે છે, જેનો ખાદ્ય વાનગીઓમાં વપરાશ થાય છે. સ્થાનિક જંગલી પ્રજા આવી જંગલી વનસ્પતિઓનો ખાવામાં સાધારણ ઉપયોગ કરે છે. આમ, તિબેટના પ્રદેશમાં ખાદ્ય વનસ્પતિઓ નહિવત્ જ હોવાના કારણે અને અતિશય ઠંડું વાતાવરણ હોવાના કારણે મુખ્યત્વે તે લોકો માંસાહાર પર જ જીવન ગુજારે છે.[૬૮]

પરિણામે, ડુંગળી, લસણ, જંગલી મશરૂમ જેવા અખાદ્ય પદાર્થો અને માંસાહારનો જીવનભર સ્પર્શ ન કરનાર નીલકંઠ માટે માનસખંડમાં આહારને લાયક કશું જ ઉપલબ્ધ નહોતું. એમાંય, તેમણે શિયાળામાં માનસરોવરની યાત્રા કરી ત્યારે બરફવર્ષામાં આમાંથી કેટલી ખાદ્ય વનસ્પતિઓનું અસ્તિત્વ રહ્યું હશે તે એક મોટો અનુત્તર સવાલ છે.

## તો માનસખંડની યાત્રામાં નીલકંઠે શું ખાધું હશે?

હવે, છ મહિનાની યાત્રા બાદ અખાત્રીજના દિવસે તેઓ બદરીનાથમાં પ્રવેશ્યા ત્યારે તેમણે પૂજારીને કહેલા આ શબ્દો વાંચો:

तिहां से हरि चलत भयेऊ। कितनेक दिन करिके तेऊ॥
अखात्री के दिन जब आये। बद्रिनाथ के मंदिर रहाये॥
तिहां से देव के दरशन कीने। सेवक नें तेहि चिनहि लीने॥
श्रीहरि के चरन में सबहि परे आइ।
बोलाये बहु हेत करी भोजन दिने लाइ॥
तब हरि तेहि जेंवत भये सेवक सें कहत बात।
इहां जेंमें ते अन्नकुं फिर इहां जेंमत रहात॥[૬૯]

અર્થાત્ નીલકંઠ બદરીનાથના સેવકોને કહે છે કે 'છેલ્લે અહીં અન્ન જમ્યો હતો, છ માસની યાત્રા પછી ફરી આજે જ અન્ન જમું છું.'

આવા સંજોગોમાં, ખોરાક વિના તેમનું અસ્તિત્વ ટકી

૬૭. स्वामी श्रीसिद्धानंदमुनि. (१९७२), २-२०-२१.

૬૮. Swami Pranavananda, 1949, p. 45.

૬૯. स्वामी श्रीसिद्धानंदमुनि. (१९७२), २-२०-२३-२६.

રહ્યું તે એક અગમ રહસ્ય જ છે.

## માનસરોવરના હંસો અને અન્ય પ્રાકૃતિક શોભા

માનસરોવરમાં વિહરતા રાજહંસો પૌરાણિક કાળથી ભારતીયોની જિજ્ઞાસાના કેન્દ્રમાં રહ્યા છે. શું નીલકંઠે માનસરોવરમાં હંસો નીરખ્યા હતા?

હા! નીલકંઠે માનસરોવરમાં હંસોને વિહરતા જોયાનો ઉલ્લેખ હરિચરિત્રામૃતસાગરમાં સુંદરતાથી વણી લેવામાં આવ્યો છે.[૭૦] નીલકંઠ જે ઋતુમાં ગયા હતા તે ઋતુ માનસરોવરની કઠોરમાં કઠોર શિયાળાની ઋતુ હતી. ચારેબાજુ જ્યાં બરફ છવાયો છે, જ્યાં ઓરડાના વરંડાનું વાતાવરણ -૨૮° સેલ્સિયસ કરતાંય વધુ ઠંડું હોય છે, તેવા અતિ શીત વાતાવરણમાં પક્ષીઓનું હોવું કેવી રીતે શક્ય બનતું હશે?

પરંતુ, નીલકંઠના વર્ણનને સમર્થન આપતાં આ પ્રદેશના વૈજ્ઞાનિક સંશોધક સ્વામી પ્રણવાનંદજી આ જ ઋતુના સ્વાનુભવો વર્ણવતાં લખે છેઃ '૨૮ જાન્યુઆરીના દિવસે, જ્યારે ઓરડાની અંદરનું વાતાવરણ -૧૬° સેલ્સિયસ. જેટલું ઠંડું હતું અને સંપૂર્ણ માનસરોવર ૨ થી ૬ ફૂટ જાડા બરફના પોપડા સાથે થીજી ગયું હતું, તેવા વાતાવરણમાં મેં વીસ-વીસ પક્ષીઓનાં જોડાં માનસરોવર પર ઊતરતાં જોયાં. જામેલા બરફની વચ્ચે પાણીનાં નાનાં ખાબોચિયામાં આ હંસો ક્રીડા કરતાં તરવા લાગ્યા હતા.'[૭૧]

સ્વામી પ્રણવાનંદજીએ નોંધ્યું છે કે 'શિયાળામાં થીજી ગયેલું માનસરોવર પીગળવાની શરૂઆત થાય તેના એક મહિના પહેલાં માનસરોવરના દક્ષિણ અને પશ્ચિમ કિનારે વાદળી આકાશને પ્રતિબિંબિત કરતું સ્ફટિક જેવું ચોખ્ખું પાણી તેની કિનારીઓ ઉપર ધીમે ધીમે છવાવા લાગ્યું હતું. આ કિનારાના પાણીમાં હંસોનાં યુગલ ખૂબ સુંદરતાથી વિહાર કરવા આવી ગયાં.'[૭૨]

અહીં આશ્ચર્યની વાત તો એ છે કે આવી તિરાડો પડ્યા પછી મે મહિનામાં આ વિરાટ સરોવર માત્ર એક જ રાતમાં સંપૂર્ણ પીગળી જાય છે. મોટે ભાગે વૈશાખ મહિનાની પૂનમ પછી આ ઘટના બને છે. એ સમયે સરોવરની શોભા સ્વર્ગને પણ ભુલાવે તેવી અલૌકિક હોય છે. સરોવરનાં સ્વચ્છ અને વાદળી જળમાં હંસોનો વિહાર અદ્ભુત દૃશ્ય રચે છે.[૭૩]

હંસોના આ વિહારને પ્રત્યક્ષ નીરખીને શ્રી રામશરણ વિદ્યાર્થી નોંધે છે : 'वास्तव में मराल इस विशाल सरोवर का एकमात्र राजा है और इसके अधिकार में कोई हस्तक्षेप नहीं कर सकता।'[૭૪]

આ હંસોની જળક્રીડાને વર્ણવતાં પ્રણવાનંદજી તેની ખાસિયતમાં નોંધે છે કે 'ખાસ કરીને સવારના સમયે આ જળક્રીડા કે પેટ ભરવાને બદલે અડધી આંખો મીંચીને ધ્યાનસ્થ મુદ્રામાં પરોવાઈ જઈને શાંતિથી સૂર્ય તરફ વિહાર કરે છે.'[૭૫] પ્રણવાનંદજીના આ વર્ણનને ૨૦૦ વર્ષ પૂર્વે નીલકંઠે જોયેલા હંસ માટે લખાયેલી હરિચરિત્રામૃતસાગરની આ પંક્તિઓ સાથે સરખાવો :

हंस बेठे तेहि तीर अपारा।....

बोलत मिष्ट मधुरी बानी। बेठे सबहि जनु मुनि ध्यानी।

હંસો ઉપરાંત, શ્રીહરિચરિત્રામૃતસાગર કહે છે કે નીલકંઠે અહીં અન્ય પક્ષીઓ પણ જોયાં હતાં.[૭૬] સ્વામી પ્રણવાનંદજી તેને સમર્થન આપતાં લખે છે કે તેમને પણ અહીં બ્રાહ્મણી બતક, સવન, તિત્તિરી, સારસ વગેરે પક્ષીઓ જોવા મળ્યાં હતાં.[૭૭] સન ૧૯૯૨માં ૧૮,૬૦૦ ફૂટ ઊંચે દોલમા ઘાટ પર શ્રી તરુણ વિજયે તો કબૂતરોને પણ જોયાં હતાં, સાથે મેના જેવી નાની ચકલીઓ પણ તેમણે જોઈ હતી.[૭૮]

ખરેખર, નીલકંઠની યાત્રાનું હરિચરિત્રામૃતસાગરનું વર્ણન કેટલું પ્રમાણભૂત અને સમુચિત છે!

હરિચરિત્રામૃતસાગર માનસખંડની વિશેષતા વર્ણવતાં લખે છેઃ 'નીલકંઠે અહીં વિવિધ ભાતનાં વૃક્ષો નીરખ્યાં.'[૭૯]

તિબેટી લોકોના તિબેટી ભાષાના ગ્રંથોમાં કૈલાસ - માનસરોવરનાં અનેક મહિમાવંતાં વર્ણનો ઉપલબ્ધ છે. તેમાં એક ઉલ્લેખ સરોવરની ચારે તરફ વૃક્ષોની પંક્તિઓનો ઉલ્લેખ પણ છે.[૮૦] ૨૦૦ વર્ષ પહેલાં સન ૧૭૯૨માં પુરાણપુરી નામના પૂર્વોક્ત સંન્યાસીએ કૈલાસ પર્વત પર ભોજપત્રનાં વૃક્ષો હોવાનું વર્ણવ્યું છે.[૮૧] જો કે હાલ માનસરોવરના કિનારા પર નાના નાના છોડ છૂટા-છવાયા ઊગે છે, પરંતુ માનસરોવર પર કોઈ મોટાં વૃક્ષો જોવા મળતાં નથી. શક્ય છે કે નીલકંઠની યાત્રાના સમયે ઊગતાં

---

૭૦. એજન, ૨-૨૦-૨૦.
૭૧. Swami Pranavananda, 1949, p. 32.
૭૨. Ibid.
૭૩. Ibid, p. 36-37.
૭૪. रामशरण विद्यार्थी. (१९०२), पृ. ९२-९३.
૭૫. Swami Pranavananda, 1949, p. 35.
૭૬. स्वामी श्रीसिद्धानंदमुनि. (१९७२), २-२०-२०.
૭૭. Swami Pranavananda, 1949, p. 23-24.
૭૮. तरुण विजय. (१९९४), पृष्ठ ८१.
૭૯. स्वामी श्रीसिद्धानंदमुनि. (१९७२), २-२०-१९.
૮૦. तरुण विजय. (१९९४), पृष्ठ ३१.
૮૧. *Asiatic Researches.* (1808), Vol. 5, p. 45.

વૃક્ષો ભૌગોલિક પરિવર્તનના કારણે હવે નાબૂદ પણ થઈ ગયાં હોય.

પ્રણવાનંદજી નોંધે છે કે માનસખંડ વિસ્તારમાં ભાતભાતનાં મધુર સુગંધીદાર છોડ અને વેલીઓ પણ ઊગે છે. તેમાંનો એક છોડ 'આર્ટેમેશિયા' કે 'દવનમ્' તરીકે જાણીતો છે. આ સુગંધીદાર પુષ્પવેલીઓને કારણે તેના પર થઈને વહેતો પવન પણ સુગંધિત અનુભવાય છે. કૈલાસ પર્વતના ઢાળ પર કેટલીક સુગંધીદાર વેલી માણસનું મન પ્રફુલ્લિત કરી દે છે.[૮૨]

એટલે જ, નીલકંઠે નીરખેલા માનસરોવરના વર્ણનમાં હરિચરિત્રામૃતસાગર કહે છેઃ

पवन वहत सुगंधहि माना।[૮૩]

નીલકંઠે માનસરોવરમાં લાલ કમળ નીરખ્યાં હોવાનું પણ લખ્યું છે. પરંતુ અન્ય અભ્યાસીઓએ ક્યાંય માનસરોવરમાં લાલ કમળ હોવાનું નોંધ્યું નથી. જો કે લાલ રંગનાં અન્ય પુષ્પોની બિછાત હોવાનું અવશ્ય નોંધ્યું છે.[૮૪]

નીલકંઠ ક્યાં રોકાયા હશે?

માનસરોવર પર રોકાયા તે અને ત્યારબાદ આવવા-જવાના ૨૦ દિવસો બાદ કરતાં બાકીના બે મહિના જેટલો સમય નીલકંઠે ક્યાં વિતાવ્યો હશે? માનસરોવર પર નીલકંઠ ક્યાં રોકાયા હશે? સંપ્રદાયના ગ્રંથોમાં એ વિષે કોઈ માહિતી ઉપલબ્ધ નથી. અભ્યાસના આધારે કેટલીક શક્યતાઓ વિચારી શકાય.

પ્રથમ શક્યતા છે – સરોવરની આસપાસના કોઈક બૌદ્ધ મઠમાં કે ગુફાઓમાં કદાચ તેઓ રોકાયા હોય.

ગંગા અને સિંધુના મૂળની શોધમાં સન ૧૭૧૫માં કાશ્મીરથી માનસરોવર પહોંચનાર ફાધર ડેસીડેરીએ માનસરોવરનું પરીક્ષણ કરતાં નોંધ્યું છે કે 'અહીં સમયે-સમયે તિબેટી લોકો પણ યાત્રાએ અને પરિક્રમાએ આવે છે.' પરંતુ તે સમયે અહીં કોઈ બૌદ્ધ મઠ હોવાનું ડેસીડેરીએ નોંધ્યું નથી.[૮૫]

પરંતુ સન ૧૭૯૨માં 'એશિયાટિક રિસર્ચિસ'માં કાશીના પુરાણપુરી નામના સંન્યાસી માનસરોવરની પોતાની યાત્રાના વર્ણનમાં જોનાથન ડંકનને કહે છે કે, 'તેમણે માનસરોવરની આસપાસના ક્ષેત્રમાં ૨૦ કે ૨૫ ગોમરી(બૌદ્ધ દેરીઓ, મઠો, ધર્મસ્થાનો) જોયાં હતાં.'[૮૬]

શું નીલકંઠે આવા કોઈ મઠમાં આશ્રય લીધો હશે? વળી, નીલકંઠે માનસરોવરની યાત્રા કરી ત્યારે શિયાળામાં આ બૌદ્ધ મઠમાં કોઈ માનવ હશે કે કેમ? તે વિશે માહિતી ઉપલબ્ધ નથી. પરંતુ માંસાહારી તિબેટી લોકો જ્યાં વસતા હતા એવા આ બૌદ્ધ મઠોનું વર્ણન જોતાં એવું લાગે છે કે નીલકંઠે ત્યાં આશ્રય નહીં જ લીધો હોય.

માનસરોવરની આસપાસ આવેલા આ બૌદ્ધ મઠોની સદીઓ પુરાણી લાક્ષણિકતા વર્ણવતાં શ્રી રામશરણ વિદ્યાર્થીએ સન ૧૯૦૨માં નોંધ્યું છે કે 'मानसरोवर के चारों ओर बौद्ध मठ हैं जिन्हें गुम्फा कहते हैं। गुम्फा का अर्थ एकान्त स्थान है। यह गुम्फायें बहुत सी बातों में एक दूसरे से भिन्न हैं, परन्तु गन्दगी सभी में पाई जाती है। बकरी और भेड़ इन गुम्फाओं के भिक्षु और भिक्षुणियों का मुख्य भोजन होने से इन पशुओं की हड्डियों का समूह का समूह बुरी तरह से फैला हुआ मिलता है।'[૮૭]

'यहाँ के गिने चुने, भूले भटके वनवासी अधिकतर मांस पर ही जीवन निर्वाह करते हैं। इनका विशेष व्यवसाय चंवर गौ पालना, भेड़-बकरी चराना तथा ऊन कातना है। यहाँ पर केवल बौद्ध मतावलंवियों के मठों के अतिरिक्त अन्य कोई मकान या निवास स्थान दृष्टिगोचर नहीं होते।... ये स्थान गन्दगी और अन्धकार के भण्डार हैं।'[૮૮]

આ વર્ણનો જોતાં લાગે છે કે અહિંસાપ્રિય નીલકંઠે ત્યાં રહેવાને બદલે કોઈક ગુફામાં રહેવાનું પસંદ કર્યું હોઈ શકે. અથવા તો ખુલ્લા આકાશ તળે પણ રહ્યા હોઈ શકે.

વળી, નીલકંઠે સળંગ બે મહિના એક જ સ્થળે પસાર કરવાને બદલે આસપાસના ક્ષેત્રમાં વિચરણ કર્યું હોઈ શકે.

આસપાસના ક્ષેત્રમાં નીલકંઠ ક્યાં ક્યાં ગયા હોઈ શકે?

## સરયૂના ઉદ્ગમસ્થળ સુધી યાત્રા

અયોધ્યામાં બાળપણ દરમ્યાન નિત્ય સરયૂમાં સ્નાન કરતા નીલકંઠ પાસે એટલી માહિતી ચોક્કસ હતી કે આ પરમ પાવની સરયૂ નદી માનસરોવરના ક્ષેત્રમાંથી ઉદ્ભવે છે. આથી તેમને સરયૂના મૂળ સુધી જવાની ઝંખના હતી જ. એટલે જ આ વિગતોને સમર્થન આપતાં હરિચરિત્રામૃતસાગર નોંધે છે કે માનસરોવરની યાત્રા કર્યા બાદ નીલકંઠ સરયૂ નદીના ઉદ્ગમસ્થાન પર પણ પધાર્યા હતા.[૮૯]

૮૨. Swami Pranavananda, 1949, p. 44.

૮૩. स्वामी श्रीसिद्धानंदमुनि. (१९७२), २-२०-१८.

૮૪. Swami Pranavananda, 1949, p. 44-45.

૮૫. Sven Hedin, 1913, Vol. 3, p. 197.

૮૬. Ibid, 205-206.

૮૭. रामशरण विद्यार्थी. (१९०२), पृ. ९७.

૮૮. એજન, પૃ. ૧૦૬, ૧૧૧.

૮૯. स्वामी श्रीसिद्धानंदमुनि. (१९७२), २-२०-२३.

પરંતુ સરયૂ નદીનું ઉદ્‌ગમ ક્યાં આવ્યું છે?

સ્કંદપુરાણ સહિત પ્રાચીન ભારતીય પુરાણ સાહિત્ય સરયૂને માનસરોવરમાંથી ઉદ્‌ભવતી દર્શાવે છે. તિબેટી કથાઓનાં પ્રાચીન સાહિત્યમાં પણ સરયૂ નદીને માનસરોવરમાંથી વહેતી દર્શાવવામાં આવી છે.[૯૦]

પરંતુ સન ૧૮૧૨ના ઑગસ્ટ માસમાં ડૉ. વિલિયમ મૂરક્રોફ્ટ નામના બ્રિટિશ સાહસવીર સંશોધક પોતાના કાફલા સાથે માનસરોવર આવ્યા ત્યારે તેમણે માનસરોવરની સમગ્ર પરિક્રમા કરીને, પોતાના સાથીઓ દ્વારા વારે વારે પરીક્ષણ કરીને નોંધ્યું હતું કે માનસરોવરના કિનારાઓ પરથી કોઈ જ નદી વહેતી નથી, ઉદ્‌ભવ થતો નથી. સન ૧૭૬૫માં જર્મનીના જેસ્યુઈટ પાદરી જોસફ ટિફેન્થેલરે સરયૂને માનસરોવરની બાજુના રાવણહ્રદ(રાક્ષસ તાલ)માંથી વહેતી હોવાનું નોંધ્યું છે.[૯૧] સંન્યાસી પુરાણપુરી પણ રાવણહ્રદ (રાક્ષસ તાલ)માંથી સરયૂ નદી વહેતી હોવાનું નોંધે છે.[૯૨] પણ નીલકંઠની યાત્રા બાદ ૪ વર્ષ પછી સન ૧૭૯૬માં માનસરોવરની યાત્રા ખેડનાર વૃદ્ધ પંડિત હરવલ્લભે વિલિયમ મૂરક્રોફ્ટને ખાતરીપૂર્વક જણાવ્યું હતું કે તેમણે રાવણહ્રદમાંથી એક નદીનો પ્રવાહ નીકળતો જોયો જ હતો. એ સતલજ નદીનો પ્રવાહ હતો.[૯૩]

જે હોય તે, હિમાલયના ભૂગોળશાસ્ત્રીઓ એટલી વાત ચોક્કસ સ્વીકારે છે કે પુરાણમાં માનસરોવરને સરયૂના ઉદ્‌ભવસ્થાન તરીકે વર્ણવ્યું છે, એ સત્ય હોઈ શકે. પરંતુ ભૂકંપને લીધે આ ભૌગોલિક ફેરફારો થયા છે, પરિણામે સરયૂનું મૂળ માનસરોવરથી દૂર ચાલ્યું ગયું છે. કેટલાક સંશોધકો માને છે કે માનસરોવરનાં જળ જ જમીનની નીચે થઈને અંતઃસલિલા રૂપે સરયૂના ઉદ્‌ગમમાંથી વહે છે.

૩૨ કરતાંય વધુ વખત માનસરોવરની યાત્રા કરીને માનસ-ક્ષેત્રમાંથી ઉદ્‌ભવતી ચારેય નદીઓ(સિંધુ, સતલજ, સરયૂ, બ્રહ્મપુત્ર)નાં મૂળ વિશે પ્રમાણભૂત ભૌગોલિક માહિતી શોધનાર પ્રણવાનંદજી નોંધે છે કે સરયૂનું ઉદ્‌ગમસ્થાન માનસરોવરથી દક્ષિણ-પૂર્વ દિશામાં, માંધાતા પર્વત પાસે, ૪૮ કિ.મી. દૂર આવેલા લામ્પિયા ઘાટમાં છે.[૯૪]

૨૦૦ વર્ષ પહેલાં નીલકંઠ અહીં પધાર્યા ત્યારે તેમણે મહત્ત્વનું કાર્ય સરયૂનું મૂળ શોધવાનું કર્યું હતું. સરયૂનું મૂળ શોધવાની પ્રક્રિયા ઘણી જટિલ જ હતી, પરંતુ સરયૂના મૂળ સુધી જવા માટે પ્રતિબદ્ધ નીલકંઠે તિબેટના મહાશીત વાતાવરણમાં અહીંતહીં ઘૂમીને સરયૂનું મૂળ શોધી કાઢ્યું હતું અને તેમાં સ્નાન કર્યું હતું.

એટલું જ નહીં, શક્ય છે કે તેમણે આ સમય દરમ્યાન માનસખંડમાંથી પ્રવાહિત થતી ચારેય મહાન નદીઓ (સતલજ, સિંધુ, બ્રહ્મપુત્ર અને સરયૂ)નાં મૂળ સુધી જઈને તેને પાવન કર્યાં હોય! અને પૂરા બે મહિના તેમણે આ પવિત્ર નદીઓને શાશ્વત તીર્થત્વ આપવામાં પણ વિતાવ્યા હોય! છેક મે મહિનાની શરૂઆત સુધી આ વિરાટ માનસખંડમાં એકાકી ઘૂમીને નીલકંઠે સરયૂ કે ચારેય નદીઓનાં મૂળ સુધી જઈને એ લોકમાતાઓને ચિરંતન કાળપર્યંત પાવન કરી એ સાહસકથા કેટલી રોમાંચક હશે?

હરિચરિત્રામૃતસાગર વર્ણવે છે કે નીલકંઠની આ સાહસભરી માનસયાત્રાના અદ્‌ભુત અને અજોડ દિલધડક અનુભવો સાંભળીને બદરીનાથના પૂજારીઓ દંગ રહી ગયા હતા.[૯૫] પરંતુ એ અનુભવોની નોંધ તેમણે લખી લીધી હોત તો, વિશ્વના ઈતિહાસ માટે, દુનિયાભરના પર્વતારોહકો માટે, જગતના ઘુમક્કડ સાહસવીરો માટે, અને અધ્યાત્મસાધનાના માર્ગે જીવન યાહોમ કરનારા મુમુક્ષુઓ માટે એ નોંધ આજે કોહિનૂર કરતાંય અનેક ગણી મૂલ્યવાન બની ચૂકી હોત!

## ઉપસંહાર

નીલકંઠની આ યાત્રા કોઈ કપોળકલ્પિત કથા નથી, પરંતુ વાસ્તવિક બનેલી એક ઐતિહાસિક ઘટના છે. એ સામાન્ય માનવી નહોતા, પરંતુ આ પૃથ્વી પર વિચરનારા પરમ દિવ્ય તત્ત્વ હતા. એટલું સમજવા માટે નીલકંઠની આ યાત્રાને એક જુદા દૃષ્ટિકોણથી પ્રસ્તુત કરવાનો આ અલ્પ પ્રયાસ છે. શક્ય છે કે, હજુ વધુ સંશોધન કરવામાં આવે તો માનવ મન કલ્પી ન શકે એવી કેટલીયે અદ્‌ભુત વિગતોનો ખજાનો મળી આવે. યાદ રાખીએ કે આ કોઈ સાહસયાત્રા માત્ર નહોતી, આ એક અજોડ કલ્યાણયાત્રા હતી. આવનારાં હજારો વર્ષો સુધી અસંખ્ય મુમુક્ષુઓને આધ્યાત્મિક સાધનાના માર્ગે કષ્ટો સહન કરવાની પ્રેરણા આપવા માટે; આ તીર્થસ્થળોમાં પૂર્વે સાધના કરી ચૂકેલા અને આવનારાં વર્ષોમાં સાધના કરનારા અસંખ્ય મુમુક્ષુઓને તેમની સાધનાનું ફળ આપવા માટે; એમણે વરસાવેલી આ કરુણાની હેલી હતી. વિશ્વ એ માટે સદાય બાળયોગી નીલકંઠનું ઋણી રહેશે. ◆

૯૦. तरुण विजय. (१९९४), पृष्ठ ४४.

૯૧. Sven Hedin, 1910, Vol. 3, p. 201.

૯૨. *Asiatic Researches.* (1808), Vol. 5, p. 44.

૯૩. Sven Hedin, 1913, Vol. 3, p. 214.

૯૪. Swami Pranavananda, 1949, p. 16.

૯૫. स्वामी श्रीसिद्धानंदमुनि. (१९७२), पृ. ३७८.



## હિમાલયની અગોચર હિમનદીઓના પ્રદેશમાં

# બાળયોગી નીલકંઠની અજોડ કેદાર-બદરી યાત્રા અને બદરી-ગંગોત્રી યાત્રા

શ્રી નીલકંઠ વર્ણીએ બદરીવનથી માનસરોવરની દુર્ગમ-યાત્રા ખેડી હતી, તેવી જ તેમણે ખેડેલી બીજી બે અજોડ યાત્રા એટલે કેદારનાથથી બદરીનાથ અને બદરીનાથથી ગંગોત્રીની યાત્રા.

ઉત્તરાખંડનાં આ ત્રણ તીર્થોનો આધુનિક મોટરમાર્ગ, વર્ષો જૂનો પદયાત્રા માર્ગ અને નીલકંઠે લીધેલો માર્ગ – ત્રણેય બિલકુલ ભિન્ન છે. નીલકંઠે લીધેલો પદયાત્રા માર્ગ અતિ દુર્ગમ અને અકલ્પ્ય છે.

નીલકંઠ વર્ણી જ્યારે હૃષીકેશથી નીકળીને તા. ૧૬-૯-૧૭૯૨ના રોજ કેદારનાથ પધાર્યા ત્યારે દેવપ્રયાગ, રુદ્રપ્રયાગ, ગુપ્તકાશી, ત્રિયુગીનારાયણ, ગૌરીકુંડ થઈને કેદારનાથ પહોંચ્યા હતા. હરિચરિત્રામૃતસાગર નીલકંઠનો કેદારનાથ સુધીનો યાત્રા-માર્ગ આધુનિક માર્ગની જેમ યથાતથા ક્રમશઃ તીર્થો સાથે વર્ણવે છે. તેમણે કયાં કયાં તીર્થ સુધી પહોંચતાં માર્ગમાં કેટલા દિવસ વિતાવ્યા છે, તેનું ઐતિહાસિક વર્ણન ગ્રંથોમાં ઉપલબ્ધ છે. હૃષીકેશથી કેદારનાથ સુધી પહોંચવાનો આધુનિક માર્ગ પણ એ જ છે. પરંતુ કેદારનાથથી બદરીનાથ જવા નીકળેલા નીલકંઠ માટે બે વિકલ્પો હતા.

**વિકલ્પ ૧.** કેદારનાથ, ગૌરીકુંડ, ત્રિયુગીનારાયણ, ગુપ્તકાશી, રુદ્રપ્રયાગ ચમોલી, જોશીમઠ, વિષ્ણુપ્રયાગ અને બદરીનાથ.

**વિકલ્પ ૨.** બીજો વિકલ્પ એ સમયની પગરવાટ હતીઃ કેદારનાથ, ગૌરીકુંડ, ગુપ્તકાશી, ઉખીમઠ, ચોપટા, ગોપેશ્વર, ચમોલી અને ત્યાંથી જોશીમઠ થઈને બદરીનાથ.[1] આ ઉપરાંત પંચ કેદાર થઈને, જોશીમઠ થઈને પણ નીલકંઠ બદરીનાથ પહોંચી શક્યા હોત. આ માર્ગ આજે ખૂબ ઓછો વપરાય છે. પરંતુ, આ વિકલ્પો પસંદ કરવાને બદલે નીલકંઠે નવી જ કેડી કંડારી. હરિચરિત્રામૃતસાગર તે વિષે નોંધે છેઃ

केदारनाथ कर महादेव जोऊ। ताको मंदिर बडो एक सोऊ।
हिमगिरि आगे एक भारी। सो फिरि के चले ब्रह्मचारी।
नौ दिन लगहि चले जबही। बद्रिनाथहि आये तबही॥[2]

અર્થાત્ પૂર્વે દર્શાવેલા વિકલ્પ-૧ કે વિકલ્પ-૨માં વચ્ચે આવતાં તીર્થો જેવાં કે ઉખીમઠ, ગોપેશ્વર, જોશીમઠ વગેરે તીર્થો થઈને બદરીનાથ જવાનો પ્રચલિત માર્ગ લેવાના બદલે નીલકંઠે, કેદારનાથથી આગળ માર્ગમાં આવેલા પર્વતને ફરીને બદરીનાથ જવાનો માર્ગ લીધો.

હવે આ પ્રદેશની ભૌગોલિક સ્થિતિ પર નજર કરીએ.

હરિચરિત્રામૃતસાગરનું વર્ણન યથાર્થ છેઃ કેદારનાથ ધામની ઉત્તર દિશામાં આગળ વધતાં કેદારનાથ પર્વત આવે

૧. हनुमानप्रसाद पोद्दार, तीर्थांक, गोरखपुर, १९५७, पृ. ५३-६०.
૨. स्वामी श्रीसिद्धानंदमुनि. (१९७२), २-१५-१८-१९.

છે. આ કેદારનાથ પર્વતને ફરીને જ નીલકંઠે બદરીનાથનો માર્ગ લીધો હતો એમ જણાય છે. પરંતુ એવો કોઈ માર્ગ છે?


કેદારનાથ પર્વતને ફરવામાં નીલકંઠે છોડાબારી અને દૂધગંગા ગ્લેશિયરો ઓળંગવાં પડે. અહીંથી આગળ ધપતાં કેદારનાથ(૨૨,૭૭૦ ફૂટ) અને મેરુપર્વત(૨૧,૮૫૦ ફૂટ)ની ખીણ વચ્ચે કીર્તિ ગ્લેશિયર તથા સ્ફટિક પીતવર્ણ ગ્લેશિયર પરથી પસાર થવું પડે. આ ગ્લેશિયર ઓળંગીને ગંગોત્રી ગ્લેશિયર સુધી પહોંચાય છે. તેને ઓળંગીને ભગીરથ પર્વતમાળાની ખીણમાં ચાલતાં નંદનવન પહોંચાય છે. નંદનવનથી ચતુરંગી ગ્લેશિયર પર ચાલીને કાલીન્દી ઘાટ(૧૯,૫૨૧ ફૂટ) ઓળંગવામાં આવે તો આરવા ગ્લેશિયરમાંથી વહેતી આરવા નદીની ખીણમાં પહોંચાય છે. આરવાના કિનારે કિનારે ચાલતાં તે ગસ્તોલી પાસે અલકનંદાને મળી જાય છે. અહીંથી દક્ષિણમાં ચાલતાં ૧૧.૫ કિ.મી. દૂર બદરીનાથ પહોંચી જવાય છે. (જુઓ નીચેનો નકશો)

આ જ માર્ગે નીલકંઠ બદરીનાથ પધાર્યા હતા તેમ જણાય છે. પરંતુ, વર્ણનમાં જેટલો સરળ જણાય છે તેના કરતાં કોટિ કોટિ ઘણો દુર્ગમ આ માર્ગ છે. અતિ સાહસિક વૃત્તિ ધરાવતો કોઈપણ યાત્રિક એકલપંડે આ માર્ગે જવાની ક્યારેય હિંમત કરી શકે નહીં, એવો એ ભયાનક માર્ગ છે. કુલ મળીને સાત ગ્લેશિયરો અને આશરે ૧૨૫ કિ.મી.નું અંતર કાપવામાં નીલકંઠને ૯ દિવસ લાગ્યા હતા. એટલે કે નીલકંઠ રોજના માંડ ૧૨ થી ૧૫ કિલોમીટરનું અંતર કાપી શક્યા હતા.

બદરીનાથ પહોંચ્યા પછી ત્યાં વીસ દિવસ રોકાઈને નીલકંઠે, જોશીમઠ થઈને માનસરોવરની યાત્રા કરી અને છ માસ બાદ તેઓ પુનઃ બદરીનાથ પધાર્યા - તે વિશે આપણે પૂર્વે જોઈ ગયા છીએ. પરંતુ, બદરીનાથ પુનઃ પધાર્યા પછી એમની કઠિન યાત્રાની પૂર્ણાહુતિ નહોતી થઈ.

તેઓ પુનઃ બદરીનાથ પધાર્યા ત્યારે તા. ૧૩-૫-૧૭૯૩, અખાત્રીજનો દિવસ હતો. નીલકંઠને હવે ગંગોત્રી જવું હતું. બદરીનાથથી ગંગોત્રી જવા માટેનો એક જ પ્રચલિત માર્ગ છે. તેઓ પુનઃ જોશીમઠ થઈને ચમોલી સુધી નીચે ઊતરે.

*આજ સુધીના ઈતિહાસમાં જે માર્ગો સામાન્ય માનવ માટે અગોચર જ રહ્યા છે,*
*તે બદરીનાથ, કેદારનાથ અને ગંગોત્રીની વચ્ચેના હીમનદીઓના દુર્ગમ પ્રદેશમાં બર્ફાની દરિયાઓ ઓળંગીને ૨૨૯ વર્ષ પહેલાં*
*૧૧ વર્ષીય બાળયોગી નીલકંઠ વર્ણીએ કશીયે સામગ્રી વિના એકલપંડે ખેડાણ કર્યું હતું...*



અહીંથી ગુપ્તકાશી, ત્રિયુગીનારાયણ, બૂઢા કેદાર થઈને ગંગોત્રી પહોંચાય છે. પરંતુ, હરિચરિત્રામૃતસાગરનું વર્ણન જુદો જ નિર્દેશ કરે છે.


નીલકંઠ માનસરોવરની યાત્રાએથી બદરીનાથ પધાર્યા ત્યાં તેમને પંજાબના મહારાજા રણજિતસિંહનો યોગ થાય છે. મહારાજા રણજિતસિંહને નીલકંઠના દિવ્ય વ્યક્તિત્વની મોહિની લાગી ગઈ. નીલકંઠ પ્રત્યે અતિ સ્નેહથી તેમણે તેમને પોતાના રાજ્યમાં પધારવા આગ્રહભરી વિનંતી કરી. મહારાજાએ પોતાનો રસાલો લઈને જોશીમઠ થઈને હરદ્વાર તરફ પ્રયાણ કર્યું ત્યારે પણ પોતાની સાથે ચાલવા તેમણે નીલકંઠને ખૂબ પ્રેમાગ્રહ કર્યો. પરંતુ નીલકંઠને તો ગંગોત્રી જવું હતું. ગંગોત્રી જવાનો જાણીતો માર્ગ લેવો હોત તો, તેમણે મહારાજાની સાથે જ જોશીમઠ તરફ નીચે ઊતરવાનું અનિવાર્ય હતું. પરંતુ નીલકંઠે તેમ કરવાને બદલે કોઈ વિશિષ્ટ માર્ગે જ ગંગોત્રી જવાનું નિરધાર્યું હતું. એટલે જ, મહારાજાનો અતિ વિનય હોવા છતાં તેમની સાથે જવાની ના પાડીને તેમણે કોઈક જુદા જ માર્ગે ગંગોત્રી તરફ પ્રયાણ કર્યું હતું.[૩]

આ જુદો માર્ગ એટલે કયો માર્ગ?

આ વખતે નીલકંઠને પોતે પૂર્વે ખેડેલી કેદારનાથથી બદરીનાથની સીધી યાત્રાનો અનુભવ ખપમાં આવ્યો હતો.

જે માર્ગે તેઓ કેદારનાથથી બદરીનાથ આવ્યા હતા તે જ માર્ગે તેમણે બદરીનાથથી પ્રયાણ કર્યું. પૂર્વના અનુભવથી નીલકંઠને આ પ્રદેશની ભૌગોલિક સ્થિતિનો પૂરતો ખ્યાલ હતો જ. તેમનું ગણિત પાક્કું હતું કે જેમ તેઓ કેદારનાથથી સીધા જ ગ્લેશિયરો ઓળંગીને બદરીનાથ પહોંચ્યા હતા તેમ, એ જ માર્ગે પુનઃ ચાલીને ગંગોત્રી ગ્લેશિયર સુધી પહોંચી જવાય, તો જ્યાંથી ગંગા ઉદ્‌ભવે છે તે ગૌમુખની તીર્થયાત્રા પણ થઈ જાય અને ગંગોત્રી પહોંચી જવાય. (જુઓ નકશો : પૃષ્ઠ ૩૦)

બદરીનાથથી ગંગોત્રીનો આ માર્ગ એટલે મૃત્યુનો માર્ગ. ભલભલા સાહસિક યાત્રિકનું હૈયું હિંમત હારી જાય તેવો ભયાનક આ માર્ગ છે. ગંગાના મૂળને ઓળંગીને ગંગોત્રી સુધી લઈ જતા આ માર્ગે ૧૯,૫૬૭ ફુટ ઊંચા કાલિંદી ઘાટને ઓળંગવાનું અતિ દુર્ગમ છે.[૪] નીલકંઠ પછી લગભગ સવા સો વર્ષે બર્ની નામના એક યુરોપિયન સાહસવીરે પોતાના રસાલા અને ભોમિયાઓને સાથે લઈને



ગંગોત્રી-કેદારનાથ-બદરીનાથ જવાનો પ્રચલિત માર્ગ

ગંગોત્રી-બદરીનાથના આ માર્ગે પ્રયાણ કર્યું હતું ત્યારે આખો ગઢવાલ પ્રદેશ આશ્ચર્યચકિત થઈ ઊઠ્યો હતો. તેની સરખામણીએ માત્ર ૧૨ વર્ષની ઉંમરે નીલકંઠે ખુલ્લા શરીરે, ખુલ્લા પગે, કશીય સાધનસામગ્રી વિના એકલપંડે આ યાત્રા કઈ રીતે કરી હશે? તે કાળજું કંપાવી મૂકે તેવી રોમાંચક સાહસ ગાથા છે.

આ જ માર્ગે ગંગોત્રીથી બદરીનાથ સુધી આવેલા સ્વામી પ્રબોધાનંદજીના રોમાંચક અનુભવો નીલકંઠની દિવ્યતાને સમજવા માટે પૂરતા છે.[૫] સ્વામી પ્રબોધાનંદજીના આ જ યાત્રાના કેટલાક અનુભવો, આ જ અંકમાં પૂર્વે ટાંક્યા છે, પરંતુ સમગ્ર યાત્રાનું વર્ણન એક દિલધડક કહાની છે. ભવિષ્યમાં ક્યારેક સ્વામી આનંદની કલમે વર્ણવાયેલી એ કહાનીને માણીશું ત્યારે કેટલીક અન્ય સંશોધનાત્મક વિગતો માણવાની પણ તક લઈશું.

## બદરીનાથથી ગંગાના મૂળ સુધી પહોંચનાર અજોડ યાત્રી

યુગોથી ભારતની ધરતીને પોષતી લોકમાતા ગંગા ભારતીયોની આસ્થાની ધોરી નસ બની રહી છે. પુરાણ યુગીન મહારાજા ભગીરથથી લઈને આજ પર્યંત ગંગાજળ ભારતવાસીઓનાં દિલમાં રોમાંચ પ્રગટાવે છે. નિત-નિત ગંગા-મૈયાની આરતી ઉતારતા; અમંગલ, અપવિત્ર અને અશૌચને હણવા ગંગાજળનો અભિષેક કરતા કે અંતિમ શ્વાસે ગંગાજળની અંજલિ પામીને મુક્તિની અનુભૂતિ કરતા ભારતવાસીઓ ગંગાજી પ્રત્યે કેટલો આદર ધરાવતા હશે

૩. શ્રીઆધારાનંદમુનિ. શ્રીહરિચરિત્રામૃતસાગર. સંપા. શાસ્ત્રી હરિપ્રકાશ, ગાંધીનગર : (૧૯૯૫) પૃ. ૧૨૨-૧૨૪.

૪. સ્વામી આનંદ, ૬૭-૭૨.

૫. એજન.

તેનો અંદાજ કાઢવાનું અસંભવ છે.

ગંગા પ્રત્યેના અનહદ આદરને કારણે જ આ ધરતી પર કેટલાક વીર સાહસિકો એવા પણ પાક્યા કે જેમણે ગંગા-મૈયાનું મૂળ શોધવાનો દૃઢ નિર્ધાર કર્યો, પરંતુ ગગનચુંબી હિમાલયની એક પછી એક બર્ફીલી ગિરિકંદરાઓ અને ઘાટીઓને ઉલ્લંઘીને ઊછળતી, કૂદતી, ઘૂઘવતા સાગરને મળવા ધસતી ભાગીરથીના મૂળ સુધી જવું એ મોક્ષના માર્ગે પ્રયાણ કરવા તુલ્ય સાહસ હતું. આથી ત્રણેક સદીઓ પહેલાં ગંગાનું મૂળ શોધવાનો મુદ્દો એટલું બધું મહત્ત્વ ધરાવતો હતો કે મોગલ શહેનશાહ અકબરે પણ શાસન તરફથી ગંગાનું મૂળ શોધવા ખાસ ટુકડી નિયુક્ત કરી હતી.[૬]

ત્યારબાદ ભારતમાં વેપારના નિમિત્તે શાસન કરવા સુધી પહોંચેલા યુરોપિયનો પણ ગંગાનું મૂળ શોધવા હિમાલયની કંદરાઓ ઘૂમવા માંડ્યા હતા. સત્તરમી અને અઢારમી સદીમાં ગંગાનું મૂળ શોધવામાં અનેક પ્રવાસવીરોએ જાન ખોયા હતા. આથી ગંગાના મૂળ સુધી કેટલા સાહસવીર યાત્રિકો પહોંચ્યા હશે - એ વિષે છેક ૧૯મી સદી સુધી ઇતિહાસે મૌન જ રાખ્યું છે. સન ૧૮૧૨માં પ્રકાશિત કરેલા સંશોધન નિબંધ *'On the sources of the Ganges in the Himadri or Emodus'* માં ૧૯મી સદીના પ્રસિદ્ધ બ્રિટિશ ઇતિહાસ લેખક એચ. ટી. કોલબ્રૂક લખે છે કે ગંગાનું મૂળ શોધવાની બાબત એ સમયનો જટિલ પ્રશ્ન હતો.[૭] અનેક લોકો ગંગાનું મૂળ શોધવા જતાં મૃત્યુ પામ્યા હતા કે ખોટા પડ્યા હતા. ઇતિહાસકારોનો દાવો છે કે છેક ૧૯મી સદીના પ્રારંભ સુધી ગંગાનું મૂળ શોધવામાં કોઈ જ કામયાબ રહ્યું નહોતું.

એનું એક કારણ હતું – ગંગોત્રીથી આગળ ગૌમુખ સુધી જવાનો માર્ગ અતિ દુર્ગમ હતો. આજે સાધનસજ્જ યુગમાં પણ પદયાત્રાના માર્ગે ગંગોત્રીથી ગૌમુખ સુધી (૨૧ કિ.મી.) પહોંચવામાં એ દુર્ગમતાનો કંઈક અનુભવ કરી શકાય છે.

ગંગાનું મૂળ શોધવામાં ભૂલા પડવાનું બીજું કારણ હતું – કેટલીક પૌરાણિક માન્યતાઓ.

સામાન્યતઃ પૌરાણિક પરંપરા મુજબ પ્રત્યેક હિંદુ માને છે કે કૈલાસ-અધિપતિ શિવજીના મસ્તકમાંથી ગંગા વહે છે. મત્સ્યપુરાણ વર્ણવે છે કે 'કૈલાસ પર્વતની તળેટીમાંથી મંદોદ નામના સરોવરમાંથી ભાગીરથી ગંગા પ્રવાહિત થઈ છે (મત્સ્યપુરાણ, અધ્યાય-૨૧૪). કાલિદાસે મેઘદૂત(પૂર્વમેઘ, ૬૫)માં ગંગાને કૈલાસની ગોદમાંથી વહેતી દર્શાવી છે. આથી હિંદુઓમાં એવી માન્યતા દૃઢ થઈ ચૂકી હતી કે, ગંગાનું મૂળ શિવજીનું ધામ કૈલાસ પર્વત અથવા માનસરોવર છે. પરિણામે, શ્રદ્ધાથી સાહસવીર હિંદુઓ મોતની પરવા કર્યા સિવાય છેક માનસરોવર સુધી ગંગાની શોધમાં ઘૂમી વળ્યા હતા. માત્ર હિંદુઓ જ નહીં, ભારતમાં વેપાર અને શાસન કરવા આવેલા યુરોપિયનો પણ આ જ સંદર્ભોના આધારે માનસરોવર સુધી જઈને ત્યાં ગંગાના મૂળને શોધી રહ્યા હતા. માનસરોવર સુધી યાત્રા કરીને સન ૧૭૩૩માં પ્રકાશિત કરેલા પોતાના સર્વેક્ષણ *'Carte Générale du Thibet'* ની સાથે ફ્રેંચ સાહસવીર દ' એનવિલ નોંધે છે કે, 'ગંગા માનસરોવરમાંથી વહે છે.'[૮] બસ્સો વર્ષ પહેલાં ગંગાના મૂળની શોધમાં ગંગોત્રી સુધી જઈ આવેલા શ્રી પુરાણગિરિ પણ ગંગોત્રીથી આગળ વધી શક્યા નહોતા અને કાઠમંડુ થઈને છેક કૈલાસમાંથી જ ગંગા વહે છે એવી દૃઢતા સાથે ગંગાની શોધમાં માનસરોવર જઈ આવ્યા હતા.[૯]

૧૮મી સદી પૂરી થઈ રહી હતી ત્યારે અંગ્રેજોની કંપની સરકાર ગંગાનું મૂળ શોધવા માટે તલપાપડ હતી. એટલે જ 'સુપ્રીમ ગવર્નમેન્ટ ઑફ બેંગાલ' તરફથી આ આદેશ છૂટ્યો હતોઃ '...To ascertain whether this (i.e. the cascade or subterraneous passage at Gangotri) be the ultimate source of the Ganges; and in case it should prove otherwise to trace the river, by survey, as far towards its genuine source as possible. To learn, in particular, whether, as stated by Major Rennell, it arises from the lake Manasarobar; and, should evidence be obtained confirming his account, to get, as nearly as practicable, the bearing and distance of that lake.'[૧૦]

કંપની સરકારની આ સૂચના મુજબ બ્રિટિશ લેફ્ટનન્ટ વેબ, કેપ્ટન રાપર અને કેપ્ટન હર્સી ગંગાનું મૂળ શોધવા હિમાલયમાં છેક માનસરોવર સુધી ઘૂમી આવ્યા હતા. આખરે, ઇતિહાસ લેખક એચ. ટી. કોલબ્રૂક લખે છે કે છેક ૧૮૦૮ની સાલમાં ગંગાનું મૂળ શોધાયું. લેફ્ટનન્ટ વેબ, કેપ્ટન રાપર અને કેપ્ટન હર્સી(Hearsey)નો કાફલો તેમાં સફળ થયો હતો.[૧૧]

પરંતુ, ઇતિહાસનાં પન્નાંઓ પર એ વાતની નોંધ

૬. Sven Hedin, 1910, Vol. 3, p. 200.
૭. Ibid, p. 210.

૮. Sven Hedin, 1910, Vol. 3, p. 209.
૯. Ibid, p. 208.
૧૦. Ibid, p. 211.
૧૧. Ibid, p. 211-212.

લેવાવી જોઈએ કે સાધનસામગ્રી સાથે ગંગાના મૂળ સુધી પહોંચનારા બ્રિટીશ પ્રવાસવીર લેફ્ટનન્ટ વેબના કાફલા કરતાં ૧૫ વર્ષ પહેલાં, માત્ર ૧૨ વર્ષના બાળયોગી નીલકંઠે, કશીય સાધન સામગ્રી વિના એકલપંડે જ ગંગાના મૂળ સુધી ખેડી નાખ્યું હતું! બદરીનાથથી ગંગોત્રી જવા માટે નીલકંઠે જે માર્ગ પસંદ કર્યો હતો એ માર્ગ એટલે ગંગાના આ મૂળ સુધી લઈ જતો માર્ગ.

ગંગોત્રીથી પૂર્વમાં ૨૧ કિલોમીટર દૂર આવેલા ગૌમુખમાંથી ગંગા ઉદ્ભવે છે. પરંતુ, ૧૮મી સદીમાં પર્વતપ્રવાસી અને જેસ્યુઈટ પાદરી જોસફ ટીફેન્થેલરે નોંધ્યું હતું કે, 'ગંગાનું મૂળ શોધવા માટે ગૌમુખની ખીણને ઓળંગવાનું શક્ય જ નથી.'[૧૨] નીલકંઠ આ દુર્ગમ ખીણને ઓળંગીને જ ગૌમુખ સુધી પહોંચ્યા હતા. અને અહીંથી ઉદ્ભવતી ભાગીરથી ગંગાની ધારા સાથે ચાલતાં ચાલતાં તેઓ ગંગોત્રી થઈને છેક હરદ્વાર સુધી પહોંચ્યા હતા.

પૂર્વે કોઈક વિરલ મહાત્માઓ, સંન્યાસીઓ ગંગાના ઉદ્ભવ સ્થાન સુધી પહોંચ્યા હશે કે કેમ, તે અંગે બ્રિટિશ ઇતિહાસ લેખકોએ નોંધ્યું નથી પરંતુ, શક્ય છે, ઇતિહાસના રેકોર્ડ્સ સંશોધવામાં આવે તો કદાચ નીલકંઠની આ યાત્રા, વિશ્વની સૌપ્રથમ યાત્રા હોઈ શકે છે.

નીલકંઠની ૭ વર્ષની ભારતયાત્રાનાં આવાં અનેક વણઊઘડ્યાં ઐતિહાસિક પ્રકરણો ઉઘાડવામાં આવે તો, ચોક્કસ એમના પગલે પગલે હૃદયમાં અવશ્ય એક જ નાદ ગુંજે: જય નીલકંઠ! જય નીલકંઠ!

**– સાધુ અક્ષરવત્સલદાસ** ◆

૧૨. Ibid, p. 199.

## સંદર્ભ સૂચિ :


01. Sven Hedin. *Trans-Himalaya, Discoveries and Adventures in Tibet.* London: Macmillan and Co. Limited, (1913) Vol. 3,
02. S. G. Burrad and H. H. Hayden. *'A sketch of the geography and geology of the Himalaya mountains and Tibet'.* Delhi: Survey of India (1934) part-3
03. Edwin T. Atkinson. *'Religion in the Himalayas'.* New Delhi: Cosmo Publications, (1974) Reprinted
04. Swami Pranavananda. *Kailas-Mansarovar,* Calcutta: S. P. League, Ltd., (1949) 1st. ed.
05. Jaggish Kaur. Badrinath: A study in site character, pilgrims patterns and process of modernisation. *The Himalayan Heritage.* Delhi: Gian Publishing House, (1987) 1st ed.
06. James Baillie Fraser, *The Himalaya Mountains.* Delhi: Neeraj Publishing House, 1st Reprint 1820, Reprint 1982,
07. Father Giusepee, *An Account of the Kingdom of Nepal. Asiatic Researches.* Calcutta: Asiatic Society, (1794), Re-printed: New Delhi, Cosmo Publications, (1979), Vol. 2
08. Jonathan Duncan, ESQ. An Account of Two Fakeers, With their Portraits. *Asiatic Researches.* Calcutta: Asiatic Society, (1808), Re-printed: New Delhi, Cosmo Publications, (1979), Vol. 5
09. Edwin T. Atkinson. *The Himalayan Gazetteer.* Allahabad: The Himalayan Districts of the North Western Provinces of India, (1882), New Delhi, Cosmo Publications, (1973), Vol. 3, Part 1 and Part 2.
10. Nigel Nicolson. T*he Himalayas, The World's Wild Places.* Amsterdam: Time-Life Books B.V., (1985)
11. Rai Pati Ram Bahadur. *Garhwal, Ancient and Modern.* Gurgaon: Vintage Books, (1992)
12. Rathin Mitra. *Temples of Garhwal & Other Landmarks.* Dehradun: Garhwal Mandal Vikas Nigam Ltd, (1994) 1st ed.,
13. रामशरण विद्यार्थी. *कैलाश-पथ पर.* देहली: शारदा मन्दिर लिमिटेड, (१९०२)
14. तरुण विजय. *कैलास-मानसरोवर यात्रा, साक्षात् शिव से संवाद.* देहरादून: ऋत्विक प्रकाशन, (१९९४), प्रथम संस्करण
15. स्वामी श्रीसिद्धानंदमुनि. *श्रीहरिचरित्रामृतसागर.* संपा. स्वामी हरिप्रकाश, पण्डित श्रीनर्मदेश्वर चतुर्वेदी, वाराणसी : श्रीस्वामिनारायण मंदिर, (१९७२)
16. हनुमानप्रसाद पोद्दार संपा. *'कल्याण' (तीर्थांक).* गोरखपुर : गीताप्रेस, (१९५७)
17. સ્વામી શ્રીઆધારાનંદમુનિ. *શ્રીહરિચરિત્રામૃતસાગર.* સંપા. શાસ્ત્રી હરિપ્રકાશ, શાસ્ત્રી જ્ઞાનપ્રકાશ, ગાંધીનગર : શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર, (૧૯૯૫)
18. સ્વામી આનંદ. *બરફ રસ્તે બદરીનાથ.* અમદાવાદ : બાલગોવિંદ પ્રકાશક, (૧૯૭૦)
19. મગનલાલ જ. ભૂતા. *ઉત્તરાપથ.* મુંબઈ : પરિવ્રાજક પ્રકાશન, (૧૯૭૭)
20. મહારાજા ભગવત્સિંહજી, *ભગવદ્ગોમંડલ,* રાજકોટ : પ્રવીણ પુસ્તક ભંડાર (૧૯૮૬), ભાગ - ૭.

## અમેરિકા ખાતે સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના તપોમય કિશોર સ્વરૂપ

# શ્રી નીલકંઠ વર્ણી મહારાજની ૪૯ ફૂટ ઊંચી ભવ્ય અને અપૂર્વ ધાતુ-મૂર્તિની વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે તાજેતરમાં અમેરિકાની ધરતી પર રોબિન્સવિલ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના કૃપાશિષ સાથે તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણી મહારાજનો ભવ્ય પ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાઈ ગયો ત્યારે પશ્ચિમની દુનિયામાં ભારતીય અધ્યાત્મનું એક વધુ શાંત સોપાન રચાઈ ગયું...

સંસ્કૃતિપુરુષ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આજથી ત્રણેક દાયકા પહેલાં પૃથ્વીના પશ્ચિમ ગોળાર્ધમાં ભારતીય સંસ્કૃતિની સુવાસ ફેલાવતું ભવ્ય સ્વામિનારાયણ અક્ષરધામ રચવાનો સંકલ્પ કર્યો ત્યારે કદાચ કોઈને કલ્પના પણ નહીં હોય કે આ અક્ષરધામ પરિસર કેવું ભવ્ય અને દિવ્ય બનશે. પરંતુ તેઓના આ સંકલ્પને સાકાર કરવા માટે, પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં નોર્થ અમેરિકા ખાતેના બી.એ.પી.એસ. સંસ્થાના સંતો-હરિભક્તોના સમર્પણથી એક પછી એક સોપાનો સર થઈ રહ્યાં છે, તેમ તેમ અક્ષરધામની ભવ્યતાનો નવો નવો ઉઘાડ નીરખવા મળતો જાય છે.

તાજેતરમાં અક્ષરધામની ભવ્યતા અને દિવ્યતાનો પરિચય આપતું એવું એક સોપાન રચાઈ ગયું – તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણી મહારાજનો સ્થાપના ઉત્સવ.

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે બાળવયે પોતાની કલ્યાણયાત્રાનો પ્રારંભ કર્યો ત્યારે તેમનું લક્ષ્ય હતું - પશ્ચિમમાં જવું છે. જો કે ત્યારે તો પશ્ચિમ એટલે એમનું લક્ષ્ય ગુજરાત હતું, પરંતુ એ પશ્ચિમ દિશામાં પહોંચવાના તેમના લક્ષ્યનો વિસ્તાર છેક અમેરિકા સુધી થયો છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સંકલ્પ કર્યો હતો કે સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરમાં શ્રી નીલકંઠ વર્ણીની તપશ્ચર્યા મુદ્રાની ભવ્ય મૂર્તિ સ્થાપિત કરવી છે. તેઓનો એ સંકલ્પ પૂર્ણ કરતો અવસર એટલે - તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણી મહારાજનો સ્થાપના ઉત્સવ.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી અમેરિકા ખાતે નિર્માણાધીન રોબિન્સવિલ અક્ષરધામ પરિસરમાં તા. ૮-૧૦-૨૦૨૧થી તા. ૧૦-૧૦-૨૦૨૧ દરમ્યાન તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણી મહારાજનો ત્રિદિવસીય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાઈ ગયો.

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ આ વસુંધરા પર ૪૯ વર્ષ સુધી બિરાજમાન રહ્યા તેની સ્મૃતિમાં તેઓનું ઊંચામાં ઊંચું ૪૯ ફૂટનું સ્વરૂપ રોબિન્સવિલ અક્ષરધામમાં પ્રસ્થાપિત થયું તે અખિલ સ્વામિનારાયણ સંપ્રદાયમાં એક ઐતિહાસિક અવસર બની રહ્યો. અહીં તેની એક આછી ઝલક મેળવીએ...

## વિશ્વશાંતિ મહાયજ્ઞ

તા. ૮-૧૦-૨૦૨૧ના રોજ આ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાઈ ગયો. આ યજ્ઞનો પ્રારંભ કરાવતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સારંગપુર ખાતે પણ યજ્ઞ કર્યો. રોબિન્સવિલ ખાતે અક્ષરધામના પરિસરમાં

અમેરિકાની ધરતી પર સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરમાં તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણીની ભવ્ય અને દિવ્ય મૂર્તિ સમક્ષ મૂર્તિ-પ્રતિષ્ઠા નિમિત્તે મહાયજ્ઞ યોજાઈ ગયો, જેમાં સંતો-સ્વયંસેવકો-કારીગર ભાઈઓએ આહુતિ અર્પીને ધન્યતા અનુભવી...







સારંગપુર ખાતે મહંત સ્વામી મહારાજે અને તેમને અનુસરીને રોબિન્સવિલમાં પૂજ્ય ઈશ્વરચરણ સ્વામીએ યજ્ઞમાં આહુતિઓ અર્પી...

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો. તપોમય શ્રી નીલકંઠ વર્ણી મહારાજની મૂર્તિ સમક્ષ ઉપમંચ પર રચાયેલી સુંદર યજ્ઞવેદી પર પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને તેઓની સમક્ષ રચાયેલી યજ્ઞવેદી પર સંતો તથા અગ્રણી હરિભક્તો વિરાજમાન થયા હતા. સારંગપુર ખાતે વિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને સદ્‌ગુરુવર્ય પૂજ્ય ડૉક્ટર સ્વામી પણ યજ્ઞવિધિમાં જોડાયા હતા. સારંગપુરથી ઓનલાઇન વીડિયો માધ્યમથી વિધિ કરાવતા વિદ્વાન પુરોહિત શ્રી મૂકેશભાઈ શાસ્ત્રી અને પૂજ્ય શ્રુતિપ્રકાશદાસ સ્વામી વગેરે સંતોના વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે યજ્ઞની શરૂઆત થઈ હતી. રોબિન્સવિલ અને સારંગપુર ખાતે સમાંતરે ચાલતી યજ્ઞવિધિ દ્વારા વેદમંત્રોનો એક અનોખો આધ્યાત્મિક સેતુ રચાયો હતો.

આ ઉત્સવમાં રાલે(ન્યૂજર્સી), જેક્સન(મિસિસિપી) અને ક્લિવલેન્ડ(ઓહાયો) ખાતે પ્રતિષ્ઠિત થનાર અભિષેક-મૂર્તિ શ્રી નીલકંઠ વર્ણીનું પ્રતિષ્ઠા-પૂજન પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ કર્યું હતું. આ વિશ્વશાંતિ મહાયજ્ઞમાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે 'શ્રીજીમહારાજ દયા કરી આ બ્રહ્માંડમાં આવ્યા અને આપણા ભેગા ભળી ગયા એ બહુ મોટી વાત છે. આકાશ-પાતાળ એક કરીએ તોય આ ભગવાન મળે તેવા નહોતા. એક કલ્પ એટલે ૮ અજબ ૬૪ કરોડ વર્ષ. આવા અનંત કલ્પો વીત્યા ત્યારે આ ભગવાને સામેથી આ બ્રહ્માંડ પસંદ કર્યું અને આવ્યા. આપણા જેવી જ ક્રિયા કરી આપણા જેવા થયા. એની કલ્પના પણ થાય તેવી નથી. આ બધા હરિભક્તોએ ભાગ લીધો તે બધા તને, મને, ધને સુખી થાય અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિમાં આગળ વધે. સંપ, સુહૃદભાવ, એકતા, દિવ્યભાવ અને દાસભાવ અને મહિમા આ બધા ગુણો પ્રાપ્ત કરે અને એ જ થશે. બધા હરિભક્તો જબરજસ્ત છે. હરિભક્તોને પણ મહિમા બહુ છે. આપણે બધા હળીમળીને મળ્યા ત્યારે તપસ્વી નીલકંઠ વર્ણી મહારાજે આ લાભ આપ્યો.'

ગુરુહરિ મહંતસ્વામી મહારાજના રૂડા આશીર્વાદ બાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ આશીર્વચન વહાવતાં કહ્યું: 'સમગ્ર ભારતમાં ભ્રમણ કરીને અત્યારે રોબિન્સવિલમાં ૪૯ ફૂટની ભવ્ય-દિવ્ય મૂર્તિમાં સાક્ષાત્ વિરાજમાન થયા છે. આ મૂર્તિ દ્વારા અનંત જીવોનું કલ્યાણ થશે. અક્ષરધામના આ સંકુલની અંદર પ્રવેશ કરીને તપોમૂર્તિ નીલકંઠ વર્ણીનું દિવ્ય સ્વરૂપ, મિચાયેલી આંખો, હાસ્ય વદનનાં જે દર્શન કરશે તે રાજી રાજી થઈ જશે, સુફળ થઈ જશે. અને એ સર્વનું પણ કલ્યાણ થશે.'

આજે તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણી મહારાજનાં ચરણે આહુતિ અર્પવા યજ્ઞમાં ઉપસ્થિત તમામ સંતો-ભક્તોએ, નીલકંઠ-તપ-મુદ્રામાં એક પગે ઊભા રહી માળાજપ કરી સૌના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે સારંગપુરમાં મહંત સ્વામી મહારાજે પણ જપમાળા કરીને પ્રાર્થના કરી હતી.

આ સાથે આ ત્રિદિવસીય યજ્ઞનો પ્રારંભ થયો તેમાં ૩૫ યજ્ઞકુંડ પર નોર્થ અમેરિકાના તમામ સંતો, સ્વામિનારાયણ અક્ષરધામના નિર્માણમાં સેવા આપી રહેલા રાજસ્થાનના સ્વયંસેવક કારીગરભાઈઓ તેમજ અક્ષરધામ પરિસરમાં છેલ્લાં કેટલાંય વર્ષોથી સેવા આપી રહેલા સ્વયંસેવકોએ

વિવિધ યજ્ઞકુંડમાં વેદોક્ત આહુતિઓ અર્પણ કરી હતી. દ્વિતીય દિને નોર્થ અમેરિકાના કિશોર-કિશોરીઓએ આહુતિઓ અર્પી હતી. તૃતીય દિવસે પણ આજ રીતે ભૂદેવ ભક્તોએ આહુતિઓ અર્પી હતી. શ્રી નીલકંઠ વર્ણી મહારાજનાં ચરણોમાં આમ કુલ ૧૧૦૮ સહજાનંદ નામાવલિનો પાઠ કરીને આહુતિ અર્પણ કરવામાં આવી હતી. આ યજ્ઞથી રોબિન્સવિલના નભોમંડળમાં સર્વત્ર દિવ્યતા છવાઈ ગઈ હતી.



## બ્રહ્મકુંડમાં તીર્થજલ અંજલિ

રોબિન્સવિલ ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામના નિર્માણકાર્યના એક સોપાન રૂપે અક્ષરધામ પરિસરના પ્રાંગણમાં વિશાળ નીલકંઠ વાટિકા અને વિશાળ બ્રહ્મકુંડનું સર્જન કરવામાં આવ્યું છે. પશ્ચિમ જગતમાં ભારતીય પરંપરાગત શૈલીનો આ સર્વપ્રથમ બ્રહ્મકુંડ નિર્માણ પામ્યો છે. એમાં ભારતનાં ૧૦૮ પવિત્ર નદીઓ અને સરોવરોના તીર્થજળની અંજલિ અર્પવાનો અને કુંડનો વેદોક્ત પૂજનવિધિ તા. ૯-૧૦-૨૦૨૧ના રોજ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને સમગ્ર નોર્થ અમેરિકાના સંતોએ કર્યો હતો. શ્રી નીલકંઠ વર્ણી મહારાજની મૂર્તિની પશ્ચાદ્ભૂમાં વિશાળ સુંદર સોપાનયુક્ત આ વિશાળ બ્રહ્મકુંડ રચાયો છે. ૯-૩૦ વાગ્યે માંગલિક મુહૂર્તમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ બ્રહ્મકુંડ સરોવરના કિનારે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કર્યું હતું. ત્યારબાદ પવિત્ર મંત્રોનાં ઉચ્ચારણો વચ્ચે પ્રાસાદિક પુષ્પો બ્રહ્મકુંડના જળમાં પધરાવીને તથા કળશ દ્વારા પવિત્ર જળનું સિંચન કરીને બ્રહ્મકુંડ સરોવરને તીર્થત્વ બક્ષ્યું હતું. ચોતરફ વિશાળ બ્રહ્મકુંડની દરેક સોપાનપંક્તિ પર સંતો-સાધકોએ વિરાજીને

પશ્ચિમ જગતમાં અપૂર્વ અને વિશાળ બ્રહ્મકુંડમાં ૧૦૮ પવિત્ર નદી-સરોવર-તીર્થનાં જળ પધરાવીને સંતોએ તીર્થોનું આવાહન કર્યું...









અક્ષરધામ પરિસરના માર્ગો પર નીલકંઠ વર્ણીની ચલમૂર્તિની શોભાયાત્રા યોજાઈ. ઈશ્વરચરણદાસ સ્વામીએ પૂજનપૂર્વક ધ્વજ ફરકાવીને તેનો આરંભ કરાવ્યો. વિવિધ રથ, સંતો, યુવકો, બાળકો, મહિલાઓ સાથે સૌ કોઈએ ભક્તિ-કીર્તનની રમઝટ બોલાવી...

બ્રહ્મકુંડમાં પ્રાસાદિક જળનું સિંચન કર્યું હતું.

## નગરયાત્રા

તા. ૯-૧૦-૨૦૨૧ના રોજ અપરાહ્‌ને અક્ષરધામના વિશાળ પરિસરના રાજમાર્ગો પર તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણી મહારાજની ચલમૂર્તિની નગરયાત્રા યોજાઈ હતી. તપોમય શ્રી નીલકંઠ વર્ણી પ્રતિષ્ઠા ઉત્સવના નિમિત્તે મંદિર પરિસરમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રાસાદિક ભૂમિ પર પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ શ્રીહરિનાં ચરણારવિંદનું પૂજન કરી, જયનાદો વચ્ચે ધ્વજ લહેરાવીને નગરયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. માંગલિક પરિવેશમાં સજ્જ બેનરધારી યુવકો, ભક્તિનૃત્ય કરતા કિશોરો, કલાત્મક મુક્તિનાથ રથમાં બિરાજમાન શ્રી નીલકંઠ વર્ણી મહારાજનું વહન કરતા સંતો-યુવકો, કલાત્મક રથમાં મહંત સ્વામી મહારાજની મૂર્તિ પધરાવીને કીર્તનભક્તિની સૂરાવલિઓ વહાવતા સંતો, સુશોભિત અક્ષરપુરુષોત્તમ મહારાજના રથનું વહન કરતા હરિભક્તો, બી.એ.પી.એસ. ધ્વજધારી યુવતીઓ, માંગલ્ય ઘડીએ મસ્તક પર કળશ ધારણ કરીને ચાલતાં બહેનો સહિતની આ નગરયાત્રાએ અક્ષરધામ પરિસરમાં દિવ્યતાની લહેરખી પ્રસરાવી હતી. સમગ્ર અક્ષરધામ પરિસરમાં ઘૂમીને આ શોભાયાત્રા તપોમૂર્તિ નીલકંઠ વર્ણી મહારાજ સમક્ષ વિરામ પામી હતી.

## પ્રતિષ્ઠા ઉત્સવ

વિક્રમ સંવત ૨૦૭૭, આસો સુદ પાંચમ, તા. ૧૦ ઑક્ટોબર, ૨૦૨૧, રવિવારનો સૂર્ય અમેરિકાના ન્યૂજર્સી રાજ્યના રોબિન્સવિલ નગરના લલાટે નવીન ઉજાસની આભા સાથે ઉદય પામ્યો હતો. અવસર હતો - કિશોર તપોમૂર્તિ નીલકંઠ વર્ણી મહારાજની પ્રતિષ્ઠા વિધિનો.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો દિવ્ય સંકલ્પ હતો

કે અમેરિકાની ધરતી પર સ્વામિનારાયણ અક્ષરધામનું સર્જન કરવું. આજે તેમના દિવ્ય સંકલ્પે અહીં અક્ષરધામ નિર્માણાધીન છે. અને આજે તેઓના સંકલ્પે અક્ષરધામના પરિસરમાં શ્રી નીલકંઠ વર્ણીની દિવ્ય તપોમૂર્તિ પ્રસ્થાપિત થઈ રહી છે ત્યારે આવા મહાન સંકલ્પોના ધારક બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને તેઓના શતાબ્દી વર્ષે સૌએ ભાવાંજલિ અર્પણ કરી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણની તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણી મહારાજના પ્રતિષ્ઠા-ઉત્સવના મંગલ અવસરમાં સહભાગી બનવા દેશ-વિદેશના લાખો ભક્તો પ્રતિષ્ઠાવિધિમાં જોડાયા હતા. ઉત્તર અમેરિકા ખંડમાં એટલે કે કેનેડા અને યુ.એસ.એ. ખાતે વસતા હરિભક્તો મહાપૂજાવિધિ માટે ઘરે બેઠાં સજ્જ થયા હતા. બી.એ.પી.એસ. નોર્થ અમેરિકાના મહિલા વૃંદે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી 'ઘર ઘર નીલકંઠ' અભિયાન દ્વારા હજારો પરિવારોમાં આજના પ્રતિષ્ઠા ઉત્સવનો સંદેશ પહોંચાડ્યો હતો, એ હજારો પરિવારોમાં તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણી મહારાજની છ ઈંચની ધાતુ-પ્રતિમૂર્તિ પહોંચાડવામાં આવી હતી. એ તથા અન્ય હજારો પરિવારોના સભ્યો માંગલિક વસ્ત્રો ધારણ કરીને ખૂબ મંગલમય ભાવનાઓ સાથે આજે વેદોક્ત પૂજાવિધિમાં જોડાયા હતા.

પ્રથમ મંગલાચરણના ગાન બાદ ઉત્તરભારતની લોકશૈલીમાં નીલકંઠ વર્ણીની સ્મૃતિ સાથે સંતોએ સ્વામિનારાયણ મહામંત્રનું ધૂનગાન કરીને સભાનો મંગલમય પ્રારંભ કરાવ્યો. નીલકંઠ વર્ણી મહારાજનાં ચરણોમાં સ્તુતિગાન કરવામાં આવ્યું.

આજથી ૨૦૦ વર્ષ પહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણની હયાતીમાં તેઓના નીલકંઠ સ્વરૂપનું ગાન કરતું એક સુંદર સ્તોત્ર રચાયેલું છે - *બ્રાહ્મે મુહૂર્તે શયનં વિહાય...* તેનું વીડિયોના માધ્યમથી દર્શન કરતાં કરતાં સૌએ નીલકંઠપ્રભુનાં ચરણે વંદના કરી.

શ્રી નીલકંઠ વર્ણીનાં વધામણાંની ભાવના સાથે વેદોક્ત મહાપૂજાવિધિનો આરંભ થયો હતો. સારંગપુરથી વિદ્વાન સંતોએ મહાપૂજાવિધિનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે રોબિન્સવિલ ખાતે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ મુખ્ય વિધિ આરંભ્યો. પૂજનવિધિ અર્થે ઉપમંચ પર શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, ગુરુપરંપરા અને નીલકંઠ વર્ણીની તપોમૂર્તિની સાથે પૂજાવિધિમાં વપરાનાર દ્રવ્યો મૂકવામાં આવ્યાં હતાં. સામે જ ૪૯ ફૂટ ઊંચી નીલકંઠ વર્ણી મહારાજની તપોમૂર્તિ દર્શનદાન દઈ રહી હતી. તેમના સાંનિધ્યમાં ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રથમ દીપ પ્રાગટ્ય કરી મંગલમય વિધિનો પ્રારંભ કર્યો. માંગલિક વિધિઓ દ્વારા વેદોક્ત મહાપૂજા પૂર્ણ થયા બાદ અક્ષરધામ-નિર્માણમાં નિઃસ્વાર્થભાવે સેવા કરનાર સેવાભાવી ભક્તોની સેવા-સમર્પણ-ભક્તિની ઝાંખી એક વીડિયો દ્વારા કરવામાં આવી હતી.

હવે, તપોમૂર્તિ નીલકંઠ વર્ણી મહારાજનો મુખ્ય પ્રતિષ્ઠાવિધિ આરંભાયો. સાક્ષાત્ અક્ષરધામ તુલ્ય સારંગપુર તીર્થધામમાં વિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સારંગપુરમાં બિરાજમાન રહ્યા થકા આ પ્રતિષ્ઠા વિધિ કરવાના હતા. તેઓ પ્રતિષ્ઠાવિધિમાં જોડાયા ત્યારે સૌએ જયનાદોથી તેઓનું અભિવાદન કર્યું. સ્વામીશ્રી સમક્ષ તપોમૂર્તિ નીલકંઠ વર્ણી મહારાજની ચલમૂર્તિ સ્થાપિત કરવામાં આવી હતી. અલાયદા આસન પર અક્ષરુપુરુષોત્તમ મહારાજ વિરાજમાન હતા. સ્વામીશ્રીની બાજુમાં સદ્‌ગુરુવર્ય પૂજ્ય ડૉક્ટર સ્વામી બિરાજમાન હતા.

સ્વામીશ્રીએ તપોમૂર્તિ નીલકંઠ વર્ણી મહારાજનો પ્રતિષ્ઠાવિધિ આરંભ્યો. પ્રતિષ્ઠા સંકલ્પવિધિ, મૂર્તિમાર્જન વિધિ, દર્ભશલાકા વડે મૂર્તિનો અંગ-કર-સ્પર્શન ન્યાસવિધિ ત્યારબાદ પ્રતિષ્ઠાના મુખ્ય શુભ-સંકલ્પવિધિ અંતર્ગત 'ભવન્તુ સુપ્રતિષ્ઠિતાઃ'ના નાદ સાથે સ્વામીશ્રીએ મૂર્તિના હૃદય પર કરકમલો વડે વિધિ કર્યો ત્યારે સૌએ તાળીનાદથી આ ક્ષણને વધાવી. પ્રતિષ્ઠાના મુખ્ય શ્લોકના ગાન વચ્ચે સ્વામીશ્રીએ તપોમૂર્તિ પર અક્ષતવર્ષા કરી હતી. જમણા કર્ણમાં ગાયત્રી મંત્રના ગાન બાદ સ્વામીશ્રીએ અંજન-શલાકા વડે નેત્ર-અનાવરણ વિધિ કર્યો. ત્યારપછી ઉચ્ચ સ્વરે થતા સ્વામિનારાયણ મહામંત્રના ઘોષની વચ્ચે સ્વામીશ્રીએ નીલકંઠ વર્ણી સમક્ષ દર્પણ ધરીને મુખદર્શન કરાવ્યું હતું. ત્યારપછી સ્વામીશ્રીએ ચંદન-અક્ષત-પુષ્પ-અબીર-ગુલાલ -કંકુ વગેરેથી નીલકંઠ વર્ણી મહારાજનું પૂજન કર્યું હતું. સ્વામીશ્રીની સાથે સાથે વિધિને અનુસરતા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ રોબિન્સવિલ ખાતે તપોમૂર્તિ નીલકંઠ વર્ણી મહારાજનું પ્રત્યક્ષપણે મહિમાપૂર્વક પૂજન-પ્રતિષ્ઠાવિધિ કર્યાં, તે દરમ્યાન નીલકંઠ-સ્તોત્રનું ગાન કરવામાં આવ્યું હતું. સૌએ આ ઘડીને જય જયકારોથી વધાવી હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીનાં કરકમળો વડે વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી તપોમૂર્તિ નીલકંઠ વર્ણી મહારાજને ભાત ભાતની વાનગીઓનો રસથાળ ધરાવવામાં આવ્યો, ત્યારે



શ્રી નીલકંઠ વર્ણીની વેદોક્ત પ્રતિષ્ઠાનો માંગલિક અવસર... વિધિમાં અભિરત સંતો અને સ્વામીશ્રીને અનુસરીને પ્રતિષ્ઠાવિધિ સંપન્ન કરીને ચરણ-પૂજન કરતા ઈશ્વરચરણ સ્વામી... (નીચે) અમેરિકાનાં ૧૧૧ મંદિરોમાંથી આવેલ જળ દ્વારા ચરણ-અભિષેક...

યાંત્રિક રચનાથી નીલકંઠ વર્ણી સમક્ષ થાળ ઊંચાઈએ પહોંચ્યો અને ભક્તિભાવથી *'મારે ઘેર આવજો છોગલા ધારી...'* થાળગાન કર્યું હતું. ત્યારબાદ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજનું સમગ્ર સત્સંગ સમુદાય વતી પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પૂજન કર્યું હતું. પૂજન બાદ વિવિધ શુભસંકલ્પોની પરિપૂર્તિ માટે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવામાં આવી હતી. ત્યારબાદ તપોમૂર્તિ નીલકંઠ વર્ણી મહારાજની પ્રથમ આરતી સ્વામીશ્રી, ઈશ્વરચરણ સ્વામી, વરિષ્ઠ સંતો, હરિભક્તોએ ઉતારી હતી. આરતી બાદ સૌએ મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી અંતરનો ભક્તિભાવ અર્પ્યો હતો.



રોબિન્સવિલમાં પ્રતિષ્ઠિત થયેલી નીલકંઠ વર્ણી મહારાજની વિશાળ મૂર્તિ સમક્ષ સ્વામીશ્રીએ સંકલ્પ કર્યો કે, આ મૂર્તિ આજથી સમાજ માટે, જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર, સ્ત્રી-પુરુષના ભેદ વગર, બાળક-યુવકના ભેદ વગર, તમામનાં દર્શન માટે, સૌનાં કલ્યાણ માટે ખુલ્લી મૂકવામાં આવે છે. સૂર્ય-ચંદ્ર તપે ત્યાં સુધી આ નીલકંઠ વર્ણી મહારાજ અહીંયાં વિરાજમાન થકા સૌને દર્શન આપે.






સારંગપુર ખાતે શ્રી નીલકંઠ વર્ણીની ચલમૂર્તિનો વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ કરીને રોબિન્સવિલ ખાતે વિશાળ તપોમૂર્તિમાં પ્રાણનું આવાહન કરતા મહંત સ્વામી મહારાજ... સાથે પૂજ્ય ડૉક્ટર સ્વામી...

આવા શુભસંકલ્પોની પ્રાર્થનામય સ્તુતિ સાથે સ્વામીશ્રીએ પ્રાસાદિક અક્ષતની સૌ પર વર્ષા કરી હતી.

આજે નીલકંઠ વર્ણી મહારાજ નોર્થ અમેરિકામાં બિરાજમાન થયા હોવાથી રાજોપચારથી તેઓનું સ્વાગત કરવામાં આવ્યું. નોર્થ અમેરિકા અને કેનેડાના હરિભક્તો વતી સત્સંગમંડળના બાળ-કિશોરોએ નીલકંઠ વર્ણી મહારાજનું સ્વાગત કર્યું હતું. છત્ર, ચામર, દંડ, આદર્શકમ્, દુંદુભિ, હારમોનિયમ, વીણા વગેરે ૨૬ જેટલા રાજોપચાર અર્પણ કરીને શ્રી નીલકંઠ વર્ણી મહારાજને વધાવ્યા.

હવે અવસર આવ્યો - મહાઅભિષેકનો. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ પંચતત્ત્વથી શ્રી નીલકંઠ વર્ણી મહારાજને વધાવવામાં આવ્યા. નોર્થ અમેરિકાનાં ૧૧૧ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાંથી આબાલવૃદ્ધ ભક્તોએ ત્યાંના સ્થાનિક નદીઓનાં જળ કળશમાં ભરીને, નીલકંઠ વર્ણી પર અભિષેક કરીને, પૂજન કરીને તે કળશ અહીં મોકલાવ્યાં હતાં. તે જળ નીલકંઠ વર્ણી મહારાજના ચરણોમાં અર્પણ કરીને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ તે જ જળથી મહાઅભિષેક કર્યો હતો. અત્રે આ જળ ક્યાંથી આવ્યું તેની એક ટૂંકી વીડિયો-પ્રસ્તુતિ માણી હતી. ત્યારબાદ તેજ અને વાયુ તત્ત્વથી કિશોરોએ વધાવ્યા હતા. પૃથ્વી તત્ત્વના પ્રતીક રૂપે પુષ્પોની આકાશમાંથી અભિવૃષ્ટિ થઈ હતી. મહંત સ્વામી મહારાજે સારંગપુરમાં આઈપેડમાં બટન દબાવતાંની સાથે જ અહીં વિશાળ ક્રેન દ્વારા શ્રી નીલકંઠ વર્ણી મહારાજની મૂર્તિ પર પુષ્પાભિષેક થયો હતો. સૌએ આ ક્ષણને જયજયકારોથી વધાવી હતી. મહંત સ્વામી મહારાજે પણ ચલમૂર્તિ પર પવિત્ર જળથી જલાભિષેક કર્યો. રોબિન્સવિલમાં પણ ૧૦૮ પવિત્ર નદીઓના જળથી જળાભિષેક થયો ત્યારે સૌનાં હૈયાં આનંદથી રોમાંચિત થઈ



શ્રી નીલકંઠ વર્ણી સમક્ષ તેમની તપોમય મુદ્રામાં એક પગે ઊભા રહીને જપમાળા સાથે તેમનાં ચરણોમાં ભાવ-વંદના અને આહુતિ અર્પતા સંતો અને ભક્તો... તેમની સાથે મંત્ર-જાપ કરી રહેલા મહંત સ્વામી મહારાજ... (નીચે)

ઊઠ્યાં હતાં.

ખરેખર આજે દિવ્ય અવસરના સૌ સાક્ષી બન્યા હતા. આજે વાતાવરણ પણ એવું હતું કે જાણે સમગ્ર સૃષ્ટિ શ્રી નીલકંઠ વર્ણી મહારાજને વધાવવા તત્પર ન બની હોય! ધીમી ધારે વરસાદ શરૂ થયો. ઇંદ્રદેવ, વાયુદેવે શ્રી તપોમૂર્તિ નીલકંઠ વર્ણી મહારાજ પર અભિષેક કરીને પોતાની ભાવનાઓ અર્પણ કરી.

સમગ્ર નોર્થ અમેરિકાના કિશોર મંડળ વતી કિશોરોએ સ્તુતિ-વંદનાનૃત્ય કરીને શ્રી નીલકંઠ વર્ણી મહારાજના આગમનને વધાવ્યું. નોર્થ અમેરિકા અને બી.એ.પી.એસ. સત્સંગ સમુદાય વતી



પૂજ્ય ડૉક્ટર સ્વામીએ ગુરુહરિ મહંત સ્વામી મહારાજને પુષ્પહાર અર્પણ કરીને વધાવ્યા હતા.

તા. ૨૩-૮-૨૦૨૧ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે કેનેડાનાં પાંચ મંદિરોની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી શુભાશિષમાં જણાવ્યું હતુંઃ 'ઈશ્વરચરણ સ્વામી આવે છે. એટલે એમનામાં અમે આવી ગયા.' આ રીતે ઈશ્વરચરણ સ્વામી માટે ઉચ્ચારેલાં આ મહિમા-વચનોને કેન્દ્રમાં રાખી પ્રગટ ગુરુહરિનું અભિવાદન કરતા હોય એ જ ભાવથી પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીનું યજ્ઞવલ્લભદાસ સ્વામીએ પુષ્પહારથી સ્વાગત કર્યું હતું.

આ પવિત્ર અવસરે પૂજ્ય



પરમ પૂજ્ય સ્વામીશ્રીની આજ્ઞા મુજબ નિત્ય થાળ અને સંધ્યા આરતી દ્વારા તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણીની ભક્તિ કરવામાં આવે છે ત્યારે ઊમટેલા ભક્તો ધૂપસળી સાથે તેમાં જોડાઈને દિવ્યતાની અનુભૂતિ કરે છે...


ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રેરક ઉદ્‌બોધનનો લાભ આપતાં જણાવ્યું, ''તપોમૂર્તિ નીલકંઠ વર્ણી મહારાજનું ૪૯ ફૂટનું ભવ્ય દિવ્ય સ્વરૂપ પ્રસ્થાપિત થવાનું સૌભાગ્ય અમેરિકાની ભૂમિને પ્રાપ્ત થયું છે! આપ સૌ અમેરિકાવાસીઓ ખૂબ ભાગ્યશાળી છો કે શ્રી નીલકંઠ વર્ણીના આવા દિવ્ય સ્વરૂપનાં અખંડ દર્શન અહીં થશે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની કૃપાથી આ બધું કાર્ય સંપન્ન થયું છે. વિશેષ તો અહીં અસંખ્ય મનુષ્યો અક્ષરધામમાં દર્શને, યાત્રાએ અને લાભ લેવા માટે આવશે તે બધાને નીલકંઠ વર્ણી મહારાજના પ્રથમ આશીર્વાદ મળશે. જુઓ કેટલી અદ્‌ભુત કૃપાદૃષ્ટિ છે! એમનાં નયનો એકદમ બિડાયેલાં છે, મુખારવિંદ અતિ અલૌકિક દિવ્ય છે અને તપસ્વી સ્વરૂપ અને વળી, એક પગે ઊભા રહીને તપ કરતી મહારાજની મૂર્તિ - આવાં દર્શન ભાગ્યે જ થાય. જે યાત્રિકો, દર્શનાર્થીઓ આવશે તે બધાનું દર્શન માત્રથી કલ્યાણ થશે.'' ત્યારબાદ શ્રી નીલકંઠ વર્ણીએ કિશોરવયે કરેલા કઠિન તપનું વર્ણન કરી અક્ષરધામનું નિર્માણ ન થાય ત્યાં સુધી હરિભક્તોને તપ-નિયમ ધારણ કરવા પર વિશેષ ભાર મૂકતાં કહ્યું, 'આ રીતે તપ કરીને આપણે એમને પ્રસન્ન કરીએ એ જ પ્રાર્થના...'

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય મહિમાગાથાનું આચમન કરાવ્યું. ત્યારબાદ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે આશીર્વાદ આપતાં જણાવ્યું : ''આજે આ સુંદર અવસર આપણને પ્રાપ્ત થયો અને ઘણો બધો લાભ મળ્યો. જે ભક્તો હતા એમને તો આનંદ આનંદ થઈ ગયો અને જે ગુણભાવી હતા એમને પણ લાભ મળ્યો, એ પણ આગળ વધશે. બધાને આશીર્વાદ

**(અનુસંધાન પૃષ્ઠ ૫૧ ૫૨)**

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## સારંગપુરમાં આધ્યાત્મિક લાભ આપતા પરમ હિતકારી સ્વામીશ્રી

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તીર્થધામ સારંગપુર ખાતે બિરાજી બ્રહ્માનંદ રેલાવી રહ્યા છે. સંતો-પાર્ષદો-સાધકો-ભક્તો સૌ કોઈ તેમના સાંનિધ્યમાં પ્રગટ ભગવાન મળ્યાનો આનંદ અનુભવે છે.

પ્રમુખ મંદિરમ્‌માં વહેલી સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શન અને પ્રાતઃ કથામૃતના પાનથી સૌનું પ્રભાત આધ્યાત્મિક ઊર્જાથી ખીલી ઊઠે છે. સંગીતજ્ઞ સંતો-યુવકો ભક્તિરસમાં તરબતર કરતાં પદોનું ગાન કરે છે ત્યારે વાતાવરણમાં અનેરી દિવ્યતા પ્રસરી જાય છે. દૂર-સુદૂરથી દર્શનાર્થે ઊમટતાં અસંખ્ય ભક્તજનો આ દિવ્ય વાતાવરણમાં પૂર્ણ આધ્યાત્મિકતા અનુભવે છે. પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રી હાથ જોડી સૌ પર કૃપાદૃષ્ટિ વરસાવે છે ત્યારે સૌ કોઈ ગુરુહરિને પ્રત્યક્ષ મળ્યાની અનુભૂતિ કરે છે. સંતો પણ સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી દ્વારા આધ્યાત્મિક માર્ગદર્શન મેળવે છે.

વિવિધ પ્રસંગોએ ગમ્મત સાથે જ્ઞાન આપતાં સ્વામીશ્રીની સ્મૃતિછબિ સૌના હૈયે સદાયને માટે અંકિત થઈ જાય છે.

સારંગપુર ખાતે બિરાજમાન સ્વામીશ્રીએ વિવિધ ઉત્સવ-પ્રસંગોએ આપેલા દિવ્ય સત્સંગ લાભની અલ્પ ઝાંખી અને તેઓના ભક્તિભાવપૂર્વક ઊજવાયેલા ૮૮મા જન્મોત્સવનો અહેવાલ અહીં પ્રસ્તુત છે...

તા. ૨૧-૯-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીએ **ક્રેનબોર્ન** (ઓસ્ટ્રેલિયા) અને **મર્ટલ બીચ** (યુ.એસ.એ.)માં રચાયેલાં બી.એ.પી.એસ. મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી. સાથે ઓસ્ટ્રેલિયાનાં બ્રિસ્બેન અને કેનબરાનાં મંદિરોમાં પ્રતિષ્ઠિત થનાર નીલકંઠ વર્ણી મહારાજની મૂર્તિની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી. પ્રતિષ્ઠાવિધિ બાદ સ્વામીશ્રીએ તમામ મૂર્તિઓની આરતી ઉતારી મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી હતી.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સ્મૃતિપર્વે સ્વામીશ્રીએ તમામ સંતો-ભક્તોને વિશિષ્ટ સ્મૃતિલાભ આપ્યો હતો.

તા. ૨૬-૯-૨૦૨૧ના રોજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા એક વિશિષ્ટ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોરોના કાળમાં અક્ષરવાસી થયેલા મૃતાત્માઓને પરમાત્મા શાંતિ અર્પે, તેમનો મોક્ષ થાય અને તેમના કુટુંબીજનોને સ્વજન ગુમાવ્યાનું દુઃખ સહન કરવાનું બળ મળે તે હેતુથી શ્રાદ્ધપક્ષમાં ઓનલાઇન વૈશ્વિક મહાપૂજા યોજાઈ હતી. આ મહાપૂજાવિધિમાં દેશ-પરદેશના અસંખ્ય ભક્તો-ભાવિકો જોડાયા હતા. આ તમામ સદ્‌ગત આત્માઓના મોક્ષાર્થે સ્વામીશ્રીએ સંકલ્પવિધિ સાથે પ્રાર્થના કરી આશીર્વાદ અર્પ્યા હતા.

તા. ૨૬-૯-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીએ અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત 'Pramukh Swami Maharaj Life and Work in Brief' ઓડિયો બુકનું વિમોચન કર્યું હતું.

તા. ૧-૧૦-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીએ પેટલાદ બી.એ.પી.એસ. મંદિર દશાબ્દી મહોત્સવના ઉપક્રમે પ્રતિષ્ઠિત થનારી સંગેમરમરની ગુરુપરંપરાની મૂર્તિઓનો વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો.

તા. ૭-૧૦-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીએ અંગ્રેજી ભાષામાં પ્રકાશિત 'Adventures of Ghanshyam' Part-5, 6, 7 બુકનું વિમોચન કર્યું હતું.

તા. ૧૩-૧૦-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીએ ઢોલાર(બોડેલી) ખાતે રચાનાર બી.એ.પી.એસ. મંદિરની ઇષ્ટિકાઓનું વૈદિક પૂજન કર્યું હતું.

તા. ૧૯-૧૦-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીએ ફ્રેંચ ભાષામાં તૈયાર થયેલા 'સત્સંગદીક્ષા' ગ્રંથનું વિમોચન કર્યું હતું.

તા. ૨૦-૧૦-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીએ સિડની(ઓસ્ટ્રેલિયા) ખાતે નિર્માણાધીન નૂતન હવેલીના સ્તંભોનું વૈદિક પૂજન કર્યું હતું. વળી, આજરોજ સ્વામીશ્રીએ 'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીઃ જીવન અને કાર્ય' (અંગ્રેજી-ઓડિયો બુક) અને 'વચનામૃત' (સંસ્કૃત ભાષા) ગ્રંથનું વિમોચન કર્યું હતું.

## સારંગપુર ખાતે વર્ચ્યુઅલ ટેકનોલોજીના માધ્યમથી ઊજવાયો પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો ૮૮મો જન્મજયંતી ઉત્સવ...

તા. ૩૦-૯-૨૦૨૧, ભાદરવા વદ નોમનું પ્રભાત એક સોનેરા અવસરને લઈને ઉદય પામ્યું હતું. લાખો હરિભક્તોના પ્રાણપ્યારા ગુરુહરિ મહંત સ્વામી મહારાજનો આજે ૮૮મો પ્રાકટ્યદિન હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુરુવર્યોનાં ચરણારવિંદથી પ્રાસાદિક બનેલી તીર્થભૂમિ સારંગપુરના આંગણે બિરાજતા પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજને આજે ભાવવંદના કરવા મોટી સંખ્યામાં હરિભક્તો ઊમટ્યા હતા. બે વર્ષ બાદ આજે સારંગપુરમાં ખરેખરો ઉત્સવનો અનોખો માહોલ છવાયો હતો.

મંદિરમાં સુંદર શણગાર સજી દર્શનલાભ આપતા ઠાકોરજી સમક્ષ વિવિધ વાનગીઓનો અન્નકૂટ રચવામાં આવ્યો હતો. પ્રમુખદર્શન વાટિકા ગુરુહરિને જન્મદિનની વધામણી આપતાં કલાત્મક સુશોભનોથી શોભાયમાન બની રહી હતી.

સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા દર્શનનો લાભ સૌને આપ્યો. પૂજા બાદ સૌ પર અપાર કૃપાવર્ષા કરતાં સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા હતા.

સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત વિવિધ ભાષાનાં નૂતન પ્રકાશનો આજે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા ઉદ્‌ઘાટિત થયાં હતાં. જેમાં શિશુ સત્સંગ વિહાર, ભાગ-૧ (ગુજરાતી, અંગ્રેજી), સત્સંગદીક્ષા (ઊડિયા), સ્વામીની વાતો (તેલુગુ), યુગવિભૂતિ

પ્રમુખસ્વામી મહારાજ (મરાઠી), વચનામૃતમાં બ્રહ્મસૂત્ર સ્વામિનારાયણ ભાષ્ય (ગુજરાતી), બ્રહ્મોપદેશ-રસાયનમ્ (સંસ્કૃત, શોધ સંસ્થાન-ગાંધીનગર દ્વારા પ્રકાશિત), અને ડૉક્ટર સ્વામીના હસ્તે સાધુતાના શિખર મહંત સ્વામી મહારાજ (મરાઠી) વગેરે પુસ્તકો ઉદ્ઘાટિત થયાં હતાં.

## જન્મજયંતી ઉત્સવ

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના ૮૮મા પ્રાકટ્યદિનનો મુખ્ય ઉત્સવ સાયંકાળે યોજાયો હતો. દેશ-વિદેશમાં વસતા લાખો હરિભક્તોનાં હૈયાં ઊર્મિઓ વહાવી રહ્યાં હતાં –

*તવ જન્મજયંતી આજ મહંત સ્વામીજી, અમ સૌના જીવનપ્રાણ મહંત સ્વામીજી...*

સૌના હૃદયમાં ઊઠતી આ ભાવોર્મિઓને ઝંકૃત કરે તેવો ઉત્સવનો દિવ્ય માહોલ સારંગપુર ઉપરાંત બી.એ.પી.એસ.નાં મંદિરો અને હરિભક્તોના ઘરે પણ છવાયો હતો. સૌ પોતાનાં ગૃહોને વિશેષ સજાવીને ટી.વી. સમક્ષ ગોઠવાઈ ગયા હતા. ગુરુહરિને ભાવવંદના કરતો આજનો જન્મજયંતી ઉત્સવ વર્ચ્યુઅલ ટેકનોલોજીના માધ્યમથી પ્રસારિત થયો હતો.

બરાબર સાંજે ૭-૩૦ વાગ્યાથી ધૂનગાન અને 'સંત પરમ હિતકારી...' ભક્તિપદના ગાનથી સંગીતજ્ઞ સંતવૃંદે સભાનો પ્રારંભ કરાવ્યો. ત્યારપછી ગુરુહરિ મહંત સ્વામી મહારાજના સભાપ્રવેશને સૌએ બુલંદ જયનાદોથી વધાવ્યો હતો.


આજના જન્મજયંતી ઉત્સવનો મધ્યવર્તી વિચાર હતો - 'સંત પરમ હિતકારી...'

પરમ હિતકારી સંતની શૈલી અને સદ્ગુણો વર્ણવતાં બ્રહ્માનંદ સ્વામી રચિત 'સંત પરમ હિતકારી...' ભક્તિપદની પ્રત્યેક પંક્તિ સંતનું સ્વરૂપ અને લક્ષણ વર્ણવે છે. સાચા સંતના વ્યક્તિત્વને ઉજાગર કરતી આ પંક્તિઓથી સમગ્ર ઉત્સવ-કાર્યક્રમને ગૂંથવામાં હતો. પ્રત્યેક પંક્તિમાં પરોપકારી ગુણાતીત સંતની લાક્ષણિક પ્રતિભાનું દર્શન થતું હતું.

આવો, અહીં આપણે પણ ભક્તિપદની પ્રત્યેક પંક્તિમાં ઝળહળતા વિરલ સંતના સંતત્વને માણીએ, દર્શન કરીએ...

'સંત પરમ હિતકારી, જગતમાંહી...' સંતનો પ્રથમ સદ્ગુણ છે – પરોપકારની ભાવના. આ વિષયવસ્તુને વિષદતાથી સમજવા માટે સ્મૃતિછબિઓ સાથેની એક રસપ્રદ વીડિયો પ્રસ્તુતિ થઈ. જે અંતર્ગત બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પરોપકારી ભાવનાના પ્રસંગો બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્બોધનમાં વર્ણવ્યા હતા.

સંતનો દ્વિતીય સદ્ગુણ છે – અન્યનું હિત કરવાનો. આવા ગુણાતીત સંત માટે આ પદમાં ગવાયું છે - 'પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી...' પરમ હિતકારી સંત અનેકને પ્રભુપદ અનુરાગી બનાવે છે. તેઓ ભગવાનમાં શ્રદ્ધા દૃઢાવી જીવને ભય, ભ્રમ અને ભવબંધનથી મુક્ત કરે છે. ગુણાતીત સંત દ્વારા થતું આ પરમ હિત પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં અનેક લોકોએ નિહાળ્યું છે. બ્રહ્મતેજથી ઝળહળતા આ સંતના સાંનિધ્યમાં અનેકનાં જીવન પ્રકાશમય બન્યાં છે. પ્રમુખસ્વામી મહારાજ દ્વારા થતા રહેલા જીવના આ પરમ હિતની ગાથાને સૌએ દૃશ્ય-શ્રાવ્યના માધ્યમથી નિહાળી હતી. જે અંતર્ગત પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવવાથી જીવન પરિવર્તન પામેલા અને વ્યાવહારિક જીવનની કઠિન પરિસ્થિતિઓમાંથી ઊગરી ભક્તિમાર્ગ, સન્માર્ગના પંથે ચાલનાર કેટલાક મહાનુભાવોએ પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં અંતરની ભાવોર્મિઓ વહાવી હતી.



સાચા સંતનો હેતુ મુમુક્ષુને પરમેશ્વરમાં પ્રીતિ કરાવી મોક્ષપદ આપવાનો છે. આવા સંતલક્ષણનું સાકાર સ્વરૂપ હતા – પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ. એ જ જીવનશૈલી વર્તમાનકાળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજમાં ઝળકી રહેલી છે, તેનું દર્શન કરાવતા પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને ભજન-ભક્તિ કરવાનું અને કરાવવાનું કેવું અખંડ તાન રહે છે અને પોતાના યોગમાં આવનાર મુમુક્ષુને ભગવાનમાં કેવું જોડાણ કરાવે છે તેના સુંદર પ્રસંગોનું વર્ણન કર્યું હતું.

સંતનો તૃતીય સદ્‌ગુણ છે – સકલસૃષ્ટિના જીવોને પીડામાંથી ઉગારવાનો. તેના માટે આ પદમાં ગવાયું છે - 'પરમકૃપાળુ સકલ જીવન પર, હરિસમ સબ દુઃખહારી...' પરહિતકારી સંત સદૈવ સૌનાં કષ્ટ હરવા તત્પર રહે છે. તેની પ્રભાવક વીડિયો પ્રસ્તુતિ થઈ.

સરિતા સૌની તરસ છિપાવે છે, સૂરજ દરેકને અજવાળે છે તેમ પરમ હિતકારી સંત સૌને સુખી કરે છે. આવી સંતપ્રતિભાનો ઉઘાડ પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં સૌએ મનભરીને માણ્યો છે. પરજનોનાં દુઃખ દેખીને દ્રવી જનાર પ્રમુખસ્વામી મહારાજની સૌ પર કેવી સંતકરુણા રેલી તેની ઝાંખી અક્ષરવત્સલદાસ સ્વામીએ પ્રાસંગિક વક્તવ્યમાં કરાવી.

જીવપ્રાણી માત્ર પ્રત્યેની કરુણાને કારણે ગુણાતીત સંત હરહંમેશ અનેકનાં દુઃખ દૂર કરવા માટે તત્પર રહે છે. અનેકનાં સુખદુઃખના સંગાથી બની રહેવામાં મહંત સ્વામી મહારાજ કદી વિરમ્યા નથી. આ પરોપકારી ભાવનાની શાખ પુરાવતો 'હરિ સમ સબ દુઃખહારી' વીડિયો સ્મૃતિછબિઓ સાથે પ્રસ્તુત થયો.

મહંત સ્વામી મહારાજે દેશ-પરદેશના અસંખ્ય ભક્તો-ભાવિકો પર વરસાવેલી અકારણ કરુણાવર્ષા તેમજ કોરોના મહામારીની કપરી પરિસ્થિતિમાં સ્વામીશ્રીએ વિરાટ કાર્યો હાથ ધરી, અનંત જીવો પર વહાવેલા દયા-કરુણા અને પરોપકારની ભાવનાના કેટલાક પ્રસંગોનું આચમન સંતોએ વીડિયોમાં કરાવ્યું. સાથે સાથે કૌટુંબિક, વ્યાવહારિક અને વ્યાવસાયિક પ્રસંગોએ મહંત સ્વામી મહારાજનું માર્ગદર્શન પામેલા હરિભક્તોએ પોતાની ભાવોર્મિઓ વહાવી 'હરિસમ સબ દુઃખહારી' વિષયક વીડિયોના માધ્યમથી.

સંતમહિમાનો ચતુર્થ સદ્‌ગુણ છે - બીજાનું ભલું કરવું. અન્યનું હિત કરવા સદા તત્પર રહેતા સાચા સંતની રીત જગત કરતાં કંઈક અલગ છે, અનેરી છે. તેના માટે આ પદમાં ગવાયું છે - *'ત્રિગુણાતીત ફિરત તનુ ત્યાગી, રીત જગતસે ન્યારી...'*

જેમ પરમ હિતકારી સંત દુનિયામાં રહેવા છતાં દુન્યવી નથી હોતા તેમ દેહધારી હોવા છતા દેહરૂપ નથી રહેતા. તેઓ દેહાતીત સ્થિતિમાં વર્તે છે. તેઓ પોતાને બ્રહ્મરૂપ માનીને વિચરે છે, વિચારે છે. અને તેથી જ અગવડોના અગનપથ આવે કે કાદવ કંટક ભરી કેડીઓ આવે, તેઓનાં ચરણ કદી અટકતાં નથી. આવી ત્રિગુણાતીત સ્થિતિ, દેહાતીત સ્થિતિવાન હતા – પ્રમુખસ્વામી મહારાજ. તેમના જીવનમાં આવો



અનુભવ કરનારાઓની સંખ્યા હજારોના આંકડાને આંબી જાય એમ છે. અનેક વિસ્તારોમાં પ્રમુખસ્વામી મહારાજે પોતાનાં દૈહિક દુઃખોને અવગણીને હરિભક્તોનાં મન સાચવ્યાં હતાં. તે ભીડાસભર વિચરણની અલ્પ ઝાંખી સંતોએ પોતાના સ્વાનુભવોની સ્મૃતિ દ્વારા, વીડિયોના માધ્યમથી કરાવી.

આવી જ દેહાતીત, ગુણાતીત જીવનશૈલીના ધારક છે - પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ. તેમણે સંતો, સત્સંગીઓ માટે પોતાની કાયાને કૃષ્ણાર્પણ કરી દીધી છે. ભક્તોને રાજી કરવા તેઓએ સતત અને સખત વિચરણ કર્યું છે. છેલ્લા છ દાયકા દરમ્યાન મહંત સ્વામી મહારાજે અવિરત અણથક વિચરણ કર્યું છે તેની એક આછેરી ઝલક તવારીખો અને છબિસ્મૃતિ સાથે સંતોએ રજૂ કરી ત્યારે સૌનું અંતર કબૂલતું હતું – *'ત્રિગુણાતીત ફિરત તનુ ત્યાગી, રીત જગતસે ન્યારી...'*

છેલ્લા બે કલાકથી શાંત પ્રવાહની જેમ વહી રહેલી ઉત્સવસભાને હરિભક્તો ઘરે બેઠાં આકંઠ માણી રહ્યા હતા. સંત પરમ હિતકારી પદને હૃદયપૂર્વક માણીને સત્પુરુષના સદ્‌ગુણોને આત્મસાત્ કરી રહ્યા હતા. સાથે સાથે આગળના કાર્યક્રમને માણવા પણ એટલા જ આતુર હતા.

પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ જેવા ગુણાતીત સંતના સાંનિધ્યની ફળશ્રુતિ છે ભગવાનના પ્રગટપણાનો અનુભવ. જેમ વૃક્ષ નીચે બેસનારો શીતળતા પામે અને સાકર-શેરડી ચૂસનારો મધુરતા મેળવે તેમ આવા સંતના સાંનિધ્યમાં સૌને ભગવાન ભેટ્યાની અનુભૂતિ અવશ્ય થાય છે. આવા ગુણાતીત સંતની સોબત પામેલા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રવચનમાં જણાવ્યું: ''જગતમાં પરમ હિતકારી સંત જ છે. કારણ કે સંત જ ભગવાનની સાથે આપણને જોડે છે, અનન્ય પ્રીતિ કરાવે છે અને મનના ભ્રમથી છોડાવે છે. માટે સંતને પરમ હિતકારી કહ્યા છે. આવા સંતની સોબત એટલે અક્ષરરૂપ થયેલા ગુણાતીત સંત, પરમ એકાંતિક સંત, વડવાનલ જેવા સંત. એ મળી જાય તો કહે છે કે મિલત હૈ પ્રગટ મુરારિ. આ ને આ દેહે સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થાય. સંત જ ભગવાનનું સ્વરૂપ છે. તેમણે રોમેરોમની અંદર ભગવાનને રાખ્યા છે. આવા સંતનો અદ્‌ભુત મહિમા બ્રહ્માનંદ સ્વામીએ કહ્યો અને આજે આપણે મહંત સ્વામી મહારાજ સ્વરૂપે પ્રત્યક્ષપણે અનુભવ કરી રહ્યા છીએ. આવા સંતનાં દર્શનથી આત્યંતિક કલ્યાણ થાય છે. માટે આવા સંતની સોબત રાખીએ, ગુણાતીત સંતનું સાંનિધ્ય રાખીએ, એકદમ નિર્દોષભાવે, દિવ્યભાવે એમનો સત્સંગ કરીએ તો જરૂર ભગવાનના સુખની પ્રાપ્તિ થાય અને જીવન સાર્થક થાય.''

સંત-ભગવંતનો મજિયારો કદી વહેંચાય તેમ નથી. તેથી જ પ્રમુખસ્વામી મહારાજના શબ્દ, સ્પર્શ કે સાંનિધ્યમાં સૌને અનેરી દિવ્યતાનો અનુભવ થતો હતો. આજે એવી જ દિવ્યતાનો અનુભવ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં લાખો લોકો કરી રહ્યા છે. એ અનુભૂતિની અભિવ્યક્તિ - સંત કી સોબત, મિલત હૈ પ્રગટ મુરારિ... વિષયક એક વીડિયોના માધ્યમથી પ્રસ્તુત થઈ હતી. જે અંતર્ગત પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવનાર વિવિધ ક્ષેત્રના માંધાતાઓને જે દિવ્ય અનુભવ થયો હતો તે વાણીરૂપે વહ્યો હતો.

વર્તમાનકાળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ પણ આવા જ પરમ પવિત્ર સંત છે. તેમના સાંનિધ્યમાં અનેકને અલૌકિક દિવ્યતાની અનુભૂતિ થઈ છે અને થાય છે. મહંત સ્વામી મહારાજના યોગમાં આવેલા કેટલાક મહાનુભાવોએ અંતરની ઊર્મિઓથી તેમને વધાવ્યા હતા.

મને સંત મળ્યા, ભગવંત મળ્યા મારા જન્મોજન્મનાં પુણ્ય ફળ્યાંની અનુભૂતિઓનો આસ્વાદ માણ્યા બાદ આ લાભને આપણા જીવતરની મૂડી બનાવવાનું બળભર્યું માર્ગદર્શન આપતાં ડૉક્ટર સ્વામીએ જણાવ્યું: ''સમગ્ર જીવન એ ભગવાન સ્વામિ-નારાયણ અને ગુરુ પરંપરાની જયંતી છે. એવું જો સમજાય તો પરમ પૂજ્ય મહંત સ્વામીની જન્મજયંતી યથાર્થ રીતે ઊજવી ગણાય. ગુણાતીતાનંદ સ્વામીએ આ જયંતી ઊજવવા માટે એક આદેશ આપ્યો છે - 'ભગવાન અને સાધુના મહિમાની વાતું નિરંતર કરવી અને સાંભળવી.' આમાં બધી જયંતી આવી ગઈ. આવા ગુણાતીત સંતોનો મહિમા યથાર્થ સમજવો એ સાચા અર્થમાં જયંતી છે.''

પૂજ્ય ડૉક્ટર સ્વામીનાં પ્રેરણાવચનો દ્વારા જીવતરના મર્મ અને સ્વામીશ્રીના મહિમાની વિશેષ દૃઢતા સૌએ કરી. ત્યારબાદ મહંત સ્વામી મહારાજને વિવિધ પૂજાપચારથી વધાવ્યા. વિશ્વભરમાં વિસ્તરેલા બી.એ.પી.એસ. પરિવાર વતી પૂજ્ય ડૉક્ટર સ્વામીએ કલાત્મક હાર પહેરાવીને હરિભક્તોની હૃદયોર્મિઓ અર્પણ કરી હતી.

અભિવાદન બાદ જેઓની મૃદુ,

## પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને અંતરના ભાવોથી વધાવતા મહાનુભાવો...

'મહંત સ્વામી મહારાજનાં પ્રથમ દર્શને જ હું અનેક વ્યાધિઓમાંથી મુક્ત થઈ ગયો. તેમનાં દર્શન-આશીર્વાદ બાદ હું અંતરમાં એક ઊર્જા અને હકારાત્મકતાનો અનુભવ કરું છું. મારા સ્વભાવમાં બદલાવ આવ્યો કે હું દરેકનું સાંભળું છું. મગજનાં દ્વાર ખુલ્લાં રાખું છું. હું જ્યારે જ્યારે સ્વામીજીનાં દર્શન કરું છું ત્યારે ત્યારે તેમની સમીપ પહોંચતો હોઉં એવું મને લાગે છે. તેમની દૃષ્ટિમાં પોતાનાપણું લાગે. અને તેમની અમીદૃષ્ટિ ભુલાય તેવી નથી. મારા અંતરના ભાવોને વ્યક્ત કરવા મારી પાસે શબ્દો નથી. મારા જીવનમાં જે બદલાવ આવ્યો તે પૈસાનો નહીં, પરંતુ ખુશીઓનો છે. આપણી આજુબાજુ ખુશીઓ વેરાયેલી છે તે આપણે જોઈ શકતા નથી. આ જોવાની દૃષ્ટિ મને મહંત સ્વામી મહારાજ પાસેથી મળી છે. અને હું ખૂબ જ ખુશ છું, મારો પરિવાર ખુશ છે. મારા ઘરમાં અચાનક અજવાળું પ્રસરી ગયું હોય એવું મને લાગે છે. પરિવારમાં ખુશી-આનંદની માત્રા વધી ગઈ છે તે હું મારી પત્ની અને મારા બાળકોના ચહેરા પર જોઈ શકું છું.'

**– શ્રી અરવિંદ બબ્બલ, મુંબઈ**

(પ્રસિદ્ધ બિઝનેસમેન, ફિલ્મ દિગ્દર્શક)

●

'મેં જીવનમાં ઘણા બધાના અને તમામ ક્ષેત્રના લોકોનાં ઑપરેશન કર્યાં છે. પણ મારા ઉપર ભગવાનની કૃપા રહી કે મને મહંત સ્વામી મહારાજ પર ઑપરેશન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. ઑપરેશન કરતી વખતે મને અનુભવ થયો કે વસ્તુઓ આપમેળે પોતાના સ્થાને એટલી સરળતાથી થતી હતી કે જાણે હું કંઈ જ કરતો નથી. તે વખતે મને એ પણ યાદ નહોતું કે હું ક્યાં છું? અને કેવો છું? હું તદ્દન ખોવાઈ ગયો હતો. ઑપરેશન પછી લાગ્યું કે હું હમણાં જ ફરી વખત આ દુનિયામાં આવ્યો છું. આવું મેં હજી સુધી ફરી ક્યારેય અનુભવ્યું નથી. અને અનુભવ્યું કે તેઓ સાચા સંત છે. સંતોની પરિભાષામાં આવવાવાળા એક સાચા સંત છે. તેઓ મને આ લૌકિક વિશ્વની બહાર લઈ ગયા. મેં દુનિયાની બહાર એક દિવ્ય નાની યાત્રા કરી. સર્જરી પૂર્ણ કરી અને દુનિયામાં પાછો આવી ગયો. પછી મને લાગ્યું કે આ પુરુષ કંઈક જુદા છે. ભવિષ્યમાં તેઓ કંઈક થશે અને આજે હું જોઉં છું કે આ સંત આટલી મોટી સંસ્થાના આધ્યાત્મિક વડા છે. તેઓ સાચા આત્મા છે. પ્રમુખસ્વામી મહારાજે તેઓને સંસ્થાના ગુરુપદે પસંદ કર્યા તે મારા માટે કોઈ આશ્ચર્ય નહોતું. મહંત સ્વામી મહારાજ અતિ અતિ પવિત્ર સંત છે.'

**– ડૉ. સુધાંશુ ભટ્ટાચાર્ય, મુંબઈ**

(વિખ્યાત કાર્ડિયાક સર્જન)

●

'મહંત સ્વામી મહારાજનાં દર્શન કર્યાં ત્યારે લાગ્યું કે આ સાધારણ વ્યક્તિ નથી, મહાપુરુષ છે. પ્રથમ દર્શને જ મારું જોડાણ તેમની સાથે થઈ ગયું. હું ભૂલી ગયો કે બહાર કે આજુબાજુમાં શું થઈ રહ્યું છે! મારી ખુશીનાં આંસુ વહેવા લાગ્યાં. દર્શન કર્યાં બાદ કંઈક અલગ અનુભવ થયો. મારી અંદર હકારાત્મકતા આવી ગઈ. અમે બિઝનેસ કરીએ છીએ તેમાં નફો-નુકસાન થાય છે જે ચાલ્યા કરે. બિઝનેસમાં નેગેટિવ વાતો થાય છે. પરંતુ મહંત સ્વામી મહારાજ સાથે છે તો કોઈ જાતનો ડર નથી લાગતો. બધું પોઝિટિવ જ લાગે છે. તેની ખૂબ અસર થાય છે.'

**– શ્રી દિનેશ શિંદે**

(પ્રસિદ્ધ બિઝનેસમેન, USA)

●

'હું મહંત સ્વામી મહારાજને પ્રથમ વખત મળ્યો, તેમનાં ચરણોનો સ્પર્શ કર્યો, તેમણે મારી આંખોમાં જોયું ત્યારથી જ મારે તેમની સાથે એક દિવ્ય સંબંધ બંધાઈ ગયો. તેમની આંખોમાં મેં મારા પિતા અને માતાની લાગણીનો અનુભવ કર્યો. તેમણે મારો હાથ પકડી રાખ્યો અને એક જબરજસ્ત શક્તિનો પ્રવાહ મારા શરીરમાં અનુભવાયો. એ મુલાકાત મારા જીવનની અમૂલ્ય અને પરિવર્તન કરનારી ક્ષણો બની રહી, જે હું ક્યારેય નહીં ભૂલી શકું.'

**– ડૉ. વિજયભાઈ પાટીલ, મુંબઈ**

(પ્રસિદ્ધ ઉદ્યોગપતિ)

●

'મહંત સ્વામી મહારાજનાં ચરણનો જ્યારે મેં સ્પર્શ કર્યો ત્યારે મને અનુભવાયું કે જે અલ્ટિમેટ આધ્યાત્મિક પાવર હોય છે, તે આ જ છે. દર્શનની એક જ ઝલકમાં મને અનુભવાયું કે તેઓ કરુણાનો સમુદ્ર છે. મેં તેઓની પ્રાતઃ પૂજાનાં દર્શન કર્યાં ત્યારે લાગ્યું કે આ સંત સંપૂર્ણ રીતે ભગવાનમય થઈ ગયા છે. તેઓનું અસ્તિત્વ અને ભગવાનનું અસ્તિત્વ જુદું હોય એવું કંઈ રહ્યું જ નહીં. આ દર્શન એ મારા જીવનનો અમૂલ્ય અવસર બની રહ્યો. સ્વામીજી ભગવાનમાં ઓતપ્રોત થઈ ગયા અને હું તેઓમાં ઓતપ્રોત થઈ ગયો. સતત ૪૫ મિનિટ સુધી મારા આંસુ વહેતાં રહ્યાં. આવા સંતનાં દર્શનથી જન્મોજનમનાં પાપ ધોવાઈ ગયાં. મારી અટકેલી આધ્યાત્મિક યાત્રા પુનઃ આગળ વધી. એક વાત બહુ જ સ્પષ્ટ છે કે તેઓ ભગવાનની સમકક્ષ છે. તેઓ સાથેની મુલાકાત બાદ મારું જીવન ખરેખર બદલાઈ ગયું. બીજા લોકો પ્રેરણા આપી શકે, પણ પરિવર્તન તો એવા ગુરુથી જ સંભવી શકે કે જેઓ ભગવાનની કક્ષાને પામ્યા હોય! બીજા બોલી શકે, સંદર્ભો આપી શકે, પણ પરિવર્તન ત્યારે જ સંભવી શકે જ્યારે ગુરુ ભગવાનની કક્ષા સુધી પહોંચ્યા હોય! મહંત સ્વામી મહારાજ ભગવાનનું સ્વરૂપ જ છે. તેઓ સાક્ષાત્ પરબ્રહ્મ સ્વરૂપ છે.'

**– શ્રી ગોકુલ કામથ**

(IIM Ahmedabad & Udaipur)

મધુર અને મહિમાસભર વાણી સદાય સુખદાયી અને મોક્ષદાયી બની રહે છે એવા પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજે આશીર્વાદ આપતાં જણાવ્યું : ‘‘પ્રથમ તો બધા હરિભક્તોના દેશકાળ સારા થાય. કોરોનાએ જે ઝપટ મારી છે એ બધું પાછું મળી જાય અને લાઈનમાં આવી જાય. બધા કાર્યકરો, સંતોના દેશકાળ સારા થાય. ભણનારા હોય એ ખૂબ સારી રીતે ભણીને આગળ આવે અને સંસ્થાનું નામ રોશન કરે. બધાય દેશમાં, બધી જગ્યાએ ૨૦ આના વરસાદ થાય, કેમ કે વરસાદ સારો થાય તો પાક સારો થાય અને અન્ન ઢગલાબંધ થાય. મંદિરોનાં જે કામ ચાલે છે તે અને ભુજ અને મોરબી મંદિરનું કામ સારી રીતે પૂરાં થાય.

આપણને જ્યારથી મહારાજ-સ્વામી મળ્યા છે ત્યારથી દિનદિન દિવાળી છે. શાસ્ત્રીજી મહારાજે કેટલી બધી દયા કરી છે! યોગીજી મહારાજે અને પ્રમુખસ્વામી મહારાજે ખૂબ લાભ આપ્યો છે, આપણા જેવા થઈને. બધાના સંકલ્પો પૂરા કર્યા છે. તેઓ બધુંય કરીને ગયા છે, મારા માટે તો કાંઈ રહ્યું જ નથી. સદ્‌ગુરુ સંત - ડૉક્ટર સ્વામી, કોઠારી સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી, ઈશ્વરચરણ સ્વામી, વિવેકસાગર સ્વામી અને બીજા બધા વડીલ સંતો, બધાએ ખૂબ સહકાર આપ્યો છે. બધા ખૂબ કાર્યરત છે. એમના આશીર્વાદથી, સદ્‌ગુરુ સંતોના આશીર્વાદથી બધું ખૂબ સારું ચાલે છે. આપણે ઊજળા છીએ એમના વર્તનથી. આ બધું જોતા લાગે છે કે આપણે તો અક્ષરધામમાં જ બેઠા જ છીએ. ના માનીએ એટલી ખોટ. અક્ષરધામનું સુખ શ્રીજીમહારાજે આપ્યું જ છે એટલે ટૂંકમાં આપણે અક્ષરધામમાં જ બેઠા છીએ.’’

પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી તરબતર થયા બાદ સૌ હરિભક્તોના મનોરથને સુફળ કરતી ક્ષણ આવી પહોંચી- મંત્રપુષ્પાંજલિની. ઉત્સવસભાને નિહાળી રહેલા સૌ સંતો-ભક્તો હાથમાં પુષ્પ કે અક્ષત ધારણ કરીને મંત્રગાનમાં જોડાયા. શ્લોકગાન તથા અષ્ટકગાન બાદ સૌએ મહિમાપૂર્વક ગુરુહરિનાં ચરણે પુષ્પાંજલિ અર્પણ કરી. પુષ્પાંજલિ બાદ સૌના જીવનમાં અનેરો પ્રકાશ પાથરનાર પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજને સૌએ આરતીની જ્યોતિથી વધાવ્યા.

ઉત્સવસભાના અંતે સૌનાં હૈયાં ગાન કરી રહ્યાં હતાં – *સંત પરમ હિતકારી, જગતમાંહી સંત પરમ હિતકારી...*

## જન્મજયંતી પર્વ

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના ૮૮મા જન્મજયંતી ઉત્સવના ઉપક્રમે તા. ૨૬ થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૧ દરમ્યાન પંચ-દિવસીય ‘મહંત સ્વામી મહારાજ જન્મજયંતી પર્વ’નો લાભ સૌને ઘેરબેઠાં ઓનલાઈન પ્રાપ્ત થયો હતો. આ પર્વમાં મહંત સ્વામી મહારાજનું જીવન આલેખન, વિરલ વર્તન, વિરલ વલણ અને વિરલ વાણી વિષયક સદ્‌ગુણોને ઉજાગર કરી સંસ્થાના વિદ્વાન સંતોએ પ્રેરણાસભર કથામૃતનો લાભ આપ્યો હતો. પંચમ દિને આ પર્વનો ચરમસીમારૂપ ગુરુહરિ મહંત સ્વામી મહારાજનો જન્મજયંતી ઉત્સવ શાનદાર રીતે ઊજવાયો હતો.

જન્મજયંતી પર્વે પ્રસારિત થયેલા તમામ કાર્યક્રમો GTPL કથા ચેનલ અને Sabha.baps.org પર માણીને સૌએ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના વિરલ ગુણો હૃદયસ્થ કર્યા હતા.

## શરદપૂર્ણિમા ઉત્સવ

તા. ૨૦-૧૦-૨૦૨૧, શરદ-પૂર્ણિમાના મહિમાવંતા દિને તીર્થધામ સારંગપુર ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન નિશ્રામાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો ૨૩૭મો પ્રાગટ્યોત્સવ ધામધૂમથી ઊજવાયો હતો. આ અવસરનો લાભ લેવા દૂર-સુદૂરનાં વિવિધ શહેરો તથા ગામડાંઓમાંથી ઊમટેલા હરિભક્તો-ભાવિકોને સ્વામીશ્રીએ શરદપૂર્ણિમાની પ્રભાતે પ્રાતઃ પૂજા-દર્શનનો લાભ આપી કૃતાર્થ કર્યા હતા.

અક્ષરબ્રહ્મ પ્રાગટ્યોત્સવની મુખ્ય સભા રાત્રે સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાઈ હતી. આજના ઉત્સવે વિવિધ સુશોભનોથી પ્રમુખ દર્શન વાટિકા શણગારાઈ હતી. ઉત્સવનો લાભ લેવા ઊમટેલા હરિભક્તોથી વાટિકા હકડેઠઠ ભરાઈ ચૂકી હતી.

ધૂન-પ્રાર્થનાગાનથી આરંભાયેલી આજની વિશિષ્ટ સભામાં મધુરવદનદાસ સ્વામી, પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પ્રાસંગિક પ્રવચનોમાં અક્ષરબ્રહ્મનો અપરંપાર મહિમા વર્ણવ્યો હતો. સાથે ગતવર્ષે નેનપુર ખાતે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનાં વધામણાં થયાં તેનો સ્મૃતિ-વીડિયો દર્શાવવામાં આવ્યો હતો. વચ્ચે વચ્ચે ઠાકોરજીની ચાર આરતીઓ ઉતારવામાં આવી હતી. પંચમ આરતી સ્વામીશ્રીએ ઉતારી હતી.

સભાના અંતે આશીર્વચનોમાં સ્વામીશ્રીએ અક્ષરબ્રહ્મનો મહિમા કહ્યો હતો. આજના ઉત્સવે સ્વામીશ્રીએ કરકમળોમાં દાંડિયા ધારણ કરી,

ઊપડતી લયનાં કીર્તનોને તાલે સંતોને દિવ્ય સ્મૃતિઓ આપી હતી. એક પછી એક સંતો-પાર્ષદો-સાધકો દાંડિયા રાસ લેતા, સ્વામીશ્રી તરફ દાંડિયા ધરીને રાસ રમ્યાનો આનંદ અનુભવી રહ્યા હતા. સ્વામીશ્રીએ પણ સંતો તરફ દાંડિયા ધરીને તેમની સાથે રાસ રમતા હોય તેવી અલભ્ય સ્મૃતિઓ આપી હતી. અંતે દૂધ-પૌંઆનો પ્રસાદ વહેંચાયો હતો.

આમ, આજના પવિત્ર દિને પ્રગટ અક્ષરબ્રહ્મની સાથે સૌએ દિવ્ય અવસરને માણ્યો હતો.

## ગુણાતીત સત્ર

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞા અનુસાર આ વર્ષે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના જન્મજયંતી ઉત્સવના ઉપક્રમે 'ગુણાતીત સત્ર' યોજાયું હતું. ૨૧ ઑક્ટોબરથી ૩ નવેમ્બર દરમ્યાન યોજાયેલા આ સત્ર અંતર્ગત સંસ્થાના વિદ્વાન સંતોએ વિવિધ વિષયો પર મનનીય પ્રવચનો દ્વારા અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુવર્યોનો પ્રસંગોચિત મહિમા ગાયો હતો. આ પ્રવચન-શૃંખલામાં સંતોએ અક્ષર-પુરુષોત્તમ જ્ઞાનનો મહિમા કહી આ વેદાદિક જ્ઞાનને સૌના અંતરમાં દૃઢાવ્યું હતું. રોજ રાત્રે ૯ થી ૧૦ વાગ્યા દરમ્યાન GTPL કથા ચેનલ તથા Sabha.baps.org પર પ્રસારિત થયેલા ગુણાતીત સત્રનો ઘરે બેઠા લાભ પ્રાપ્ત કરી દેશ-વિદેશના અસંખ્ય હરિભક્તો આ દિવ્ય સત્સંગલાભથી લાભાન્વિત થયા હતા. ◆

**(અનુસંધાન પૃષ્ઠ ૪૩ પરથી)**

છે કે તને, મને, ધને સુખી થાઓ. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ માટે જ નીલકંઠ મહારાજે પોતે પધાર્યા. શ્રીજીમહારાજે વાત કરી છે કે જીવોને બ્રહ્મરૂપ કરવા સિવાય બીજું કોઈ તાન નથી. અક્ષરધામથી આવ્યા પછી આ એક કોલ આપી દીધો. ભગવાનની કૃપા વિના કાંઈ થાય તેમ નથી. શ્રીજીમહારાજે કહ્યું કે 'એક સૂકું પાંદડું પણ હાલવાને સમર્થ નથી.' એટલું બધું કર્તાપણું શ્રીજીમહારાજનું છે. જેણે જેણે પ્રતિષ્ઠાવિધિમાં ભાગ લીધો છે તે બધાને આશીર્વાદ છે. તે હરિભક્તો તને, મને, ધને ખૂબ સુખી થાય. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, સંપ, સુહૃદભાવ, એકતા, મહિમા, ગુણગ્રહણ, દાસભાવ સિદ્ધ થાય એ પ્રાર્થના. આ મૂર્તિનાં જે દર્શન કરશે એને સુખ-શાંતિ મળશે. મૂર્તિને જોતા જ આપણા બધા વિચારો ફરી જાય એવું છે. દેશ-દેશાંતરથી લોકો આવશે, પ્રથમ દર્શન કરશે તેને શાંતિ થશે, પછી આગળ વધશે.'' મહંત સ્વામી મહારાજનાં અમૃતવચનોના વિરામ સાથે જ આજના ઉત્સવની પૂર્ણાહુતિ થઈ હતી.

યોગાનુયોગ આજે રવિવાર હોવાથી ભારત અને વિશ્વભરનાં બી.એ.પી.એસ. સત્સંગકેન્દ્રોમાં યોજાતી રવિ સત્સંગસભામાં આજના સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. વિશ્વભરના અસંખ્ય ભક્તોએ ઘરબેઠાં રોબિન્સવિલ અક્ષરધામમાં તપોમય શ્રી નીલકંઠ વર્ણી મહારાજના મૂર્તિપ્રતિષ્ઠા વિધિનો લાભ પ્રાપ્ત કરી અવિસ્મરણીય સ્મૃતિઓ હૃદયસ્થ કરી હતી.

આમ, પરમ પૂજ્ય સ્વામીશ્રીના કરકમળો દ્વારા અહીં કોઈ સ્ટેચ્યૂ નહીં, પરંતુ સાક્ષાત્ મૂર્તિ રૂપે શ્રી નીલકંઠ બિરાજ્યા તેનો સૌને અપાર હર્ષ છે. હવે, પરમ પૂજ્ય સ્વામીશ્રીની આજ્ઞા મુજબ નિત્ય થાળ અને સંધ્યા આરતી દ્વારા તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણીની ભક્તિ કરવામાં આવે છે ત્યારે ઊમટેલા ભક્તો ધૂપસળી સાથે તેમાં જોડાઈને દિવ્યતાની અનુભૂતિ કરે છે... ◆





# સારંગપુર ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં યોજાયો સત્સંગદીક્ષા આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠી સેમિનાર



સમગ્ર વિશ્વને અને પ્રત્યેક વ્યક્તિને પરમ શાંતિ અને પરમ સુખ પ્રાપ્ત કરવાની સંજીવની મહંત સ્વામી મહારાજે સત્સંગદીક્ષા ગ્રંથરૂપે આપી છે. ૩૧૫ શ્લોકમાં નિબદ્ધ આ સત્સંગદીક્ષા ગ્રંથ એ ૧૧૦૦થી વધારે વિષયોને સમાવે છે. સન ૨૦૨૦માં મહંત સ્વામી મહારાજ દ્વારા રચાયેલા આ શાસ્ત્રનો અલ્પ સમયમાં જ વિશ્વભરમાં વ્યાપક સ્તર પર પ્રભાવ ફેલાયો છે. આજે સમસ્ત વિશ્વમાં લાખો સાધકો આ ગ્રંથનું નિત્યપઠન અને ચિંતન કરે છે. હજારો આબાલવૃદ્ધ જિજ્ઞાસુઓએ આ ગ્રંથને કંઠસ્થ કર્યો. આ ગ્રંથના યજ્ઞ, તુલાઓ અને સેમિનારો થયા. આજે ૨૦,૦૦૦થી વધુ વ્યક્તિઓ આ ગ્રંથનું ઓનલાઇન અધ્યયન કરી રહ્યા છે. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સ્વાહિલી, તેલુગુ, ઉડિયા, કન્નડ, ફ્રેન્ચ, જર્મન, ઇટાલિયન, પોર્ટુગીઝ, સ્પેનિશ, રશિયન, પોલિસ, બંગાળી, કેનેડિયન, બ્રેઈલલિપિ અને ઑસ્ટ્રેલિયન બ્રેઈલલિપિમાં આ ગ્રંથના અનુવાદો થયા. આ ગ્રંથનું ઊંડાણપૂર્વક અધ્યયન કરવામાં આવે તો તેમાં છુપાયેલા જ્ઞાનસભર સિદ્ધાંતમૌક્તિકોનું દર્શન બહુજન સુલભ થઈ શકે છે. આ આશાથી ‘સત્સંગદીક્ષા શાસ્ત્રમાં જીવન ઉન્નતિના વિવિધ દૃષ્ટિકોણ’ વિષયક પંચદિવસીય આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠીનું આયોજન ૫ થી ૯ ઑક્ટોબર, ૨૦૨૧ દરમિયાન ‘આર્ષ શોધ સંસ્થાન’ ગાંધીનગર અને ‘બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય’ સારંગપુર દ્વારા કરવામાં આવ્યું હતું. અક્ષરધામ તુલ્ય સારંગપુર સ્થાન અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં આ સંગોષ્ઠીમાં વિશ્વના કુલ ૬ દેશોના ૪૬ જેટલા વિદ્વાનોએ ભાગ લીધો હતો.

## ઉદ્‌ઘાટન સમારંભ

સત્સંગદીક્ષાની આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠીનો ઉદ્‌ઘાટનવિધિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે તા. ૫-૧૦-૨૦૨૧ના રોજ દીપપ્રાગટ્ય દ્વારા થયો હતો. સ્વામીશ્રીએ પ્રત્યેક શોધછાત્રને આપવા માટેનાં પ્રમાણપત્રો, આઈ-કાર્ડ તથા સ્મૃતિભેટ પ્રસાદીભૂત કર્યાં હતાં. સાથે સાથે Diploma in the Shrimad Bhagavad Gita and its Commentaries અને Diploma in Sanskrit Language આ બંને ઓનલાઇન કૉર્સના દ્વિતીય વર્ષના નૂતન સત્રનું ઉદ્‌ઘાટન પણ કર્યું હતું. આ સત્રમાં ભારત, ઑસ્ટ્રેલિયા, યુ.કે-યુરોપ, ગલ્ફ દેશો, અમેરિકા, કેન્યા, કેનેડા, યુગાન્ડા, સિંગાપોર વગેરે દેશોના ૧૮૧ જેટલા વિદ્યાર્થીઓ ૩૯૫ જેટલી વિદ્યાર્થિનીઓ એમ કુલ મળીને

દેશ-વિદેશનાં ૫૭૬ જેટલા વિદ્યાર્થીઓએ આ કૉર્સમાં ભાગ લીધો હતો.

આ પ્રસંગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ‘શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓએ જે સનાતન જ્ઞાન આપ્યું છે તેનો સાર ટૂંકમાં આવી જાય, એવો ગ્રંથ રચાય તેવી મારી ઇચ્છા હતી. આ ગ્રંથ રચવાનો હેતુ એ જ છે કે આ લોકમાં સૌ સુખી થાય અને પરલોકમાં પણ પરમ પ્રાપ્તિ થાય. આ ગ્રંથ ઉપર આજે આંતરરાષ્ટ્રીય સેમિનાર થઈ રહ્યો છે, એનાથી આનંદ થયો છે. આ તો ખૂણિયું જ્ઞાન હતું. ક્યાંય હાથમાં ન આવે પણ શાસ્ત્રીજી મહારાજે એવું બળ કર્યું કે અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ પધરાવી દીધી; ને આ ગ્રંથ પર આજે આંતરરાષ્ટ્રીય સેમિનાર થઈ રહ્યો છે. કેટલી મોટી વાત કે’વાય! ખૂણિયું જ્ઞાન હતું તે વિશ્વના ચોકમાં આવી ગયું. દેશ-વિદેશના વિદ્યાર્થીઓ અને વિદ્વાનો આના પર સંશોધનપત્રો રજૂ કરશે. એનાથી ઘણા નવા દૃષ્ટિકોણ ખૂલશે અને બધાને લાભ થાશે.’



ઉદ્‌ઘાટન સમારંભની મુખ્ય સભામાં કેન્દ્રીય સંસ્કૃત યુનિવર્સિટી(તિરુપતિ)ના કુલપતિ શ્રી ડૉ. મુરલીધર શર્મા અને સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિશ્રી ડૉ. લલિતભાઈ પટેલ હાજર રહ્યા હતા. કુલપતિશ્રી ડૉ. મુરલીધર શર્માએ આ ગ્રંથ અંગે જણાવ્યું: ‘‘सत्संगदीक्षा ग्रंथ को मैंने दो पेरामिटर से जाँच किया है। एक तो श्रुति प्रामाणिकता, वैदिकता। और दूसरा है इस समय में इसकी कितनी प्रासंगिकता है। ये दोनों पेरामिटर्स के साथ जब हम सत्संगदीक्षा को जोडेंगे तो हमे लगता है सत्संगदीक्षा अत्यंत प्रासंगिक है, श्रुतिगर्भित है, अत्यंत वैदिक है और शास्त्र संमत है।’’ ત્યારબાદ આત્મતૃપ્તદાસ સ્વામીએ આ સેમિનારની થીમ ‘સત્સંગદીક્ષા શાસ્ત્રઃ જીવન ઉન્નતિના વિવિધ દૃષ્ટિકોણ’ અંગે માર્ગદર્શન આપ્યું હતું. શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ આ સેમિનાર અંગે વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ કી-નોટ પ્રવચન આપ્યું હતું. અંતમાં સદ્‌ગુરુવર્ય વિવેકસાગર સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

## સેમિનાર વિગત

આ પંચ-દિવસીય આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠીમાં વિશ્વનાં જુદાં જુદાં વિશ્વવિદ્યાલયોના વિદ્વાનોએ ભાગ લીધો હતો. જેમાં University of Toronto, University of Leeds, University of Cambridge, King’s College London, Harvard University, University of Chicago, University of California, University of Cape Town, South Africa, Maharaja Sayajirao University of Baroda, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વગેરેનો સમાવેશ થાય છે.

આ સેમિનારમાં ભારતથી ૩૪, અમેરિકાથી ૧૦, ઈંગ્લેન્ડથી ૭, કેનેડાથી ૧ ફ્રાન્સથી ૧ અને સાઉથ આફ્રિકાથી ૧ એમ દેશ-વિદેશના કુલ ૪૬ વિદ્વાનોએ વિવિધ વિષયો પર શોધપત્રો રજૂ કર્યા હતા. જેમાં સત્સંગદીક્ષામાં તત્ત્વચર્ચા, પ્રમાણમીમાંસા, સાધના, મુક્તિની સાથે તેના ભાષાંતરણ અને વ્યાકરણને અવલંબીને શોધપત્રો પ્રસ્તુત થયા.

તદુપરાંત ગહન આધ્યાત્મિક વિચારો જેમ કે રાજીપાનો

વિચાર, પ્રાપ્તિનો વિચાર, સાંખ્યવિચાર, આત્મવિચાર, પરમાત્માના સર્વકર્તાપણાના વિચારોની સાથે બાળ-યુવા ઘડતર, પારિવારિક એકતા, વિશ્વ-સંવાદિતા વગેરે વિષયો ઉપર વિદ્વાનો દ્વારા શોધપત્રો રજૂ થયા હતા.

આ પ્રત્યેક સત્રના અધ્યક્ષ-વિદ્વાનો દૂર-દૂરથી પધાર્યા હતા. જેમાં સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી(વેરાવળ)ના કાર્યકારી કુલપતિશ્રી ડૉ. લલિતભાઈ પટેલ, એમ.એસ. યુનિવર્સિટી(વડોદરા)ના સંસ્કૃત પાલી અને પ્રાકૃત ભાષા વિભાગના પૂર્વ અધ્યક્ષ રવીન્દ્ર પંડાજી, સાંદીપનિ સંસ્કૃત મહાવિદ્યાલય(નડિયાદ)ના પ્રધાનાચાર્ય શ્રી અમૃતલાલ ભોગાયતા, સરદાર પટેલ યુનિવર્સિટી(વિદ્યાનગર)ના અનુસ્નાતક વિભાગના અધ્યક્ષ પ્રોફેસર ડૉ. નિરંજનભાઈ પટેલ, વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલય(અમદાવાદ)ના પૂર્વ પ્રધાનાચાર્ય પ્રૉ. રામકિશોર ત્રિપાઠીજી, એલ.ડી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડોલોજી(અમદાવાદ)ના પૂર્વ નિયામકશ્રી ડૉ. જિતેન્દ્રભાઈ શાહ, ગુર્જર-પ્રદેશ સંસ્કૃત પાઠશાળા(ગાંધીનગર)ના પૂર્વ અધ્યક્ષ પ્રો. ગોવિંદભાઈ પટેલ, બાબડેશ્વર સંસ્કૃત મહાવિદ્યાલય(પોરબંદર)ના પૂર્વ અધ્યક્ષ ડૉ. બિપીનભાઈ જોશી વગેરે વિદ્વાનોએ સત્સંગદીક્ષા ગ્રંથ અને સેમિનારને ખૂબ બિરદાવ્યો હતો.

ડૉ. નિરંજનભાઈ પટેલે સત્સંગદીક્ષા ગ્રંથને વધાવતાં જણાવ્યું, 'સત્સંગદીક્ષા લોક કલ્યાણની ભૂમિકાએ રચાયો છે, નિજની ઓળખ કરાવનાર છે. આધુનિક સ્મૃતિ છે. આદર્શ નાગરિક બનાવતું શાસ્ત્ર છે. આધુનિક માનવ ધર્મશાસ્ત્ર છે. ભારતીયતાનો બોધ કરાવનારું શાસ્ત્ર છે. તન-મન અને ધનની નિર્મળતાનો બોધ કરાવનાર છે. જીવન્મુક્તિનો અનુભવ કરાવે છે. ઉપનિષદના વ્યાવહારિક પક્ષને ઉજાગર કરે છે. જીવનને સત્યમ્ શિવમ્ સુન્દરમ્ કરી આપે છે. આ નૈતિક દાર્શનિક ગ્રંથ છે.'

શ્રી અમૃતલાલ ભોગાયતાએ જણાવ્યું, ''વેદાંતં યૌવનારૂઢં' - ૪૬ પેપર પ્રેઝન્ટ કરનાર યુવાનો અને યુવતીઓ જ છે, જેઓ ૩૫ વર્ષથી નીચેની ઉંમરનાં છે. આજે યુવાનોમાં વિવિધ સમસ્યાઓ ઉપસ્થિત થઈ રહી છે તેવા સંજોગોમાં મહંત સ્વામી મહારાજ દ્વારા વિરચિત સત્સંગદીક્ષા એક મોટું યોગદાન પણ કહી શકીએ.'

રવીન્દ્ર પંડાજીએ જણાવ્યું, 'આ ગ્રંથ બહુ સરળ ભાષામાં લખાયો છે, છતાં મને આ ગ્રંથ હજુ કઠિન લાગે છે. કેમ કે એક એક શબ્દ ખૂબ ગંભીર અર્થવાચક છે.'

ડૉ. બિપીનભાઈ જોશીએ જણાવ્યું, 'આ ગ્રંથના આધારે એટલું તો આપણે ચોક્કસ કહી શકીએ કે આ ગ્રંથના આધારે ચાલનારી વ્યક્તિ કાયમ માટે સમાજમાં દીક્ષિત અને શિક્ષિત થઈને જ રહેશે. ક્યારેય એને ભ્રષ્ટ થવાનો ચાન્સ જ નથી. આટલી ગેરંટી આ ગ્રંથ આપે છે.'

### સમાપન સમારંભ

સત્સંગદીક્ષાની આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠીનો સમાપનવિધિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે સંપન્ન થયો હતો. આ પ્રસંગે સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા.

આ આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠીના સમાપનની મુખ્ય સભામાં ડૉ. નવીનભાઈ શેઠ (કુલપતિશ્રી, ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટી-અમદાવાદ), ડૉ. હિમાંશુભાઈ પંડ્યા (કુલપતિશ્રી, ગુજરાત યુનિવર્સિટી-અમદાવાદ)હાજર રહ્યા હતા. ડૉ. હિમાંશુભાઈએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું, 'આનું રાષ્ટ્રનિર્માણમાં બહુ મોટું યોગદાન છે અને વર્ષો ને સદીઓ સુધી લોકો યાદ રાખશે.' અંતમાં સદ્‌ગુરુવર્ય પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પ્રાસંગિક આશીર્વાદ આપ્યા હતા.

આ આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠીની ફળશ્રુતિમાં સત્સંગ દીક્ષા ગ્રંથ અને ગ્રંથકાર પ્રગટ સત્પુરુષ મહંત સ્વામી મહારાજનો મહિમા સમજાયો હતો. આ સેમિનારની સફળતા સત્પુરુષના આધારે છે તેની શબ્દાતીત અનુભૂતિ વર્ણવતાં એમ.એસ. યુનિવર્સિટી(વડોદરા)ના સંસ્કૃત પાલી અને પ્રાકૃત ભાષા વિભાગના પૂર્વ અધ્યક્ષ રવીન્દ્ર પંડાજીએ જણાવ્યું: ''मैं महंत स्वामी महाराज को देख रहा था भक्तिपूर्वक और मेरे अंदर मेरी सब मानसिक क्रियाएँ स्तब्ध हो गई, लगता था, जड बन गया हूँ। सब मानसिक द्वन्द्व बंद हो गए थे। और मैंने आज जीवन में पहली बार शांति की अनुभूति की। मैं बता नहीं सकता शब्दों में, अनुभूति ही प्रमाण है। आज मुझे दिव्य अनुभूति भव्य अनुभूति हुई। मैं केवल देखता रहता था। कोई विचार ही नहीं था और जैसे शारीरिक तथा मानसिक संतुलन, हार्मोनि(Harmony) कहो या स्थिरता कहो एक प्रकार का निर्वेद था, कोई वेदना ही नहीं थी। इन्द्रिय, बुद्धि और मन शांत हो गया, सिर्फ चेतना ही चलती थी, परम-शांति।''

સાથે સાથે આ પંચ-દિવસીય સંગોષ્ઠી સેમિનારમાં સહભાગી થયેલા શોધાર્થીઓએ પોતાની અનુભૂતિઓ વર્ણવી હતી. આવી અનુભૂતિ દ્વારા ખૂબ સંક્ષિપ્ત એવા સત્સંગદીક્ષા ગ્રંથની ગહનતાનો અનુભવ સૌ કોઈ વિદ્યાર્થી તથા વિદ્વાનોએ કર્યો હતો.

આમ, આ આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ અને પ્રેરણાથી ખૂબ સફળ અને મહત્ત્વપૂર્ણ બની રહી. ◆

# દુબઈ ઍક્સ્પો-૨૦૨૦માં સૌને આકર્ષી રહ્યું છે - સ્વામિનારાયણ અક્ષરધામ તથા બી.એ.પી.એસ. હિન્દુ મંદિર, અબુધાબી





દુબઈ ખાતે યોજાયેલ ઍક્સ્પો-૨૦૨૦ના વિશ્વ સંસ્કૃતિઓના મહાકુંભમાં ભારતીય પેવિલિયનમાં દિલ્હીના સ્વામિનારાયણ અક્ષરધામ તેમજ અબુધાબીના બી.એ.પી.એસ. મંદિરની પ્રસ્તુતિ નિહાળતા મહાનુભાવો...

૧ ઑક્ટોબર, ૨૦૨૧થી દુબઈ ખાતે ઍક્સ્પો - ૨૦૨૦નો પ્રારંભ થયો છે, જે ૩૧ માર્ચ ૨૦૨૨ સુધી ગતિમાન રહેશે. આ ઍક્સ્પોમાં ૧૯૦ કરતાં વધુ દેશોના અલગ અલગ પેવિલિયન રચવામાં આવ્યાં છે, તેમાં જે-તે દેશની સંસ્કૃતિ, વ્યાવસાયિક સિદ્ધિઓ વગેરેનું આકર્ષક પ્રદર્શન કરવામાં આવ્યું છે. તેમાં ભારતનું પણ એક અદ્‌ભુત પેવિલિયન તૈયાર કરવામાં આવ્યું છે. ૮૭૫૦ ચો.મી.ની વિશાળતા ધરાવતા આ પેવિલિયનમાં ભારતના ઐતિહાસિક, ધાર્મિક મહત્ત્વ ધરાવતાં સ્થળોની પ્રતિકૃતિઓ પણ મૂકવામાં આવી છે, જેમાં ભારતની વિવિધ હેરિટેજ સાઇટ્સ, લાલ કિલ્લો, ગ્વાલિયરનો કિલ્લો, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, વારાણસી ઘાટ, તાંજોરનું મંદિર, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામ-નવી દિલ્હી, વગેરેનાં પ્રભાવક દૃશ્યો રચવામાં આવ્યાં છે. વિશેષમાં અબુધાબીમાં નિર્માણ પામનાર બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનું પણ મોડલ મૂકવામાં આવ્યું છે.

ભારતીય સંસ્કૃતિ, ઉદ્યોગનું નિર્દેશન કરતા આ પેવિલિયનનું ઉદ્‌ઘાટન ભારતના વાણિજ્ય-ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલે કર્યું હતું. પેવિલિયનના ઉદ્‌ઘાટન પ્રસંગે તેઓએ જણાવ્યું હતું, 'કોરોના મહામારીના કારણે ભારે લોજિસ્ટિકલ પડકારો હોવા છતાં, યુ.એ.ઈ.ની એક્સ્પો-૨૦૨૦ યોજવાની ક્ષમતા અભિનંદનીય છે. ભારત તેની આઝાદીનાં ૭૫ વર્ષ અને યુ.એ.ઈ. તેની સ્થાપનાનાં ૫૦ વર્ષની ઉજવણી કરી રહ્યું છે. યુ.એ.ઈ. ભારતના સૌથી મૂલ્યવાન ભાગીદારો અને નજીકના મિત્ર છે. ઍક્સ્પો-૨૦૨૦ બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે.'

મંત્રી શ્રી પીયૂષ ગોયલે સ્વામિનારાયણ અક્ષરધામ દિલ્હી અને બી.એ.પી.એસ. હિન્દુ મંદિર, અબુધાબીની પ્રતિકૃતિ નિહાળીને અહોભાવ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત વિશ્વની સૌથી મોટી સ્ટીલ કંપનીના માલિક શ્રી લક્ષ્મી મિત્તલ (યુ.કે.), ડૉ. અહમદ રહેમાન અલબન્ના (ભારતમાં યુ.એ.ઈના રાજદૂત), શ્રી અનિલ અગ્રવાલ (અગ્રણી ઉદ્યોગપતિ), શ્રી પવન કપૂર (યુ.એ.ઈ.માં ભારતીય રાજદૂત) વગેરે મહાનુભાવોએ પણ બી.એ.પી.એસ. હિન્દુ મંદિર પ્રદર્શનની મુલાકાત લીધી

હતી. તેઓ પણ ખૂબ જ પ્રભાવિત થયા હતા.

યુ.એ.ઈ.માં ભારતના પૂર્વ રાજદૂત નવદીપસિંહ સુરીએ મુલાકાત વેળાએ જણાવ્યું હતું, 'આ એક ડ્રીમ પ્રોજેક્ટ સાકાર થઈ રહ્યો છે.'

અત્રે ઉલ્લેખનીય છે કે અહીં આવનારા તમામ મહાનુભાવો-મુલાકાતીઓ માટે બી.એ.પી.એસ. હિન્દુ મંદિર દ્વારા રિસેપ્શન સેન્ટર ખડું કરવામાં આવ્યું છે. અહીં તેઓ આ મંદિર વિષે વિશેષ માહિતી પ્રાપ્ત કરતા રહે છે. જેમને નિર્માણાધીન બી.એ.પી.એસ. મંદિરની સાઇટ-મુલાકાત લેવાની ઇચ્છા હોય તેમના માટે મંદિર સાઇટ પર જવાની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. આમ, માર્ચ - ૨૦૨૨ સુધી ચાલનાર આ દુબઈ ઍક્સ્પોમાં આવનારા તમામને સ્વામિનારાયણ અક્ષરધામ અને બી.એ.પી.એસ. હિન્દુ મંદિર ગૌરવથી છલકાવતાં રહેશે.

## ગુજરાતના અગ્રણી અધિકારીઓ અબુધાબી બી.એ.પી.એસ. હિન્દુ મંદિર સાઇટની મુલાકાતે

ભારતથી ઉચ્ચ અધિકારીઓ શ્રી એસ. જે. હૈદર, શ્રી મમતા વર્મા તેમજ અન્ય ૩૫ જેટલા આઈ.એ.એસ., આઈ.એફ.એસ. અધિકારીઓ દુબઈ ઍક્સ્પો-૨૦૨૦માં પધાર્યાં હતાં. દુબઈ ઍક્સ્પોની મુલાકાતથી પ્રભાવિત થઈને તેઓએ અબુધાબી ખાતે નિર્માણાધીન બી.એ.પી.એસ. હિન્દુ મંદિર સાઇટની મુલાકાત લીધી હતી. આ અધિકારીઓમાં શ્રી હરિત શુક્લ(આઈ.એ.એસ.), શ્રી રાહુલ ગુપ્તા(આઈ.એ.એસ.), શ્રી નીલમ રામી(આઈ.એફ.એસ.) વગેરે અધિકારીઓ ગુજરાતમાં સેવારત છે. આ તમામ અધિકારીઓએ મંદિર સાઇટ નિહાળીને અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે શ્રી મમતા વર્માએ જણાવ્યું હતું, 'આ ભૂમિ પર પગ મૂકતાં જ ઘર જેવી અનુભૂતિ થાય છે. હું સામાન્ય બેકગ્રાઉન્ડમાંથી આવું છું અને ધરતી સાથે જોડાયેલી વ્યક્તિ છું. આ ભૂમિમાં એવી દિવ્ય શક્તિનો અનુભવ થાય છે કે જેનું હું વર્ણન નથી કરી શકતી. મને આશા છે કે આ મંદિર પ્રોજેક્ટમાં કંઈક સેવા કરી શકું. હું ખૂબ જ આનંદિત છું કે અમને અહીં આવવાનો અવસર મળ્યો, નહીંતર અમારી આ યાત્રા અધૂરી જ રહી જાત.'

શ્રી સત્યાર્થ શ્રીવાસ્તવે જણાવ્યું હતું 'આ ઐતિહાસિક સીમાચિહ્નરૂપ મંદિરના નિર્માણથી ખરા અર્થમાં વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના ચરિતાર્થ થશે.'

એડવોકેટ શ્રી ખુશ્બૂ અગ્રવાલે જણાવ્યું હતું કે મારા માટે આ યાત્રાની અસાધારણ અને ઉત્તમ વાત એ જ છે કે આ મંદિરની સાઇટ પર રૂબરૂ આવવા મળ્યું!

આમ, દુબઈ ઍક્સ્પો-૨૦૨૦માં પધારેલા આ તમામ મહાનુભાવોએ બી.એ.પી.એસ. હિન્દુ મંદિર સાઇટની મુલાકાત લઈને ધન્યતા અનુભવી હતી. ◆

**અક્ષરવાસ** — **બી.એ.પી.એસ. પરિવારના અક્ષરનિવાસી હરિભક્તને હાર્દિક શ્રદ્ધાંજલિ...**

### ભક્તરાજ શ્રી નવનીતભાઈ ડાહ્યાભાઈ પટેલ, લંડન, ઉં.વ. ૮૬, અક્ષરવાસ તા. ૨૬-૯-૨૦૨૧



ઈંગ્લૅન્ડના સંનિષ્ઠ અને પીઢ ભક્તરાજ શ્રી નવનીતભાઈ પટેલને શ્રી સન ૧૯૫૦માં પૂર્વ આફ્રિકામાં ટરોરોમાં મુક્તરાજ મગનભાઈના યોગથી સત્સંગનો રંગ લાગ્યો હતો. ત્યારબાદ સન ૧૯૬૮માં ઈંગ્લૅન્ડમાં સ્થાયી થયા. પ્રમુખસ્વામી મહારાજની દૃઢ નિષ્ઠા, સેવાભાવના અને સમર્પણ જેવા ગુણો તેઓના જીવનમાં સાહજિક વણાયેલા હતા. શરૂઆતમાં ઇઝલિંગ્ટન અને ત્યારબાદ નિસડન મંદિરમાં વિશેષ સેવા યોગદાન આપ્યું હતું. તેમની અડગ નિષ્ઠા, બુદ્ધિશક્તિ, મહિમા અને કાર્ય કરવાની ધગશથી સ્થાનિક સત્સંગ પ્રવૃત્તિ વેગવંતી બની હતી. તેઓએ પોતાના સુપુત્ર(હાલ પૂજ્ય પ્રેમવદનદાસ સ્વામી અને પૂજ્ય શુકમુનિદાસ સ્વામી)ને અમદાવાદ ખાતે સન ૧૯૮૧માં ઊજવાયેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવમાં સ્વામીશ્રીનાં ચરણે અર્પણ કરીને સ્વામીશ્રીની ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. આ દ્વિશતાબ્દી પર્વે ૨૦૦ યુવાનોને દીક્ષા આપવાનો પ્રમુખસ્વામી મહારાજનો સંકલ્પ હતો તેમાં સમર્પિત થઈ જવા માટે તેઓએ પોતાના ત્રીજા સુપુત્ર શ્રી શશિકાંતભાઈને પણ પ્રેરણા આપી હતી. સાથે સાથે સ્વામીશ્રીને તેઓએ કહ્યું હતું કે હજુ જરૂર હોય તો આપ મને પણ દીક્ષા આપીને આપનો ૨૦૦નો સંકલ્પ પૂર્ણ કરજો. સમગ્ર જીવન દરમ્યાન એક રહેણીકરણી, ધર્મનિયમની દૃઢતા, પવિત્ર જીવન રાખીને ગુણાતીત ગુરુવર્યોની અપાર પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. ગુરુહરિ મહંત સ્વામી મહારાજે પણ આશીર્વાદ આપીને તેઓની સેવાને બિરદાવી હતી. તેઓશ્રીના અક્ષરવાસથી એક નિષ્ઠાવાન સમર્પિત હરિભક્તની ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

# ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તીર્થધામ સારંગપુર, ગઢડા અને બોચાસણ ખાતે દર્શન-મુલાકાતે





ગુજરાત રાજ્યના નવનિયુક્ત મુખ્યમંત્રી માનનીય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તા. ૨૨-૧૦-૨૦૨૧ના રોજ સવારે ૯-૦૦ વાગ્યે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર સારંગપુર ખાતે પધારીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં દર્શન-આશીર્વાદ પ્રાપ્ત કર્યાં હતાં.

સારંગપુર ખાતેના હેલીપેડ પર જ્ઞાનેશ્વરદાસ સ્વામી અને બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પુષ્પહાર અર્પણ કરીને તેઓનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. પ્રથમ તેઓએ પ્રમુખસ્વામી મહારાજના સ્મૃતિસ્થાને દર્શન કરીને તેઓનાં કાર્યો પ્રત્યે ઋણાનુભૂતિ વ્યક્ત કરી હતી. ત્યારબાદ તેઓશ્રી ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં દર્શને પધાર્યા. માનનીય શ્રી ભૂપેન્દ્રભાઈએ પ્રાર્થના કરી હતી કે ''મારા દ્વારા ગુજરાત રાજ્યની સદા ઉમદા સેવા થતી રહે. દેશ અને વિશ્વમાં શાંતિ રહે, હંમેશાં પ્રજાની નિઃસ્વાર્થ ભાવે સેવા કરી શકું. તેમજ સેવાકાર્યમાં ક્યારેય અહંભાવ ન આવે તેવા આશીર્વાદ આપજો.'' સ્વામીશ્રીએ પણ તેઓના સ્વાસ્થ્ય માટે અને યશસ્વી કાર્યો માટે આશીર્વાદ આપ્યા હતા. અંતે મુખ્યમંત્રીશ્રીએ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં ચરણોમાં વંદના કરી તેઓના સ્વાસ્થ્ય માટે શુભેચ્છા પાઠવી હતી. સ્વામીશ્રીએ તેઓને 'સત્સંગદીક્ષા ગ્રંથ' તથા માળા સ્મૃતિભેટ તરીકે અર્પ્યાં હતાં. કક્ષમાંથી બહાર નીકળીને તેઓએ જણાવ્યું હતું કે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ જેવા દિવ્ય પુરુષના આશીર્વાદ પ્રાપ્ત કરીને મને પૂર્ણ સંતોષ થયો છે, આધ્યાત્મિક પ્રગતિ માટે આવા સંતોના આશીર્વાદ અતિ આવશ્યક છે. વિદાય પૂર્વે મુખ્યમંત્રીશ્રીએ મુખ્ય મંદિરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, શ્રી ગોપીનાથજી મહારાજ આદિ ભગવતસ્વરૂપોનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

તા. ૧૭-૧૦-૨૦૨૧ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખશ્રી સી. આર. પાટીલ વગેરે મહાનુભાવો બી.એ.પી.એસ. મંદિર ગઢડાની દર્શન-મુલાકાતે પધાર્યા હતા. મંદિરમાં બિરાજમાન અક્ષરપુરુષોત્તમ મહારાજનાં દર્શન કરીને તેઓ માણકી પર બિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શને પધાર્યા હતા. સાથે સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણના અતિ પ્રાસાદિક જીવાખાચરના દરબારનાં પણ દર્શન કર્યાં હતાં. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ગઢડા દ્વારા ગતિમાન અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓથી તેઓએ આનંદ વ્યક્ત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૭-૧૦-૨૦૨૧ના રોજ મુખ્યમંત્રીશ્રીએ બોચાસણ પધારીને શ્રી અક્ષરપુરુષોતમ મહારાજનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ◆

## પૂજ્ય નારાયણપ્રસાદદાસ સ્વામી, સુરત, ઉં.વ. ૮૦, અક્ષરવાસ તા. ૧૯-૧૦-૨૦૨૧



સુરત મંદિરમાં સેવા આપતા, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વરિષ્ઠ સંત પૂજ્ય નારાયણપ્રસાદદાસ સ્વામીના અક્ષરવાસથી સંસ્થાને એક પીઢ સંતની ખોટ પડી છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના કૃપાપાત્ર ભક્તરાજ શ્રી મગનભાઈ(સારસા, આણંદ)ના તેઓ પૂર્વાશ્રમના સુપુત્ર. ફિઝિયોથેરાપીનો અભ્યાસ કરીને તેઓ યુવાન વયે યોગીજી મહારાજની દિવ્ય પ્રતિભામાં આકર્ષાયા અને તેઓનાં ચરણે જીવન સમર્પિત કરી દીધું. સન ૧૯૬૪માં દીક્ષા ગ્રહણ કરીને તેઓ મુંબઈ ખાતે પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી કલાસાધના કરવા લાગ્યા. રહસ્યવાદી ચિત્રકલાની તેમની એક આગવી શૈલી હતી. તેમણે કરેલાં રહસ્યવાદી આધ્યાત્મિક ચિત્રો દેશ-વિદેશમાં ખૂબ ખ્યાતિ પામ્યાં છે અને તેમને ખૂબ આંતરરાષ્ટ્રીય માન-સન્માન પણ પ્રાપ્ત થયાં છે. તેમને માનદ ડી.લિટ.ની ડિગ્રી પણ પ્રાપ્ત થઈ હતી. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી તેઓએ સન ૧૯૭૨થી દક્ષિણ ગુજરાતમાં આદિવાસી ક્ષેત્રોમાં ગામડે ગામડે વિચરણ કરીને સત્સંગ પ્રસરાવવાની સેવા કરી. આજે દક્ષિણ ગુજરાતમાં આદિવાસી ક્ષેત્રોમાં સત્સંગની હરિયાળી જોઈ શકાય છે એમાં તેઓનું યોગદાન પાયાનું રહ્યું છે. અનેક કષ્ટો વેઠીને તેઓએ આદિવાસી પ્રદેશોમાં સ્વામિનારાયણીય સત્સંગની સુવાસ ફેલાવી, તેનો પ્રભાવ આજે પણ જોઈ શકાય છે. તેમના એ પુરુષાર્થને સાર્થક કરતાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પણ દક્ષિણ ગુજરાતના આદિવાસી પ્રદેશોમાં અવિરત અને અપાર વિચરણ કરીને દક્ષિણ ગુજરાતના આદિવાસી ભક્તો પર ખૂબ સ્નેહવર્ષા વરસાવી હતી. સમગ્ર જીવન દરમ્યાન તેઓએ સેવા-ભક્તિ દ્વારા ગુણાતીત ગુરુવર્યોની અપાર પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ તથા મહંત સ્વામી મહારાજના કૃપાપાત્ર સેવાભાવી, સરળ પ્રકૃતિ અને સત્પુરુષને રાજી કરવાની તમન્નાવાળા એક ગુણિયલ સાધુ ધામમાં જવાથી દક્ષિણ ગુજરાતના સત્સંગ સમાજને અને સંસ્થાને અપૂરણીય ખોટ પડી છે. તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ.

## ભક્તરાજ શ્રી વિનોદભાઈ હરમાનભાઈ પટેલ, લંડન, ઉં.વ. ૮૩, અક્ષરવાસ તા. ૨૬-૯-૨૦૨૧



આફ્રિકા ખંડમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી સ્વામિનારાયણીય સત્સંગની જ્યોત જગાવનાર ભક્તરાજ શ્રી હરમાનભાઈના સુપુત્ર શ્રી વિનોદભાઈ પટેલ, આફ્રિકા અને યુ.કે.-યુરોપના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગના એક સ્તંભ સમાન ભક્તરાજ હતા. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે તેઓને વર્તમાન ધરાવ્યા ત્યારથી પિતાશ્રીની જેમ વિનોદભાઈમાં પણ સત્સંગનિષ્ઠા લોહીમાં વણાઈ ગઈ હતી. તેઓએ વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત સન ૧૯૫૭માં બાર્ક્લેઝ બેંકથી કરી હતી. પછી સન ૧૯૫૮માં તેઓ ઈસ્ટ આફ્રિકન ઍરવેઝમાં જોડાઈને ઉચ્ચ હોદ્દા પર પહોંચ્યા હતા. સન ૧૯૮૯થી ૨૦૦૨ સુધી તેમણે સફળતાપૂર્વક પોતાનો સ્વતંત્ર ટ્રાવેલ્સ બિઝનેસ કર્યો હતો. પોતાની વિમાની સેવાના કાર્યકાળ દરમિયાન બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા સંતોના દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડના વિચરણનું આયોજન અને અન્ય વ્યવસ્થા વિનોદભાઈ ઉત્સાહપૂર્વક ઉપાડી લેતા હતા. સન ૧૯૭૦માં લંડનમાં સ્થાયી થયા બાદ લંડન અને સમગ્ર યુ.કે.માં બી.એ.પી.એસ.ની સત્સંગ પ્રવૃત્તિને આગળ ધપાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. પ્રમુખસ્વામી મહારાજે સન ૧૯૭૪માં યુ.કે. ખાતે બી.એ.પી.એસ. સંસ્થાના જનરલ સેક્રેટરી તરીકે નિમણૂક કરી હતી. ત્યારબાદ નિસડનમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ થતાં ટ્રસ્ટી તરીકેની સેવા પણ સુચારુ રીતે નિભાવી હતી. આમ, સન ૧૯૭૪ થી ૨૦૧૭ સુધી તેઓ લંડન સત્સંગમંડળમાં અગ્રણી ટ્રસ્ટી રહ્યા હતા.

વિનોદભાઈને નિસડનમાં દર્શનાર્થે પધારતા વિવિધ ક્ષેત્રના મહાનુભાવોનું સ્વાગત કરવાનો અમૂલ્ય લાભ મળ્યો હતો. તેઓ ઉચ્ચ કોટીના વક્તા હોવાથી ઘણા પ્રસંગોએ સભામાં પ્રવક્તાની ભૂમિકા પણ નિભાવી હતી. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા વિદેશમાં ઊજવાયેલા વિવિધ મહોત્સવોમાં ઉત્તમ કોટિની વ્યવસ્થા અને આયોજન કરીને સન્માનપૂર્વક તેને પૂરાં પાડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેઓની અનેકવિધ નિઃસ્વાર્થ સેવા, સમર્પણથી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનો અંતરનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.



રોબિન્સવિલ ખાતે સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરમાં વિશાળ બ્રહ્મકુંડ, તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણીની મૂર્તિ સાથે દસ દેરીઓ, નીલકંઠની વિશેષતાઓ વર્ણવતા શિલાલેખો, નીલકંઠ-યાત્રાનો પથ સૂચવતો વિશાળ નકશો વગેરેનાં મનોરમ્ય દૃશ્ય વચ્ચે જયજયકાર સાથે શ્રી નીલકંઠ વર્ણીને વધાવતો ભક્ત સમુદાય...



Swaminarayan Prakash Gujarati, November-2021, Published on 1-11-2021. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.





રોબિન્સવિલ ખાતે સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરમાં તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણીની વેદોક્ત સ્થાપના વેળાએ
કેસરજળ અને પુષ્પ-પાંખડીઓથી મહાઅભિષેક થયો ત્યારે સૌનાં હૈયાં એ દર્શનથી ધન્ય થઈ ઊઠ્યાં...



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas